# પાક્કો ગુજરાત

RNI:- GUJGUJ/2016/67425

Date:- 25-09-2026 | VOL : 12 | Issue : 190 | Page : 8 | Price : 1.00/-

ગુજરાતનુ વિશ્વનીય દૈનિક

Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN Contact :- MO : 9662420070 E-Mail : pakkogujarat7@gmail.com | ઓફિસ: C-8 રીચી હાઉસ, સ્વામિનારાયણ મંદિરની સામે, મણિનગર, અમદાવાદ, ગુજરાત-380008


**સુવિચાર**

જે મળ્યું છે તેની કદર કરો, જે નથી મળ્યું તેની ફરિયાદ નહીં.


3 
ડીજીપી મલિકે 'વી સેલ્યુટ અવર મેન્ટોર્સ' કાર્યક્રમમાં કરી પૂર્વ અધિકારીઓની વંદના

4 
ઈસ્લામાબાદમાં ઈમરાન સમર્થકોની કૂચ રોકવા માટે 2,000 કન્ટેનર મૂકાયા...

6 
સારા અલી ખાનની ફિલ્મ ઉડતા તીરનું ધમાકેદાર ટ્રેલર રિલીઝ

7 
શુભમન ગિલ નસીબદાર છે કે તેને રોહિત-વિરાટનો સાથ મળ્યો


## રાહુલ ગાંધીનો PM, ગૃહમંત્રી અને CEC જ્ઞાનેશ કુમાર પર આરોપ

# મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશે મતચોરી કરી: રાહુલ

## મેં જ્ઞાનેશની નિમણૂકનો વિરોધ કર્યો હતો, સરકારે તેમને કાયદાથી ઉપર રાખ્યા: રાહુલ ગાંધી

નવી દિલ્હી

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ દિલ્હીમાં પ્રેસ કોન્ફરન્સ યોજી. તેમણે કેન્દ્ર સરકાર, ભાજપ અને ચૂંટણી પંચ પર આકરા પ્રહારો કર્યા. રાહુલે CEC જ્ઞાનેશ કુમારની નિમણૂક, પંચની કાર્યપ્રણાલી અને મતદાર યાદી સુધારણામાં અનિયમિતતા સામે સવાલો ઉઠાવ્યા. તેમણે દાવો કર્યો કે, દેશમાં મતાધિકારને નષ્ટ કરીને બંધારણીય સંસ્થાઓ ખતમ થઈ રહી છે. 2024ની લોકસભા ચૂંટણી અને વિધાનસભા ચૂંટણી ફેક હતી. રાહુલ ગાંધીએ ચૂંટણી પંચ, SIR અને મતદાર યાદી સાથે જોડાયેલા વિવાદો પર ગુરુવારે 55 મિનિટ સુધી પ્રેસ કોન્ફરન્સ કરી. તેમણે મત ચોરીના મામલે મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારને દેશદ્રોહી કહ્યા.

રાહુલે કહ્યું, જ્ઞાનેશે મત ચોરી કરી છે. મેં તેમની નિમણૂકનો વિરોધ કર્યો હતો, પરંતુ સરકારે તેમને કાયદાથી ઉપર કરી દીધા. રાહુલે કહ્યું, 'ભારતમાં દરેક સરકાર વિરુદ્ધ એન્ટી-ઈન્કમ્બન્સી હોય છે, બાંગ્લાદેશ યુદ્ધ જીત્યા બાદ પણ ઈન્દિરા ગાંધી હારી ગયાં હતાં, તો પછી ભાજપ સાથે આવું કેમ ન થયું. તેનું કારણ જ્ઞાનેશ કુમાર છે. લોકસભા અને વિધાનસભા ચૂંટણીમાં ગેરરીતિ કરી. જેના કારણે મોદી-શાહ વિરુદ્ધ એન્ટી-ઈન્કમ્બન્સી આવી નહીં.' રાહુલે 2025માં SIR પર ત્રણ પ્રેસ કોન્ફરન્સ કરી હતી. ત્યારે તેમણે ચૂંટણી



પંચ પર મત ચોરીનો આરોપ લગાવ્યો હતો. તેમણે પંચને સરકારની 'B ટીમ' પણ કહ્યું હતું. 1977માં ઈન્દિરા ગાંધી વડાપ્રધાન હતાં. દરેક વ્યક્તિ જાણતી હતી, ખુદ તેમને પણ ખબર હતી કે તેઓ હારી જશે. તમને અનુભવ થઈ જાય છે કે તમે હારી જશો. તમારી લાગણી એક વખત ખોટી હોઈ શકે, બે વખત ખોટી ન હોઈ શકે. બે-ત્રણ ચૂંટણી એવી હતી જ્યારે અમે ટેકનિકલી જોઈ રહ્યા હતા. ધીમે-ધીમે શંકા વધવા લાગી. પછી અમે તેના પર કામ કરવાનું શરૂ કર્યું.

## એક નજર...

### મૌની રોયનો કિલર અવતાર, બ્લેક ટ્રાન્સપરન્ટ સાડીમાં આપ્યા હોટ પોઝ



ટીવીની દુનિયાથી બોલિવૂડ સુધીની સફર કરનાર હૉટ એન્ડ બ્યુટીફુલ એક્ટ્રેસ મૌની રોય ફરી એકવાર પોતાના બોલ્ડ અંદાજને કારણે ચર્ચામાં આવી છે. તસવીરોમાં અભિનેત્રી મૌની રોય બ્લેક કલરની ટ્રાન્સપરન્ટ ઓર્ગેન્ઝા સાડીમાં અત્યંત ગ્લેમરસ અને બોલ્ડ અંદાજમાં નજરે પડી રહી છે. એક્ટ્રેસ મૌની રોય પોતાના દરેક લુકથી ફેન્સને દિવાના બનાવે છે.

## NEWS TRACK

### ઈસ્લામાબાદમાં ઈમરાન સમર્થકોની કૂચ રોકવા માટે 2,000 કન્ટેનર મૂકાયા: હાઈવે બંધ

પાકિસ્તાનના પૂર્વ વડાપ્રધાન ઈમરાન ખાન લગભગ 3 વર્ષથી જેલમાં બંધ છે. તેમની મુક્તિ માટે PTIએ 27 સપ્ટેમ્બરે દેશભરમાં માર્ચનું એલાન કર્યું છે. આ પહેલાં ઈસ્લામાબાદમાં વહીવટીતંત્રે કડકાઈ વધારી દીધી છે. હાઈવે બંધ કરવામાં આવી રહ્યા છે. લગભગ 2 હજાર કન્ટેનરો રસ્તાઓ પર મૂકવામાં આવ્યા છે. પંજાબ અને સિંધમાંથી 20 હજારથી વધુ પોલીસકર્મીઓને બોલાવવામાં આવ્યા છે. સરકારે રેલીઓ, સરઘસો અને જાહેર સભાઓ પર 2 મહિના માટે પ્રતિબંધ મૂકી દીધો છે. બીજી તરફ PTIએ પણ રસ્તામાં મૂકવામાં આવનારા કન્ટેનરોને હટાવવાની તૈયારી શરૂ કરી દીધી છે. ડોનના અહેવાલ મુજબ પાર્ટીના કાર્યકરો અને સમર્થકો બુલડોઝર અને ક્રેન જેવા ભારે વાહનો એકત્ર કરી રહ્યા છે. તેમને ઈસ્લામાબાદ લઈ જવાની તૈયારી છે. ઈસ્લામાબાદમાં કલમ 144 લાગુ કરવામાં આવી છે. તેના હેઠળ 5 કે તેથી વધુ લોકોના એક જગ્યાએ એકઠા થવા પર પ્રતિબંધ છે. રેલી, સરઘસ અને પ્રદર્શન પણ યોજી શકાશે નહીં.

### શી જિનપિંગ 11 વર્ષે અમેરિકા પહોંચ્યા, ટ્રમ્પ રિસીવ કરવા ગયા રાત્રે વ્હાઈટ હાઉસમાં સ્ટેટ ડિનર

ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ ગુરુવારે અમેરિકા પહોંચી ગયા છે. તેઓ 11 વર્ષ બાદ ત્યાં ગયા છે. અમેરિકી રાષ્ટ્રપતિ ટ્રમ્પે પ્રોટોકોલ તોડીને પોતે જૉઈન્ટ બેઝ એન્ડ્ર્યૂઝ એરપોર્ટ પર તેમનું સ્વાગત કર્યું. ટ્રમ્પ સાથે ફર્સ્ટ લેડી મેલાનિયા ટ્રમ્પ પણ હાજર હતાં. જ્યારે, શી સાથે તેમની પત્ની પેંગ લિયુઆન પણ હાજર રહ્યાં. કોઈ વિદેશી નેતાના સ્વાગત માટે અમેરિકી રાષ્ટ્રપતિનું સીધા એરપોર્ટ પર જવું સામાન્ય નથી. આજે રાત્રે વ્હાઈટ હાઉસમાં શી જિનપિંગ અને તેમની પત્ની પેંગ લિયુઆનના સન્માનમાં રાજકીય ભોજનનું આયોજન કરવામાં આવશે. ત્યારબાદ ટ્રમ્પ-જિનપિંગ વચ્ચે દ્વિપક્ષીય વાતચીત થશે. તેમાં વેપાર, ટેરિફ, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI), તાઈવાન અને રશિયા સાથે જોડાયેલા મુદ્દાઓ સામેલ થઈ શકે છે. અમેરિકા અને ચીન વચ્ચેનો સૌથી મોટો મુદ્દો વેપાર અને ટેરિફ છે. ગયા વર્ષે ટ્રમ્પના ટેરિફના જવાબમાં ચીને પણ અમેરિકન માલસામાન પર મોટા કર લાદ્યા હતા. હવે બંને દેશો એકબીજાના માલસામાન પર લાગેલા કર ઘટાડવાનો પ્રયાસ કરી રહ્યા છે.

## યમુના એક્સપ્રેસવે પર સ્લીપર બસ બની આગનો ગોળો: 9 લોકોના મોત

નોઈડા

ઉત્તર પ્રદેશના ગ્રેટર નોઈડામાંથી એક અત્યંત દર્દનાક અકસ્માતના સમાચાર સામે આવ્યા છે. યમુના એક્સપ્રેસવે પર દોડતી એક સ્લીપર બસમાં અચાનક ભીષણ આગ ભભૂકી ઊઠતાં ક્ષણભરમાં અફરાતફરી મચી ગઈ હતી.

આ ભયાનક દુર્ઘટનામાં 9 મુસાફરોના મોત નીપજ્યા છે, જ્યારે કેટલાક મુસાફરોએ ચાલુ બસમાંથી નીચે કૂદીને પોતાનો જીવ બચાવ્યો હતો. આ બસમાં આશરે 40થી 50 જેટલા મુસાફરો સવાર હતા. આ ભયાનક ઘટના યમુના એક્સપ્રેસવેના ઝીરો પોઈન્ટથી આશરે 32 કિલોમીટર આગળ બની હતી, જે વિસ્તાર જેવર પોલીસ સ્ટેશન હેઠળ આવે છે. જોઈન્ટ સીપી રાજીવ નારાયણ મિશ્રાએ જણાવ્યું હતું કે, બસમાં આગ લાગતાં જ મુસાફરોમાં ભારે નાસભાગ મચી હતી. લોકો પોતાનો જીવ બચાવવા માટે બસમાંથી બહાર કૂદવા લાગ્યા હતા. જોતજોતામાં આગની જ્વાળાઓએ આખી બસને પોતાની ઝપેટમાં લીધી અને 9 લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો છે.

આગની માહિતી મળતાં જ ફાયર બ્રિગેડની ટીમ તુરંત ઘટનાસ્થળે પહોંચી હતી અને આગ પર કાબૂ મેળવવાની કામગીરી શરૂ કરી હતી. ભારે જહેમત બાદ ફાયર વિભાગે આગ પર કાબૂ મેળવી લીધો હતો, પરંતુ બસને સંપૂર્ણપણે ઠંડી કરવા માટે કુલડાઉન કરવાની પ્રક્રિયા ચાલુ રાખવામાં આવી છે.

## ઓક્ટોબરમાં આવશે 100% ઈથેનોલથી ચાલતી કાર: ગડકરીની મોટી જાહેરાત

નવી દિલ્હી

કેન્દ્રીય રોડ અને હાઈવે મંત્રી નીતિન ગડકરીએ જણાવ્યું છે કે તેમને 100 ટકા ઈથેનોલ પર ચાલવા સક્ષમ ટોયોટા ઈનોવા કારના લોન્ચિંગ માટે આમંત્રણ મળ્યું છે, જે આગામી ઓક્ટોબર મહિનામાં લોન્ચ થવા જઈ રહી છે. E20 પેટ્રોલને લઈને ચાલી રહેલી ચર્ચાઓ વચ્ચે તેમણે ઈથેનોલ અને ફ્લેક્સ-ફ્યુઅલ વાહનોના સમર્થનની વાત ફરી કરી હતી. ઈથેનોલના ઉપયોગથી સસ્તું ઈંધણ અને ખેડૂતોને ફાયદો દિલ્હીમાં યોજાયેલા એક કાર્યક્રમમાં બોલતા નીતિન ગડકરીએ જણાવ્યું હતું કે હાલ વિશ્વના 19 દેશોમાં ઈથેનોલનો ઉપયોગ થઈ રહ્યો છે અને હવે આ ઈંધણ વાપરતા વાહનો તરફથી કોઈ ફરિયાદો પણ મળી રહી નથી. ટોયોટાનું આ નવું વાહન 100 ટકા ઈથેનોલ પર ચાલશે અને તેમાં ઈલેક્ટ્રિફાઈડ પાવરટ્રેનનો ઉપયોગ કરવામાં આવશે. રિપોર્ટ અનુસાર, આ વાહનને ચલાવવાનો ખર્ચ આશરે રૂ. 25 પ્રતિ લીટર પેટ્રોલની કિંમત જેટલો જ બેસી શકે છે. ટોયોટાનું ઈલેક્ટ્રિફાઈડ ફ્લેક્સ-ફ્યુઅલ પ્રોટોટાઈપ.



ટોયોટાએ તેની ભારતીય વેબસાઈટ પર ઓક્ટોબરના કોમર્શિયલ લોન્ચ અંગે અલગથી કોઈ જાહેરાત કરી નથી, પરંતુ ઓટોમેકર કંપની છેલ્લા કેટલાક વર્ષોથી આ ટેકનોલોજી પર કામ કરી રહી છે. અગાઉ ઓગસ્ટ 2023માં ટોયોટા કિર્લોસ્કર મોટરે દિલ્હીમાં ઈનોવા હાઈક્રોસ પર આધારિત ઈલેક્ટ્રિફાઈડ ફ્લેક્સ-ફ્યુઅલ પ્રોટોટાઈપ રજૂ કર્યો હતો.

## 8 ઈમેઈલ છતાં 97 નાગરિકોના મત કેમ છીનવાયા? ચૂંટણી પંચ સામે વિપક્ષ આક્રમક

ગોવામાં 'સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન' (SIR) પ્રક્રિયા દરમિયાન અંતિમ મતદાર યાદીમાંથી 97 જેટલા મતદારોના નામ ગાયબ હોવાની ચોંકાવનારી વિગતો સામે આવી છે. ખાસ વાત એ છે કે સ્થાનિક ઈલેક્ટોરલ રજિસ્ટ્રેશન ઑફિસર્સ(EROs) દ્વારા ચકાસણી કરીને આ તમામ મતદારોને યોગ્ય અને લાયક જાહેર કરવામાં આવ્યા હતા, તેમ છતાં આખરી યાદીમાં તેમના નામનો સમાવેશ થયો ન હતો. આ ગરબડ પાછળ ECINet સિસ્ટમનું સેન્ટ્રલાઈઝ્ડ હોવાનું મુખ્ય કારણ હોવાનું સામે આવ્યું છે, જેના પર અગાઉ ચૂંટણી કમિશનરો સુખબીર સિંહ સંધુ અને વિવેક જોષીએ પણ વાંધો ઉઠાવ્યો હતો. આ મામલાની વિગતવાર વાત કરીએ તો, 17 ફેબ્રુઆરી 2026ના રોજ ગોવામાં SIR અંતર્ગત આખરી યાદી બહાર આવવાની હતી, તેના ચાર દિવસ પહેલાં રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારી (CEO) સંજય ગોયલે દિલ્હી સ્થિત ચૂંટણી પંચને ઈમેઈલ લખ્યો હતો. આ અગાઉ તેઓ આવા સાત ઈમેઈલ મોકલી ચૂક્યા હતા.

# દીપકે મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારને કહ્યા દેશના "સૌથી મોટા ગદ્દાર", 48 કલાકમાં રાજીનામાની ઉગ્ર માંગ!

## ચૂંટણી પંચ અને એસઆઈઆર વિવાદ પર 'કોકરોચ જનતા પાર્ટી' (CJP)નો ઘાતક પ્રહાર

નવી દિલ્હી

નવી દિલ્હીમાં ચૂંટણી પંચની કાર્યપ્રણાલી અને મતદાર યાદીના વિશેષ સઘન પુનરીક્ષણ (SIR) ને લઈને મચેલા રાજકીય ઘમાસાણ વચ્ચે હવે માહોલ વધુ ગરમાયો છે. 'કોકરોચ જનતા પાર્ટી' (CJP) ના સંસ્થાપક અભિજીત દીપકે ગુરુવારે નવી દિલ્હીમાં એક અત્યંત આક્રમક પ્રેસ કોન્ફરન્સ યોજીને મુખ્ય ચૂંટણી કમિશનર (CEC) જ્ઞાનેશ કુમાર પર અત્યંત તીખા અને પ્રહારક વાર કર્યા છે. દીપકે મુખ્ય ચૂંટણી કમિશનરને સીધા શબ્દોમાં દેશના 'સૌથી મોટા ગદ્દાર' અને ભારતીય લોકશાહી માટે સૌથી મોટો ખતરો ગણાવ્યા છે.

### એસઆઈઆર (SIR) અને મતદાર યાદીમાંથી નામ હટાવાતા ઉઠ્યા ગંભીર સવાલો

પ્રેસ કોન્ફરન્સ દરમિયાન અભિજીત દીપકે આક્ષેપ કર્યો કે ચૂંટણી પંચના શંકાસ્પદ કામકાજને કારણે દેશની પવિત્ર લોકશાહી વ્યવસ્થાની ધજ્જ ઉડી ગઈ છે. તેમણે મોટો દાવો કરતા કહ્યું કે એસઆઈઆર (SIR) પ્રક્રિયા હેઠળ દેશભરમાંથી ૧૩ કરોડથી વધુ મતદારોના નામ મતદાર યાદીમાંથી રફૂચક્કર કરી દેવામાં આવ્યા છે, જે કુલ મતદારોના



આશરે ૧૩ થી ૧૪ ટકા જેટલો હિસ્સો છે.

દીપકે સવાલ ઉઠાવ્યો કે વર્ષ ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં સત્તા પક્ષ (NDA) અને વિપક્ષ વચ્ચે મતગણતરી કે ફેરફારનું અંતર માત્ર ૨ ટકા જેટલું જ હતું, તો પછી આટલા મોટા પ્રમાણમાં મતદારોના નામ કાપી નાખવા એ શું કોઈ પૂર્વઆયોજિત અને સુનિયોજિત રાજકીય રણનીતિનો હિસ્સો નથી? તેમણે કટાક્ષ કરતા જણાવ્યું કે મુખ્ય ચૂંટણી કમિશનર નિષ્ અને પારદર્શક ચૂંટણી કરાવવાના બદલે શાસકોના ઈશારે ચૂંટણીઓની આગોતરી પટકથા લખી રહ્યા છે.

### વિપક્ષી દિગ્ગજો અને તેમના મતવિસ્તારોને ટાર્ગેટ કરવાનો ગંભીર આરોપ

સીજેપી (CJP) સંસ્થાપકે આક્ષેપ કર્યો છે કે ચૂંટણી પંચની આડમાં રાજકીય વિરોધીઓને ચૂપ કરવા અને તેમને રાજકીય રીતે ખતમ કરવાના ખેલ ચાલી રહ્યા છે. તેમણે ઉદાહરણ આપતા દાવો કર્યો કે પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેન, તમિલનાડુના મુખ્યમંત્રી એમ.કે. સ્ટાલિન, દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ અને કેરળના અગ્રણી નેતાઓના મતવિસ્તારોમાં ખાસ સાવચેતી રાખીને હજારોની સંખ્યામાં મતદારોના નામ ગાયબ કરી દેવામાં આવ્યા છે, જેથી ચૂંટણીના પરિણામોને મનફાવે તેમ પ્રભાવિત કરી શકાય.

### 48 કલાકનું અલ્ટીમેટમ અને દેશવ્યાપી ઉગ્ર આંદોલનની ચીમકી

છેલ્લા તેવર સાથે કડક શબ્દોમાં ચેતવણી આપતા અભિજીત દીપકે એલાન કર્યું કે જો મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર આગામી ૪૮ કલાકની અંદર પોતાના પદ પરથી રાજીનામું નહીં આપે, તો કોકરોચ જનતા પાર્ટી (CJP) સમગ્ર દેશમાં એક ઉગ્ર અને રાષ્ટ્રવ્યાપી આંદોલન છેડશે. તેમણે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે જ્યાં સુધી સીઈસી (CEC) પદ પરથી રાજીનામું નહીં આપે, ત્યાં સુધી આ લડાઈ અટકશે નહીં.

ચૂંટણી પંચની અંદર ચાલી રહેલી આંતરિક કલેશ અને અન્ય ચૂંટણી કમિશનરો દ્વારા લેવાયેલા નિર્ણયો સામે સત્તાવાર આપત્તિઓ નોંધાવવાના મીડિયા અહેવાલો સામે આવ્યા બાદ, CJP ના આ આક્રમક તેવરે રાષ્ટ્રીય રાજકારણમાં ભૂકંપ સર્જી દીધો છે. પાક્કો ગુજરાત ન્યૂઝ પેપર આ મોટા રાજકીય ઘટનાક્રમ પર સતત નજર રાખી રહ્યું છે.


ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો 9662420070

# સુરતના પલસાણા CETPનું મહા-પાપ

## નિયમોની એસી-તેસી કરીને વગર ટ્રીટમેન્ટે ઝેરી કેમિકલ સીધું મીંઢોળા નદીમાં ઠાલવવામાં આવે છે, સુરતની જીવાદોરીને જાણી જોઈને 'મોતનો નાળો' બનાવી રહ્યા છે ભ્રષ્ટ કારખાનેદારો!

સુરત

સુરતના ઓદ્યોગિક પંથકમાંથી એક એવો સનસનીખેજ અને પર્યાવરણને હચમચાવી નાખનારો મામલો સામે આવ્યો છે, જે માનવતા અને પ્રકૃતિના મોઢા પર એક કરારો તમાચો છે. સુરતના પોશ અને ઈન્ડસ્ટ્રીયલ હબ ગણાતા પલસાણા વિસ્તારમાં આવેલા કોમન એફ્લુઅન્ટ ટ્રીટમેન્ટ પ્લાન્ટ (CETP)ના નામે પ્રજાની આંખોમાં ધૂળ ઝાંકવાનો ઘિનૌનો ખેલ બેફામ ચાલી રહ્યો છે. અહીં નિયમો, કાયદાઓ અને પર્યાવરણ સુરક્ષાના ધોરણોને કોરાણે મૂકીને, વગર ટ્રીટમેન્ટે કે સાવ નામમાત્ર પ્રક્રિયા કરીને કારખાનાઓનું ઝેરી અને અત્યંત દૂષિત કેમિકલયુક્ત પાણી ધડાધડ ખુલ્લા નાળાઓમાં વહેવડાવવામાં આવી રહ્યું છે. સૌથી ડરામણી અને ખતરનાક વાસ્તવિકતા એ છે કે આ ઝેરી નાળો આગળ જઈને સીધો જ 'મીંઢોળા નદી' (Mindhola River)માં ભળે છે, જેનાથી




સ્પષ્ટ સાબિત થાય છે કે નદીને ઝેરના મુખમાં ધકેલવાનો આ ગંદો ખેલ આ જ CETPથી શરૂ થાય છે.

ફેક્ટરીઓ અને ડાઈંગ યુનિટ્સમાંથી નીકળતા ખતરનાક રંગો, એસિડ અને કેમિકલથી ભરેલા કચરાને વગર કોઈ યોગ્ય માપદંડે આમ ખુલ્લેઆમ જળસ્રોતોમાં ભેળવી દેવો એ પ્રકૃતિ સામેનો સીધો ગુનો છે. આ ઝેરી પાણીના કારણે મીંઢોળા નદીનું પાણી પોતાનું કુદરતી સ્વરૂપ ગુમાવી ચૂક્યું છે અને હવે તે દુર્ગંધયુક્ત કાળા ઝેરના સમુદ્રમાં ફેરવાઈ ગયું છે.

ભૂગર્ભ જળની તબાહી: આ ગંદા પાણીના ઝાવથી આસપાસના ગામોના બોરવેલ અને જમીન નીચેનું પાણી (Underground Water) સંપૂર્ણપણે દૂષિત થઈ ચૂક્યું છે, જે પીવાથી લોકો ગંભીર બીમારીઓની ચપેટમાં આવી રહ્યા છે. ખેતી અને પર્યાવરણનો નાશ: નદીના પાણીથી સિંચાઈ થવાના કારણે ફળદ્રુપ જમીનો બંજર બનતી જાય છે, અને ખેતરોમાં ઉગતી પાક-પેદાશો પણ ઝેરી બની રહી છે.

બેજુબાનોની મોત: પાણીમાં ભળતા આ ભયાનક કેમિકલના કારણે મીંઢોળા નદીના જલીય જીવો (માછલીઓ અને અન્ય જીવો) તલપ તલપ કરીને દમ તોડી રહ્યા છે, અને પાણી પીનારા મૂંગા પશુઓ મોતના આશમાં ધકેલાઈ રહ્યા છે.

પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ અને CETP સંચાલકોની મિલીભગતથી ચાલે છે આ !

સવાલ એ થાય છે કે શું ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (GPCB) અને સ્થાનિક વહીવટી તંત્રને આ ખુલ્લેઆમ ચાલતા પર્યાવરણીય આતંકવાદની ખબર નથી? શું કરોડો રૂપિયાના ખર્ચે બનેલા આ CETP પ્લાન્ટોનું કામ માત્ર કાગળો પર ખાતરી કરાવવી અને નિયમોની આડમાં ઉદ્યોગોને છૂટો દોર આપવાનો જ રહી ગયો છે? અધિકારીઓ અને મિલ માલિકોની મિલીભગત વગર આટલો મોટો ઝેરી ખેલ ચાલવો અશક્ય છે.

પાક્કો ગુજરાત ન્યૂઝ પેપરની હુંકાર

પ્રકૃતિ સાથે ચેડાં કરનારા આ સોદામાગો અને પલસાણા CETPના જવાબદાર ભ્રષ્ટ સંચાલકો સામે જો તાત્કાલિક ધોરણે કડક ફોજદારી કલમો હેઠળ કાર્યવાહી નહીં કરવામાં આવે, તો આવનારી પેઢીઓ આપણને ક્યારેય માફ નહીં કરે. પાક્કો ગુજરાત ન્યૂઝ પેપર માંગ કરે છે કે આ સમગ્ર મહા-ઘોટાલાની ઉચ્ચસ્તરીય તપાસ થાય અને દોષિતોને સળિયા પાછળ ધકેલવામાં આવે જેથી આપણી જીવાદોરી સમાન નદીઓને બચાવી શકાય!

## સુરતમાં ટેક્સટાઇલ માર્કેટો પર પાલિકાનો સપાટો : રાજ અને સાલાસર માર્કેટમાં ગેરકાયદે બાંધકામો તોડી પડાયા

સુરત

સુરત મહાનગરપાલિકાના સાઉથ ઈસ્ટ (લીંબાયત) ઝોન વિસ્તારમાં બિનઅધિકૃત બાંધકામો અને જાહેર માર્ગો પરના દબાણો સામે તંત્ર દ્વારા લાલ આંખ કરવામાં આવી છે. તારીખ 24/09/2026 ના રોજ પાલિકાના ડિમોલિશન સેલ દ્વારા ટી.પી. સ્કીમ નંબર 19 (પરવટ-મગોબ) વિસ્તારમાં આવેલી કાપડ બજારોમાં મંજૂર પ્લાન વિરુદ્ધ થયેલા બાંધકામો સામે કડક કાનૂની પગલાં લેવામાં આવ્યા હતા. વિસ્તારની વિગતો મુજબ, ફાઈનલ પ્લોટ નંબર 69 માં આવેલી રાજ ટેક્ષટાઈલ માર્કેટમાં મિલકતદારો અને વહીવટકર્તાઓ દ્વારા મંજૂર પ્લાન સિવાય પેસેજ કવર કરીને ગેરકાયદે બાંધકામ ખડકી દેવામાં આવ્યું હતું. આ અનધિકૃત બાંધકામ દૂર કરવા માટે પાલિકા દ્વારા તારીખ 29/05/2026 અને તારીખ 10/06/2026 ના રોજ નોટિસો ફટકારવામાં આવી હતી. નોટિસ છતાં કોઈ સંતોષકારક પગલાં ન લેવાતા, તંત્ર દ્વારા સપાટો બોલાવી બીજા માળે કવર કરવામાં આવેલો આશરે 800.00 ચોરસ ફૂટ જેટલો પેસેજ તોડી પાડીને ખુલ્લો કરવામાં આવ્યો હતો. આ સાથે નિયમભંગ બદલ રૂપિયા 60,000/- નો વહીવટી ચાર્જ પણ વસૂલ કરવામાં આવ્યો હતો.

## નવસારીમાં ગણેશ વિસર્જન માટે વહીવટી અને પોલીસ તંત્ર સજ્જ:પૂર્ણા નદીના ઓવારે 6,000થી વધુ પ્રતિમાઓ પધરાવાશે

નવસારી

નવસારી જિલ્લામાં ગણેશ ઉત્સવના અંતિમ દિવસે શાંતિપૂર્ણ અને સુરક્ષિત માહોલમાં ગણેશ વિસર્જનની ઉજવણી માટે વહીવટી અને પોલીસ તંત્ર સજ્જ બન્યું છે. પૂર્ણા નદીના કાંઠે 6000 થી વધુ પ્રતિમાઓનું વિસર્જન થશે, જ્યારે કાયદો અને વ્યવસ્થા જાળવવા 1900 થી વધુ પોલીસકર્મીઓનો બંદોબસ્ત ગોઠવાયો છે. કુદરતી પ્રવાહ સાથે તાલમેલ બેસાડીને ભરતીના સમયે વિસર્જન પ્રક્રિયા પૂર્ણ કરવા અને પર્યાવરણની સુરક્ષા માટે ખાસ કૃત્રિમ તળાવ સહિતના વિશેષ આયોજનો કરવામાં આવ્યા છે. નવસારી શહેરમાં પૂર્ણા નદીના ઓવારા ઉપરાંત દાંડી દરિયા કિનારે, જલાલપોર નદી કિનારે અને માછીવાડ દરિયા કિનારે પણ ગણેશ પ્રતિમાઓનું વિસર્જન કરવામાં આવશે. આવતીકાલે પૂર્ણા નદીના ઓવારે નાની-મોટી મળીને કુલ 6000 જેટલી ગણેશ પ્રતિમાઓ વિસર્જન માટે લાવવામાં આવશે. દાંડી દરિયા કિનારે 110 થી વધુ નાની-મોટી પ્રતિમાઓ વિસર્જિત થશે, જ્યાં 250 જેટલા સ્વયંસેવકો અને પોલીસ જવાનો બંદોબસ્તમાં રહેશે. વેરાવળ વિસ્તારના 150 થી વધુ સ્વયંસેવકો પણ વિસર્જન પ્રક્રિયામાં સક્રિયપણે જોડાશે. પર્યાવરણની જાળવણી માટે પ્લાસ્ટર ઓફ પેરિસ (POP) ની મૂર્તિઓના વિસર્જન માટે મહાનગરપાલિકાએ પૂર્ણા નદીના ફુવારા ઉપર ખાસ કૃત્રિમ તળાવ બનાવ્યું છે. ચાલુ વર્ષે પૂર્ણા નદીમાં પાણીની આવક ઓછી હોવાથી વિસર્જનમાં મુશ્કેલી ન થાય તે માટે કુદરતી પ્રવાહ સાથે તાલમેલ બેસાડવો જરૂરી બન્યો છે.

### 29 જૂના કાયદા સમેટી 4 નવા લેબર કોડ

## નાના ગુનાઓમાં ફોજદારી જોગવાઈઓ દૂર થશે

ગાંધીનગર

ગાંધીનગર ખાતે શ્રમ અને રોજગાર વિભાગ દ્વારા નવા શ્રમ કાયદા અંગે જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. શ્રમ-રોજગાર મંત્રી કુંવરજી બાવળીયાની અધ્યક્ષતામાં યોજાયેલા કાર્યક્રમમાં રાજ્ય મંત્રી કાંતિલાલ અમૃતિયા સહિત શ્રમ વિભાગના અધિકારીઓ અને વિવિધ ઈન્ડસ્ટ્રી એસોસિએશનના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં નવા ચાર લેબર કોડની જોગવાઈઓ, શ્રમિકોની સલામતી, સામાજિક સુરક્ષા અને ઉદ્યોગો માટે સરળ બનેલી પ્રક્રિયાઓ અંગે ચર્ચા કરવામાં આવી હતી. શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર સચિવ લોચન સહેરાએ જણાવ્યું હતું કે અગાઉના આશરે 29 જેટલા શ્રમ કાયદાઓનું સંકલન કરીને ચાર નવા લેબર કોડ તૈયાર કરવામાં આવ્યા છે. નવા કાયદાઓમાં કમ્પ્લાયન્સ સરળ બનાવવા ઉપરાંત નાના



ગુનાઓમાં ફોજદારી જોગવાઈઓ દૂર કરી સમાધાનકારી પ્રક્રિયા અપનાવવા પર ભાર મૂકવામાં આવ્યો છે. શ્રમ વિભાગ અને ઉદ્યોગ જગત વચ્ચેનું સંકલન વધારવા માટે આગામી સમયમાં વિવિધ સેવાઓ અને પ્રક્રિયાઓને સંપૂર્ણપણે ઓનલાઈન પોર્ટલ પર લાવવાની કામગીરી કરવામાં આવી રહી હોવાનું સચિવે જણાવ્યું હતું. ઓનલાઈન પ્રક્રિયાથી કામગીરીમાં પારદર્શિતા વધવાની સાથે ઉદ્યોગો માટે પ્રક્રિયા વધુ સરળ અને ઝડપી બનશે. લોચન સહેરાએ ઉદ્યોગોમાં કામ કરતા શ્રમિકોની સલામતીને ગંભીર બાબત ગણાવી હતી. રાજ્યમાં જીવલેણ ઔદ્યોગિક અકસ્માતોની સંખ્યા ઘટાડવા માટે ઉદ્યોગોએ પ્રો-એક્ટિવ બનીને સલામતીના નિયમોનું ચુસ્ત પાલન કરવું જરૂરી હોવાનું તેમણે જણાવ્યું હતું. મંત્રી કુંવરજી બાવળીયાએ જણાવ્યું હતું કે વર્ષો જૂના જટિલ કાયદાઓને સંકલિત કરીને તૈયાર કરાયેલા ચાર નવા શ્રમ કાયદા ઉદ્યોગપતિઓ અને શ્રમિકો બંને માટે હિતકારી બનશે. નવા કાયદાઓમાં શ્રમિકોની સલામતી, કાર્યસ્થળનું યોગ્ય વાતાવરણ, શુદ્ધ પીવાનું પાણી, વેતન અને સામાજિક સુરક્ષા જેવી બાબતોને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. તેમણે કહ્યું કે ઉદ્યોગની સફળતા પાછળ શ્રમિકોનો પરિશ્રમ મહત્વનો છે. ઉદ્યોગપતિઓ શ્રમિકોને પોતાના પરિવારના સભ્ય સમજી તેમની સલામતી અને આરોગ્યની ચિંતા કરે તો શ્રમિકો પણ સંસ્થાને પોતાની ગણીને નિષ્ઠાપૂર્વક કામગીરી કરશે.

## સઈજ બ્રિજ પાસે હીટ એન્ડ રનમાં ગિફ્ટ સિટીના એન્જિનિયરનું મોત: નોકરી પરથી કડી ઘરે પરત જતાં સમયે અજાણ્યા વાહને પાછળથી ટક્કર મારી

ગાંધીનગર

અમદાવાદ-મહેસાણા હાઈવે પર સઈજ બ્રિજ ચઢતી વખતે એક માર્ગ અકસ્માતમાં ગિફ્ટ સિટી ખાતે મિકેનિકલ એન્જિનિયર તરીકે કામ કરતા 24 વર્ષીય યુવકનું કરૂણ મોત નીપજ્યું છે. નોકરી પૂરી કરીને બાઈક પર ઘરે પરત ફરી રહેલા યુવકને અજાણ્યા વાહનચાલકે પાછળથી જોરદાર ટક્કર મારી હતી અને અકસ્માત સર્જીને નાસી છૂટ્યો હતો. કડીના દેત્રોજ રોડ પર આવેલી મંગલમ સોસાયટી નજીક રહેતા અને ફેબ્રિકેશનનો વ્યવસાય કરતા મુકેશભાઈ પંચાલનો મોટો પુત્ર ભાવિક છેલ્લા દોઢ વર્ષથી ગિફ્ટ સિટીમાં નોકરી કરતો હતો. 23 સપ્ટેમ્બરના રોજ સાંજના સમયે ભાવિક પોતાની બાઈક લઈને નોકરી પરથી કડી ઘરે પરત ફરી રહ્યો હતો. આ દરમિયાન હાઈવે પર સઈજ બ્રિજ ચઢતી વખતે અજાણ્યા વાહનચાલકે ગફલતભરી રીતે વાહન હંકારી ભાવિકની બાઈકને પાછળથી ઠોકર મારી હતી. ટક્કર વાગતાં જ ભાવિક રોડ પર ફેંકાઈ ગયો હતો, જેમાં માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતાં અને સાથળનો ભાગ ચિરાઈ જતાં તેનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. ઘટનાની જાણ થતાં જ કલોલ તાલુકા પોલીસની ટીમ સ્થળ પર પહોંચી હતી અને મૃતદેહને કલોલ સિવિલ હોસ્પિટલ મોકલી આપ્યો હતો.

## કલોલ હાઈ-વે પર મહાહોનારત ટળી:પેટ્રોલ ટેન્કરની કેબિનમાં ભયાનક આગ, પોલીસે બંને તરફનો ટ્રાફિક રોકી બચાવ્યો સેંકડો લોકોનો જીવ

ગાંધીનગર

કલોલના છત્રાલ ત્રણ રસ્તા બ્રિજ નીચે આજે એક મોટી હોનારત થતાં થતાં રહી ગઈ હતી. ઈંધણ ભરેલા એક પેટ્રોલ ટેન્કરની કેબિનમાં ભયાનક આગ ભભૂકી ઊઠતાં સમગ્ર વિસ્તારમાં ભારે અફરાતફરી અને દોડધામ મચી ગઈ હતી. જોકે, ઘટના સમયે ટેન્કરના ચાલકે સમયસૂચકતા દાખવી તુરંત નીચે ઉતરી જતાં તેનો આબાદ બચાવ થયો હતો. ફાયર બ્રિગેડની ત્વરિત કાર્યવાહીથી મોટી દુર્ઘટના સર્જાતા રહી ગઈ હતી. પ્રાપ્ત વિગતો અનુસાર, કલોલ-છત્રાલ હાઈવે પરથી પસાર થઈ રહેલા પેટ્રોલ ભરેલા ટેન્કરની કેબિનમાંથી અચાનક ધુમાડાના ગોટેગોટા નીકળવા લાગ્યા હતા અને જોતજોતામાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું. કેબિનમાં આગની જ્વાળાઓ એટલી ઝડપથી પથરાઈ ગઈ કે આસપાસના વાહનચાલકોમાં ફાળ પડી હતી.

આ આગની ગંભીરતા અને ટેન્કરમાં રહેલા જ્વલનશીલ પેટ્રોલના ભયને ધ્યાનમાં રાખીને ઘટનાસ્થળે પહોંચેલી હાઈવે પોલીસે ત્વરિત કાર્યવાહી કરી હતી. પોલીસ કાફલાએ સુરક્ષાના ભાગરૂપે કડી-છત્રાલ હાઈવેની બંને તરફનો વાહનવ્યવહાર તાત્કાલિક ધોરણે સંપૂર્ણપણે બંધ કરાવી દીધો હતો જેથી કોઈ અનિચ્છનીય બનાવ ન બને.

### 30 સપ્ટેમ્બરથી 13 ઓક્ટોબર સુધી પાંચ શહેરોમાં આયોજન

## LRD ભરતી: 12,733 ઉમેદવારો માટે ડોક્યુમેન્ટ વેરિફિકેશનનો તખતો તૈયાર

દસ્તાવેજ ચકાસણી દરમિયાન ઉમેદવારોના ઓળખપત્ર, શૈક્ષણિક પ્રમાણપત્રો, અનામત કેટેગરી સંબંધિત દસ્તાવેજો તેમજ વધારાના ગુણ મેળવવા અંગેના પ્રમાણપત્રોની ચકાસણી કરવામાં આવશે

ખેડા/ગળતેશ્વર

ગુજરાત પોલીસ ભરતી બોર્ડ દ્વારા લોકરક્ષક કેડર (2025-26) ની જાહેરાત ક્રમાંક GPRB/202526/1 અંતર્ગત વિવિધ કેડરની કુલ 12,733 જગ્યાઓ માટે પ્રથમ તબક્કાની દસ્તાવેજ ચકાસણીનો કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો છે. આ પ્રક્રિયા 30 સપ્ટેમ્બરથી 13 ઓક્ટોબર, 2026 દરમિયાન અમદાવાદ, વડોદરા, રાજકોટ, સુરેન્દ્રનગર અને ગાંધીનગર ખાતે યોજાશે.

દસ્તાવેજ ચકાસણી દરમિયાન ઉમેદવારોના ઓળખપત્ર, શૈક્ષણિક પ્રમાણપત્રો, અનામત કેટેગરી સંબંધિત દસ્તાવેજો તેમજ વધારાના ગુણ મેળવવા અંગેના પ્રમાણપત્રોની




ચકાસણી કરવામાં આવશે. ઉમેદવારોએ દસ્તાવેજ ચકાસણી માટેના કોલલેટર OJAS વેબસાઈટ પરથી ડાઉનલોડ કરવાના રહેશે.

દસ્તાવેજ ચકાસણી દરમિયાન ઉમેદવારોએ Preference Formમાં પોતાની પસંદગીનો ક્રમ નોંધાવવાનો રહેશે. તેમાં ક્રમશઃ (1) બિનહથિયારી પોલીસ કોન્સ્ટેબલ, (2) હથિયારી પોલીસ કોન્સ્ટેબલ, (3) જેલ સિપાઈ અને (4) હથિયારી પોલીસ કોન્સ્ટેબલ-SRPF (માત્ર પુરુષ)નો સમાવેશ થાય છે.

દસ્તાવેજ ચકાસણી પૂર્ણ થયા બાદ ઉમેદવારો દ્વારા ભરવામાં આવેલા Preference Form અને અન્ય પ્રક્રિયાના આધારે સંવર્ગ પસંદગીની Final યાદી તૈયાર કરવામાં આવશે.

### ભાજપના સંગઠનમાં ગુજરાતને બે મહત્વની જવાબદારી

## રત્નાકર ગુજરાતના પ્રદેશ મહામંત્રી યથાવત, અરુણ બિનનાડીને સહ મહામંત્રી બનાવાયા

ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન નવીને નવી સંગઠનાત્મક નિમણૂકો જાહેર કરી; રત્નાકર પાસે ગુજરાત ઉપરાંત દાદરા-નગર હવેલી અને દમણ-દીવની જવાબદારી, અરુણ બિનનાડીનું કેન્દ્ર રાજકોટ

ગાંધીનગર

ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન નવીન દ્વારા સંગઠનમાં નવી નિમણૂકો જાહેર કરવામાં આવી છે. 24 સપ્ટેમ્બર, 2026ના રોજ જાહેર કરાયેલી યાદીમાં ગુજરાત સાથે જોડાયેલી બે મહત્વની જવાબદારી સામે આવી છે. રત્નાકરને ગુજરાત, દાદરા-નગર હવેલી અને દમણ-દીવના પ્રદેશ મહામંત્રી (સંગઠન) તરીકે જવાબદારી સોંપવામાં આવી છે અને તેમનું કેન્દ્ર અમદાવાદ રહેશે. જ્યારે અરુણ બિનનાડીને ગુજરાતના પ્રદેશ સહ મહામંત્રી (સંગઠન) બનાવવામાં આવ્યા છે અને તેમનું કેન્દ્ર રાજકોટ રહેશે.




રાષ્ટ્રીય સ્તરે જાહેર કરાયેલી આ સંગઠનાત્મક નિમણૂકોમાં શિવપ્રકાશ અને સૌદાન સિંહને રાષ્ટ્રીય સહ મહામંત્રી (સંગઠન)ની જવાબદારી આપવામાં આવી છે. સતીષને એસસી, એસટી મોરચા અને સંસદીય કાર્યાલયના સંગઠક તરીકે દિલ્હી કેન્દ્રની જવાબદારી સોંપાઈ છે. આ ઉપરાંત અજય જામવાલને મહારાષ્ટ્ર, મધુકરને આંધ્રપ્રદેશ-તેલંગાણા, દશરથને તેલંગાણા અને ભીખુભાઈ દલસાણિયાને બિહારના પ્રદેશ મહામંત્રી (સંગઠન)ની જવાબદારી અપાઈ છે.

યાદી મુજબ સતીષ ધોંડને પ્રદેશ સહ મહામંત્રી (સંગઠન) ઉપરાંત ગુજરાત, મધ્યપ્રદેશ, રાજસ્થાન અને મહારાષ્ટ્રના જનજાતિ સંપર્કની જવાબદારી આપવામાં આવી છે અને તેમનું કેન્દ્ર નાગપુર રહેશે. અન્ય રાજ્યો માટે પણ પ્રદેશ મહામંત્રી અને સહ મહામંત્રી (સંગઠન)ની નવી જવાબદારીઓ નક્કી કરવામાં આવી છે. ભાજપના પત્રમાં જણાવ્યા મુજબ તમામ નિમણૂકો તાત્કાલિક અસરથી અમલમાં આવશે.

## સુરત મ્યુ. કમિશનરે અધિકારીની બદલી કરતા મેયર ભડક્યાં: મેયરે ફોન કરી નારાજગી ઠાલવી

સુરત

સુરત મહાનગરપાલિકામાં માંડ ત્રણ અઠવાડિયા પૂર્વે કમિશનર તરીકેનો કાર્યભાર સંભાળનારા સિનિયર આઈએએસ અધિકારી રાજકુમાર બેનીવાલે શાસકો સાથે કોઈપણ પ્રકારના પરામર્શ કે સંકલન વિના અતિસંવેદનશીલ અને વિવાદાસ્પદ સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગમાં બદલી તેમજ જવાબદારીની ફેરબદલીના આદેશો જારી કરતાં વહીવટી તંત્ર અને શાસક પક્ષ વચ્ચે સીધા ઘર્ષણના એંધાણ વર્તાઈ રહ્યા છે.

ખજોદ ડિસ્પોઝલ સાઈટ, ડોર ટુ ડોર ગાર્બેજ કલેક્શન અને સ્વીપર મશીન જેવા પ્રકરણોથી સતત વિવાદમાં રહેલા આ વિભાગમાં અત્યાર સુધીના કમિશનરો શાસકો સાથે ચર્ચા-વિચારણા બાદ જ નિર્ણયો લેતા હતા, પરંતુ નવા કમિશનરે આ પરંપરા તોડી સીધો ઓર્ડર કરતાં મામલો ગરમાયો છે.

આ સમગ્ર વિવાદમાં મુખ્ય કારણ વરાછા-એ ઝોનમાં ફરજ બજાવતા કાર્યપાલક ઈજનેરની સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગમાં કરાયેલી બદલી બન્યું છે. મેયર માયાબેન માવાણી પોતે વરાછા-એ ઝોન વિસ્તારમાં નિવાસસ્થાન ધરાવે છે. નિયમ અને રાજકીય પરંપરા મુજબ પોતાના હોમ ઝોનમાં કોઈ મહત્વના અધિકારીની બદલી કે નિમણૂક થાય ત્યારે મેયરને વિશ્વાસમાં લેવા અનિવાર્ય મનાય છે. જોકે, નવા કમિશનરે મેયર કે સ્થાયી સમિતિના ચેરમેનને અંધારામાં રાખીને સીધો જ આદેશ કરી દીધો હતો. આ ઓર્ડર અંગેની માહિતી મીડિયા મારફતે બહાર આવતાં શાસકોમાં ભારે રોષ ફેલાયો હતો.

## મુખ્ય ચૂંટણી કમિશનરના રાજીનામાની માંગ: રાજકોટમાં યુવક કોંગ્રેસ દ્વારા આક્રમક વિરોધ પ્રદર્શન કરાતા પોલીસ દ્વારા અટકાયત

કાર્યક્રમ દરમિયાન રાજકોટ જિલ્લા યુવક કોંગ્રેસ પ્રમુખ દીપ ભંડેરીએ જણાવ્યું હતું કે, અખબારી અહેવાલો મુજબ ચૂંટણી કમિશનરની 3 સભ્યોની પેનલમાંથી 2 સભ્યો દ્વારા જ્ઞાનેશ કુમાર સામે 14 વાર વાંધા ઉઠાવવા છતાં પણ તેમની સામે કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી

ગાંધીનગર

મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારના રાજીનામાની માંગણી સાથે આજે રાજકોટ શહેર તથા જિલ્લા યુવક કોંગ્રેસ દ્વારા રેસકોર્ષ રિંગ રોડ સ્થિત સરદાર પટેલની પ્રતિમા પાસે બપોરે 3:30 વાગ્યે આક્રમક વિરોધ પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રદર્શન દરમિયાન યુવક કોંગ્રેસના હોદ્દેદારો અને કાર્યકર્તાઓ દ્વારા ચૂંટણી પંચ તેમજ મુખ્ય ચૂંટણી કમિશનર સામે ઉગ્ર સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા હતા. સ્થિતિ વણસતી જોઈને ઘટનાસ્થળે હાજર પોલીસે ત્વરિત કાર્યવાહી કરી વિરોધ કરી રહેલા કાર્યકર્તાઓની અટકાયત કરી હતી. આ વિરોધ પ્રદર્શનમાં રાજકોટ શહેર અને જિલ્લા યુવક કોંગ્રેસના મોટી સંખ્યામાં હોદ્દેદારો તેમજ કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમ દરમિયાન રાજકોટ જિલ્લા યુવક કોંગ્રેસ પ્રમુખ દીપ ભંડેરીએ જણાવ્યું હતું કે, અખબારી અહેવાલો મુજબ ચૂંટણી કમિશનરની 3 સભ્યોની પેનલમાંથી 2 સભ્યો દ્વારા જ્ઞાનેશ કુમાર સામે 14 વાર વાંધા ઉઠાવવા છતાં પણ તેમની સામે કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી. તેમણે વધુમાં જણાવ્યું કે, લોકસભાના વિપક્ષ નેતા રાહુલ ગાંધી જે 'વોટ ચોરી'નો આક્ષેપ કરી રહ્યા છે, તે જ રીતે ભાજપ ચૂંટણીઓ જીતી રહ્યું છે. તેથી હવે યુવક કોંગ્રેસની માંગ છે કે, જ્ઞાનેશ કુમાર તાત્કાલિક મુખ્ય ચૂંટણી કમિશનર પદેથી રાજીનામું આપે અને તેમની ધરપકડ કરવામાં આવે. રાજકોટ શહેરમાં ગણપતિ વિસર્જન પ્રક્રિયા શાંતિપૂર્ણ, સુરક્ષિત અને પર્યાવરણ અનુકૂળ રીતે સંપન્ન થાય તે માટે શહેર પોલીસ દ્વારા આખી રૂપરેખા ઘડી કાઢવામાં આવી છે. આવતીકાલે શહેરની ભાગોળે આવેલા 6 જુદા-જુદા સ્થળો પર ગણેશજીની મૂર્તિઓનું વિસર્જન કરવામાં આવશે. આ પ્રસંગે ભક્તોની સુરક્ષા માટે પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝા અને એડી. સીપી ચૈતન્ય માંડલીકના માર્ગદર્શન હેઠળ 3 ડીસીપી, 4 એસીપી, 18 પીઆઈ અને 46 પીએસઆઈ સહિત કુલ 1383 પોલીસ, ટીઆરબી અને જીઆરડી જવાનોનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે.

પાક્કો ગુજરાત

શુક્રવાર | 25 સપ્ટેમ્બર 2026 | અમદાવાદ

### ખાખીની ગરિમા વધારનાર 30થી વધુ એક્સ-આઈપીએસ અધિકારીઓનું ભવ્ય સન્માન!

# ડીજીપી મલિકે 'વી સેલ્યુટ અવર મેન્ટોર્સ' કાર્યક્રમમાં કરી પૂર્વ અધિકારીઓની વંદના



ગાંધીનગર

ગુજરાત પોલીસે પોતાની શ્રેષ્ઠ પરંપરાઓને જાળવી રાખતા ગાંધીનગર સ્થિત પોલીસ ભવન ખાતે એક અત્યંત પ્રેરણાદાયી અને ભવ્ય 'વી સેલ્યુટ અવર મેન્ટર્સ' (We Salute Our Mentors) કાર્યક્રમનું આયોજન કર્યું હતું. રાજ્યના પોલીસ વડા જ્ઞાનેન્દ્રસિંહ મલિકે (G S Malik) આ પ્રસંગે મહત્વપૂર્ણ વાતચીત કરતા જણાવ્યું હતું કે, વરિષ્ઠ માર્ગદર્શકોને વંદન અને તેમના યોગદાનના ઋણ સ્વીકારના ઉદ્દેશ્ય સાથે આ અનોખી પહેલની શરૂઆત પૂર્વ ડીજીપી વિકાસ સહાય (Vikas Sahay) દ્વારા કરવામાં આવી હતી. કોઈપણ પોલીસ અધિકારીની સમગ્ર કારકિર્દીમાં પ્રોબેશન અને તાલીમનો ગાળો પાયારૂપ સાબિત થાય છે, અને તે સમય દરમિયાન મેન્ટર્સ પાસેથી મળેલી શીખ તથા સંસ્કારો જ અધિકારીની આગળની તમામ સફળતાનું મુખ્ય ચાલકબળ બને છે. આ વિશેષ સમારોહમાં ખાખી વર્દીની ગરિમાને ઉજ્જવળ બનાવવામાં મહત્વની ભૂમિકા ભજવનાર નિવૃત્ત ડીજીપી અને એડીજીપી રેન્કના 30થી વધુ અધિકારીઓનું ભાવભીનું સન્માન કરવામાં આવ્યું હતું. ગાંધીનગર પોલીસ ભવન ખાતે યોજાયેલા આ કાર્યક્રમમાં રાજ્યના વર્તમાન ડીજીપી સહિતના સિનિયર પોલીસ અધિકારીઓએ ઉપસ્થિત રહીને તમામ નિવૃત્ત અધિકારીઓને પુસ્તક અર્પણ કરી સન્માન કર્યું હતું. આ પ્રસંગે ડીજીપી જી. એસ. મલિકે પોતાના ભૂતકાળને યાદ કરતા સાબરકાંઠાના હિંમતનગર ખાતેના પોતાના પ્રોબેશન સમયગાળાનો વિશેષ ઉલ્લેખ કર્યો હતો.

તેમણે વરિષ્ઠ અધિકારીઓ રાજન પ્રિયદર્શી (Rajan Priyadarshi IPS) અને પી. બી. ગોંદીયા (P B Gondia IPS) ના માર્ગદર્શન અને યોગદાનને ભાવપૂર્વક બિરદાવ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે ફિલ્ડ તાલીમ દરમિયાન નિયમિત અંગ્રેજીમાં વીકલી ડાયરી લખવાનો આગ્રહ, નાઈટ પેટ્રોલિંગની પદ્ધતિ, ગેરહાજર કર્મચારીઓના જાતે નિવેદનો લેવા તેમજ લોક ફરિયાદોનું સંવેદનશીલતાથી નિવારણ કરવા જેવા ગુણો તેમને આ મેન્ટોર્સ પાસેથી શીખવા મળ્યા હતા.

## શક્તિપીઠ અંબાજી ખાતે ચાલી રહેલા ભાદરવી મહાકુંભ આરોગ્ય વિભાગ ખડેપગે

### દરમિયાન જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા ભક્તોને સમયસર અને અસરકારક આરોગ્ય સેવાઓ મળી રહે તે માટે વિશેષ આયોજન કરાયું

અંબાજી, લક્ષ્મણ ઠાકોર

મેળા દરમિયાન કુલ 27 જેટલા આરોગ્ય કેન્દ્રો કાર્યરત કરવામાં આવ્યા છે, જ્યાં સતત 24 કલાક આરોગ્ય સેવાઓ આપવામાં આવી રહી છે.

અંબાજી મંદિરના ચાચર ચોક ખાતે પણ વિશેષ આરોગ્ય કેન્દ્ર શરૂ કરવામાં આવ્યું છે, જ્યાં દરરોજ 1500થી વધુ ભક્તો સારવાર અને આરોગ્ય તપાસનો લાભ લઈ રહ્યા છે. ઉપરાંત, દરરોજ આશરે 50 જેટલા ઈમરજન્સી દર્દીઓને પ્રાથમિક સારવાર આપ્યા બાદ વધુ સારવાર માટે રેફર કરવામાં આવી રહ્યા છે. દૂર દૂરથી પગપાળા આવતા ભક્તોને કોઈપણ પ્રકારની આરોગ્ય સમસ્યા સર્જાય તો આરોગ્ય વિભાગ દ્વારા તાત્કાલિક



સારવાર ઉપલબ્ધ કરાવવામાં આવે છે. વિવિધ ડોક્ટરો, નર્સિંગ સ્ટાફ અને આરોગ્ય કર્મચારીઓની ટીમો 24+7 સતત કામગીરી કરી રહી છે.મેળા દરમિયાન અત્યાર સુધીમાં 27 આરોગ્ય કેન્દ્રો મારફતે 2 લાખથી વધુ ભક્તોએ આરોગ્ય સેવાઓનો લાભ લીધો છે. મંદિર પરિસરમાં કોઈ ભક્તને તકલીફ થાય તો સૌપ્રથમ મંદિરના આરોગ્ય કેન્દ્રમાં તપાસ કરવામાં આવે છે અને જરૂર જણાય તો 108 એમ્બ્યુલન્સ મારફતે અંબાજી કોટેજ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવે છે.

### ધોરાજી હાઇવે પર પેટ્રોલ પંપ પરથી ચોરી કરનાર

# ચાર આરોપીઓને રાજકોટ ગ્રામ્ય લોકલ ક્રાઇમ બ્રાન્ચે ઝડપી પાડ્યા : રૂા.1,27નો મુદ્દામાલ જપ્ત

રાજકોટ

ધોરાજી તાલુકા પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલા રાજકોટ-પોરબંદર નેશનલ હાઈવે પર, વછરાજ હોટેલની બાજુમાં ભૂતવડ ગામના પાટિયા પાસે આવેલા 'ભક્તિ ફ્યુઅલ પેટ્રોલ પંપ' પર થયેલી ચોરીનો ભેદ ઉકેલવામાં રાજકોટ ગ્રામ્ય લોકલ ક્રાઈમ બ્રાન્ચ (એલસીબી) ને મોટી સફળતા મળી છે. રાજકોટ રેન્જ આઈજી નિર્લિપ્ત રાય તથા જિલ્લા પોલીસ વડા વિજય સિંહ ગુર્જરના માર્ગદર્શન હેઠળ જિલ્લામાં મિલકત સંબંધી અનડીટેક્ટ ગુનાઓ શોધી કાઢવાની સૂચના આપવામાં આવી હતી. આ સૂચના અન્વયે રાજકોટ ગ્રામ્ય લોકલ ક્રાઈમ બ્રાન્ચના પોલીસ ઈન્સ્પેક્ટર જે.



પી.રાવના માર્ગદર્શન હેઠળ એલ. સી.બી. શાખાના માણસો પેટ્રોલિંગમાં હતા, તે દરમિયાન હ્યુમન સોર્સ અને ટેકનિકલ સોર્સના આધારે આ ચોરીનો ભેદ ઉકેલીને ચાર આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. આ ઘટનાની વિગત એવી છે કે ગત તારીખ ૧૮ જૂન ૨૦૨૬ના રોજ વહેલી સવારે ૩ થી ૪ વાગ્યાના અરસામાં, ભક્તિ ફ્યુઅલ પેટ્રોલ પંપ પર જ્યારે ફરિયાદી પોતાની નોકરી પર હતા, ત્યારે કોઈ અજાણ્યો ઈસમ ટેબલના ખાનામાં રાખેલા રોકડા રૂ.૨૮,૦૬૦ તથા ઓશીકા પાસે રાખેલો રૂ.૧૦,૦૦૦ની કિંમતનો મોબાઈલ ફોન મળી કુલ રૂ.૩૮,૦૬૦ ની મત્તા ચોરી કરી નાસી ગયો હતો. આ અંગે ધોરાજી તાલુકા પોલીસ સ્ટેશનમાં ભારતીય ન્યાય સંહિતાની કલમ મુજબ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

પોલીસે સઘન તપાસ કરીને આ ગુનામાં સંડોવાયેલા ચાર આરોપીઓ (૧) પ્રતીકભાઇ ઉર્ફે પતીયો પરસોતમભાઇ સાકરીયા (૨) રજાકભાઇ ઉર્ફે કાળીયો સ/ઓ ઈસ્માભાઇ મુસાણી (૩) ભાવેશભાઇ ઉર્ફે દોશીયો સ/ઓ ભુપતભાઇ મકવાણા અને (૪) દીપકભાઇ સ/ઓ દલાભાઇ સોલંકી (રહે તમામ રાજકોટ કોઠારીયા) ની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## ડેડીયાપાડામાં UPIથી બે બેંક ખાતાં ખાલી, દંપતીના ખાતામાંથી રૂ.1.92 લાખ ઉપડી ગયા

ડેડીયાપાડા

ડેડીયાપાડા શહેરમાં UPI મારફતે બે બેંક ખાતામાંથી કુલ રૂ.1,92,333 ઉપાડી લેવાતા સાયબર છેતરપિંડીનો મામલો પોલીસ મથકે પહોંચ્યો છે.

અજાણ્યા શખ્સે વેપારી અને તેમની પત્નીના બે અલગ-અલગ બેંક ખાતાને નિશાન બનાવ્યા હોવાની ફરિયાદ નોંધાઈ છે. પોલીસે ભારતીય ન્યાય સંહિતાની કલમ અને આઈટી એક્ટની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

ડેડીયાપાડા તાલુકાના થાણા ફળિયામાં રહેતા વેપારી મુસ્તાકભાઈ અહેમદભાઈ મલેકની ફરિયાદ મુજબ તેમના પંજાબ નેશનલ બેંકના ખાતામાંથી તા.20 સપ્ટેમ્બરે UPI મારફતે રૂ.93,333 અને તા.21 સપ્ટેમ્બરે રૂ.37 હજાર મળી કુલ રૂ.1,30,333 ઉપાડી લેવામાં આવ્યા હતા.

આ ઉપરાંત મુસ્તાકભાઈની પત્ની સુલતાનાબીબીના બેંક ઓફ બરોડાના ખાતામાંથી પણ તા.20 સપ્ટેમ્બરે UPI મારફતે રૂ.62 હજાર ઉપડી ગયા હતા. આમ બંને ખાતામાંથી કુલ રૂ.1,92,333ની રકમ ઉપડી જતાં દંપતીને આર્થિક નુકસાન થયું હતું.

### ધોળકાના ખેડૂતોનું જીવન બચાવવા આંદોલન

# કેમિકલવાળા ઝેરી પાણીથી ત્રાહિમામ્ પુકારી ઉઠેલી પ્રજા વચ્ચે પિન્ટુ કોળી આક્રમક

### ખેડૂતો છેલ્લા 34 દિવસથી પોતાના હકો અને જીવ બચાવવા માટે લડી રહ્યા છે, પરંતુ સરકારી તંત્ર દ્વારા આ મામલે કોઈ પગલાં લેવાયા નથી, આ બેદરકારી જોઈને સ્થાનિક અગ્રણીઓ અને ખેડૂતોમાં ભારે આક્રોશ છે

અમદાવાદ

અમદાવાદ જિલ્લાના ધોળકા પંથકમાંથી એક અત્યંત ચિંતાજનક અને રોષપૂર્ણ અહેવાલ સામે આવ્યો છે, જ્યાં અન્નદાતા ખેડૂતો પોતાનો જીવ બચાવવા માટે રસ્તા પર ઉતરીને ઉગ્ર આંદોલન કરવા મજબૂર બન્યા છે. ધોળકાના ગામડાઓમાં કેટલાક બેજવાબદાર ઉદ્યોગો દ્વારા ખુલ્લેઆમ કેમિકલવાળું ઝેરી પાણી છોડવામાં આવી રહ્યું છે. જેના કારણે ખેતીની જમીન બરબાદ થઈ રહી છે, પીવાનું પાણી પ્રદૂષિત થયું છે અને સ્થાનિક લોકોના સ્વાસ્થ્ય સામે ગંભીર જોખમ ઊભું થયું છે. આ ભયાનક સ્થિતિ સામે છેલ્લા ૩૪ દિવસથી ખેડૂતો સતત આંદોલન કરી રહ્યા છે, છતાં સરકાર દ્વારા કોઈ જ નક્કર કાર્યવાહી કરવામાં આવી નથી. ખેડૂતો છેલ્લા ૩૪ દિવસથી પોતાના હકો અને જીવ બચાવવા માટે લડી રહ્યા છે, પરંતુ સરકારી તંત્ર દ્વારા આ મામલે કોઈ પગલાં લેવાયા નથી. આ બેદરકારી જોઈને સ્થાનિક અગ્રણીઓ અને ખેડૂતોમાં ભારે આક્રોશ છે. આ આંદોલનને સમર્થન આપતા પિં કોળી અત્યંત આક્રમક મૂડમાં જોવા મળ્યા હતા. તેમણે સરકારને ઘેરતા સવાલ કર્યો હતો કે, શું આ સરકાર ફક્ત ઉદ્યોગપતિઓની જ છે? જો સામાન્ય ખેડૂતોના જીવનની કોઈ કિંમત નથી, તો ચૂંટણી વખતે નેતાઓ કેમ ખેડૂતોના મત લેવા માટે આવે છે? શું વોટ લેતી વખતે જ ખેડૂતો યાદ આવે છે અને મુશ્કેલીના સમયે તેમને રામભરોષે છોડી દેવાય છે? ધોળકાના ગામડાઓમાં છોડવામાં આવતા આ ઝેરી પાણીના કારણે લોકોના જીવન સાથે સીધી રમત રમાઈ રહી છે. જમીનની ફળદ્રુપતા નષ્ટ થઈ રહી છે અને પશુપાલન પર પણ માઠી અસર પડી રહી છે. ગાંધીનગરમાં બેઠેલા નેતાઓને માત્ર ચૂંટણી અને મત લેવામાં જ રસ છે, પરંતુ ખેડૂતોની વેદના સામે કોઈ ધ્યાન આપતું નથી.

### મનપા ચૂંટણીને લઈ ભાજપ-કોંગ્રેસ પહેલાં AAP મેદાનમાં

# ધારાસભ્ય ગોપાલ ઈટાલિયાની આગેવાનીમાં 29 ઉમેદવારોએ નામાંકન યાત્રા યોજી ઉમેદવારી ફોર્મ ભર્યાં

ગાંધીનગર

ગાંધીનગર મહાનગર પાલિકાની ચૂંટણીને લઈને રાજ્યના પાટનગરમાં રાજકીય ગરમાવો ચરમસીમાએ પહોંચ્યો છે. સ્થાનિક સ્વરાજ્યની આ મહત્ત્વપૂર્ણ ચૂંટણીમાં ભાજપ અને કોંગ્રેસ હજુ પોતાના ઉમેદવારોની જાહેરાત અંગે આંતરિક મંથનમાં વ્યસ્ત છે, ત્યારે આમ આદમી પાર્ટીએ બાજી મારીને પોતાના ઉમેદવારોને પૂરજોશમાં મેદાનમાં ઉતારી દીધા છે. ગુરુવારે આમ આદમી પાર્ટી દ્વારા જાહેર કરાયેલા 29 ઉમેદવારોએ ભવ્ય રેલી અને 'નામાંકન યાત્રા' યોજીને કલેક્ટર કચેરી ખાતે પોતાના ઉમેદવારી ફોર્મ



ભરી શક્તિપ્રદર્શન કર્યું હતું.

શહેરના પથિકાશ્રમથી યોજાયેલી આ નામાંકન યાત્રામાં કાર્યકરોમાં નવો જોશ પૂરો પાડવા આપના ધારાસભ્ય ગોપાલ ઈટાલિયા સહિતના શીર્ષ નેતાઓ અને પ્રદેશના અગ્રણીઓ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. મનપાના 11 વોર્ડની 44 બેઠક માટે ચાલી રહેલી આ પ્રક્રિયામાં AAP દ્વારા અત્યાર સુધીમાં બે યાદી જાહેર કરીને 29 ઉમેદવારોના નામ નક્કી કરી દેવાયા છે, જ્યારે બાકીના ઉમેદવારોના નામ આગામી બે દિવસમાં જાહેર કરવામાં આવશે. આપના આ આક્રમક વલણ સામે ભાજપ અને કોંગ્રેસે હજુ પોતાના તમામ પત્તા ખોલ્યા નથી, જોકે ગુરુવાર સાંજ અથવા શુક્રવાર સુધીમાં બંને પક્ષો પોતાના ઉમેદવારોની આખરી યાદી જાહેર કરે તેવી શક્યતા છે.

નામાંકન યાત્રા દરમિયાન ધારાસભ્ય ગોપાલ ઈટાલિયાએ શાસક પક્ષ પર આકરા પ્રહારો કરતા જણાવ્યું હતું કે, છેલ્લા 25 વર્ષથી ગુજરાતમાં ભાજપનું શાસન છે અને ગાંધીનગરમાં પણ 10 વર્ષથી મનપા ભાજપ હસ્તક છે. આમ છતાં, પાટનગરમાં પીવાના પાણી, સ્ટ્રીટ લાઈટ, ગટર અને સફાઈ જેવી પ્રાથમિક સમસ્યાઓ યથાવત છે.

ગોપાલ ઈટાલિયાએ વધુમાં જણાવ્યું હતું કે, ગાંધીનગરની જનતા આ વખતે 'ઝાડૂ'નું બટન દબાવશે, જેથી કોઈ મતોનું વિભાજન નહીં થાય પરંતુ ભાજપ અને કોંગ્રેસ બંનેનો સાફસૂફી થઈ જશે. મોટા નેતાઓએ ચૂંટણી જીતીને માત્ર ખોટા કામ કર્યા છે, જેથી આ વખતે જનતા નાના માણસોને તક આપી મોટું કામ કરાવવા ઉત્સાહિત છે.

### વડીલોના અપમાનથી સમાજમાં ફેલાયો ભારે રોષ!

# બનાસકાંઠાના દિયોદરમાં હિરવાણી આંજણા કેળવણી મંડળની વાર્ષિક સભા બની જંગનો અખાડો: માઈક અને પંખા જેવી સામાન્ય બાબતે ઉગ્ર હોબાળો

બનાસકાંઠા

બનાસકાંઠા જિલ્લાના દિયોદર પંથકમાંથી એક અત્યંત શરમજનક, દુઃખદ અને હચમચાવી નાખનારી ઘટના સામે આવી રહી છે, જેને લઈને સામાજિક બેડામાં ભારે ખળભળાટ મચી ગયો છે. દિયોદર ખાતે આવેલી નામાંકિત સંસ્થા 'હિરવાણી આંજણા કેળવણી મંડળ'ની વાર્ષિક સાધારણ સભા દરમિયાન અચાનક એવો તો હાઈ-વોલ્ટેજ ડ્રામા અને હોબાળો મચી ગયો કે સમગ્ર સભા રણમેદાનમાં ફેરવાઈ ગઈ હતી. સવાલ એ ઊભો થાય છે કે જ્યાં સમાજના ઉત્થાન અને શિક્ષણ માટે ચર્ચા થવી જોઈતી હતી, ત્યાં માઈક અને પંખા જેવી સાવ નજીવી બાબતો પર આટલો બધો ઉગ્ર હોબાળો અને મારામારી જેવી સ્થિતિ કેમ સર્જાઈ? મળતી માહિતી મુજબ, વાર્ષિક સભાની કાર્યવાહી ચાલુ હતી તે દરમિયાન કોઈ નાની બાબત પર શરૂ થયેલી ચર્ચા ઉગ્ર બોલાચાલીમાં ફેરવાઈ ગઈ હતી.

વાત માત્ર માઈક ચાલુ રાખવા કે પંખાની હવા જેવી સાવ તુચ્છ બાબતો પર અટકી ન હતી, પરંતુ મામલો એટલો બસી બગડી ગયો કે સભામાં હાજર કેટલાક યુવાનો અને અસંતુષ્ટિત તત્વોએ મર્યાદાના તમામ વંડા કુદાવી નાખ્યા હતા. સભાના પવિત્ર મંચ પર બેઠેલા વડીલો અને હોદ્દેદારો સામે ઉદ્ધતાઈભર્યું વર્તન કરવામાં આવ્યું હતું, જેને જોઈને ત્યાં હાજર શાંતિપ્રિય લોકો પણ સ્તબ્ધ થઈ ગયા હતા. આ વિવાદ એટલો હદ વટાવી ગયો કે મામલો કાબૂ બહાર જતા પોલીસને તાત્કાલિક સ્થળ પર બોલાવવી પડી હતી. ચર્ચાઓ એવી પણ જોરશોરથી ચાલી રહી છે કે શું આ પોલીસ અચાનક આવી ગઈ હતી કે પછી અગાઉથી જ કોઈ મોટા વિવાદની આશંકાએ પ્રોટેક્શન આપવા માટે હાજર હતી? જો પોલીસ પહેલેથી જ ત્યાં હાજર હતી, તો પછી કોના રક્ષણ માટે અને કયા ડાભો હેઠળ આ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો?

આ સવાલે સમગ્ર ઘટનાને વધુ રહસ્યમય અને વિવાદાસ્પદ બનાવી દીધી છે. આ ઘટનાનો સૌથી ઘાતક અને ચિંતાજનક પહેલું એ છે કે જે યુવાનોને સમાજ અને દેશનું ભવિષ્ય માનવામાં આવે છે, તેમણે જ પોતાના જ સમાજના વડીલો અને આગેવાનો સામે આ પ્રકારનું અપમાનજનક વર્તન કર્યું છે.

આંજણા ચૌધરી સમાજ હંમેશાં પોતાની પરંપરા, આબરૂ, વડીલોના આદર અને સામાજિક શિસ્ત માટે જાણીતો રહ્યો છે.

પરંતુ, સત્તાની લાલસા કે અહંકારમાં આંધળા બનેલા કેટલાક તત્વોએ પોતાના જ વડીલોની ઉપસ્થિતિની લાજ ન રાખી. વડીલોના કિંમતી અનુભવોનું સન્માન કરવાને બદલે જાહેરમાં તેમનું અપમાન કરવું એ આપણા સંસ્કારો પર સીધો ઘા છે.

## સેવા સંકલ્પ અભિયાન છોટાઉદેપુરમાં પ્રજામાં ટ્રાફિક જાગૃતિ અર્થે પોલીસ અને RTO વિભાગ દ્વારા વિશાળ મોટરસાયકલ રેલી યોજાઈ

છોટાઉદેપુર, ઇમરાન મિર્ઝા

પ્રજામાં વાહન વ્યવહાર અને ટ્રાફિકના નિયમો પ્રત્યે જાગૃતિ આવે તેવા ઉમદા હેતુથી 'સેવા સંકલ્પ અભિયાન' અંતર્ગત છોટાઉદેપુર ખાતે એક વિશાળ મોટરસાયકલ રેલીનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.

આ જાગૃતિ રેલીનું પ્રસ્થાન જિલ્લા પોલીસ અધિક્ષક (S.P.) કચેરી ખાતેથી કરવામાં આવ્યું હતું. જેમાં પોલીસ વિભાગ, RTO વિભાગ, TRB (ટ્રાફિક બ્રિગેડ) તેમજ GRD (ગ્રામ રક્ષક દળ)ના અધિકારીઓ અને જવાનો મોટી સંખ્યામાં પોતાના વાહનો સાથે ઉત્સાહભેર જોડાયા હતા.

S.P. કચેરીથી પ્રસ્થાન કરી આ મો.સા. રેલી છોટાઉદેપુર નગરના વિવિધ મુખ્ય માર્ગો અને ચોકમાંથી પસાર થઈ હતી. રેલી દરમિયાન



હેલ્મેટ પહેરવું, ઓવરસ્પીડિંગ ન કરવું, સીટબેલ્ટ બાંધવો અને ટ્રાફિક સિગ્નલોનું પાલન કરવા જેવા મહત્વપૂર્ણ નિયમો અંગે નગરજનોને જાગૃત કરવામાં આવ્યા હતા.

પોલીસ અને વહીવટી તંત્રના આ સંયુક્ત પ્રયાસને છોટાઉદેપુર નગરજનો તરફથી બહોળો પ્રતિસાદ સાંપડ્યો હતો. ટ્રાફિક નિયમોનું પાલન એ જ સુરક્ષાની ચાવી છે તેવો સ્પષ્ટ સંદેશ આ રેલી દ્વારા સમગ્ર વિસ્તારમાં પહોંચાડવામાં આવ્યો હતો.

### ભાઈ ભાઈ વચ્ચે લોહીના સંબંધો શર્મસાર

# ડભોઇના સાઠોદ ગામમાં જમવા બાબતે મોટાભાઈએ નાનાભાઈની ગળું દબાવી કરી હત્યા, લાશ તળાવમાં ફેંકી!

ડભોઇ

ગુજરાતમાં માનવતાને લજવતો અને લોહીના સંબંધોને કલંકિત કરતો એક અત્યંત ચોંકાવનારો કિસ્સો ડભોઇ તાલુકાના સાઠોદ ગામમાંથી સામે આવ્યો છે. સામાન્ય બાબતે શરૂ થયેલી તકરારે એવું ખૌફનાક સ્વરૂપ ધારણ કર્યું કે, જે ભાઈએ નાના ભાઈને રક્ષણ આપવું જોઈતું હતું, તે જ સગા મોટાભાઈએ નાનાભાઈની ક્રૂરતાપૂર્વક હત્યા કરી નાખી અને લાશને તળાવમાં ફેંકી દીધી! 'પાક્કો ગુજરાત' ન્યૂઝ પેપર માટે આ ઘટનાનો ક્રાઈમ રિપોર્ટ વિગતવાર રજૂ કરવામાં આવ્યો છે.

ડભોઇ તાલુકાના સાઠોદ ગામના તળાવમાંથી ગત ૨૩ સપ્ટેમ્બરના રોજ એક



અજાણ્યો બિનવારસી મૃતદેહ મળી આવતા સમગ્ર પંથકમાં હાહાકાર મચી ગયો હતો. ગ્રામજનોએ જ્યારે તળાવમાં હાથ-પગ બાંધેલી હાલતમાં લાશ જોઈ, ત્યારે તાત્કાલિક ડભોઇ પોલીસને તેની જાણ કરવામાં આવી હતી. પોલીસે ત્વરિત કાર્યવાહી કરી લાશને પાણીમાંથી બહાર કાઢી પોસ્ટમોર્ટમ (PM) અર્થે ખસેડી હતી.

પીએમ રિપોર્ટમાં જે ખુલાસો થયો તેણે પોલીસના પણ હોશ ઉડાવી દીધા. રિપોર્ટ પરથી સ્પષ્ટ થયું કે મૃતકનું મોત સામાન્ય પાણીમાં ડૂબીને નહીં, પરંતુ ગળાના ભાગે ટૂંપો દઈને કરવામાં આવેલી હત્યાથી થયું છે. ગુનાની ગંભીરતા જોઈને ડભોઇ પોલીસે એલસીબી (LCB), એસઓજી (SOG) અને સ્થાનિક પોલીસની કુશળ ટીમો મળીને કુલ ૮ ખાસ ટીમ મેદાને ઉતારી હતી.

પોલીસે સીસીટીવી ફૂટેજ અને હ્યુમન ઈન્ટેલિજન્સ (અંગત સોર્સ) ની મદદથી મૃતકની ઓળખ ગુરુશરણ ઉર્ફે ભીમો તડવી તરીકે કરી હતી.

## ભરૂચ ભાજપમાં પ્રમુખ બદલાતા રાજકીય ગરમાવો, પ્રકાશ મોદીને હટાવતાં ઘાંચી સમાજની નારાજગી સામે આવી

ભરૂચ

ભરૂચ જિલ્લા ભાજપ પ્રમુખ તરીકે પ્રકાશ મોદીના સ્થાને પરેશ લાડની નિમણૂક બાદ જિલ્લા ભાજપના સંગઠનાત્મક ફેરફારને લઈને સ્થાનિક રાજકારણમાં ચર્ચા તેજ બની છે.

પ્રદેશ ભાજપ દ્વારા ૨૨ સપ્ટેમ્બરે ભરૂચ સહિત ત્રણ જિલ્લામાં નવા પ્રમુખોની નિમણૂક કરવામાં આવી હતી. ભરૂચમાં પરેશ કાંતિભાઈ લાડને નવી જવાબદારી સોંપવામાં આવી છે.

પ્રકાશ મોદીને તેમની ટર્મ પૂર્ણ થાય તે પહેલાં બદલવામાં આવ્યા બાદ સંગઠનના આ નિર્ણય અંગે વિવિધ રાજકીય ચર્ચાઓ શરૂ થઈ છે. સ્થાનિક સ્તરે જૂથવાદ અને સંગઠનની આંતરિક ખેંચતાણ અંગે અગાઉ પણ ચર્ચા થતી રહી છે. જોકે, પ્રકાશ મોદીને બદલવા પાછળનું ચોક્કસ કારણ ભાજપના સત્તાવાર નિવેદનથી સ્પષ્ટ કરવામાં આવ્યું નથી. અગાઉ પ્રકાશ મોદી જિલ્લા પ્રમુખ તરીકે સંગઠનાત્મક કાર્યક્રમોમાં સક્રિય રહ્યા હોવાનું અહેવાલોમાં જોવા મળે છે.

દરમિયાન ઘાંચી સમાજ સાથે જોડાયેલા કેટલાક યુવાનો દ્વારા સોશિયલ મીડિયા પર નારાજગી વ્યક્ત કરવામાં આવી હોવાના દાવા સામે આવ્યા છે. કેટલીક પોસ્ટમાં જિલ્લા ભાજપમાં સમાજને પૂરતું પ્રતિનિધિત્વ મળતું ન હોવાની રજૂઆત સાથે આગામી ચૂંટણીને ધ્યાનમાં રાખીને પોતાની રાજકીય ભૂમિકા અંગે વિચાર કરવાની વાત કરવામાં આવી છે. જોકે, આ સોશિયલ મીડિયા પ્રતિક્રિયાઓ સમગ્ર ઘાંચી સમાજનું સત્તાવાર વલણ છે કે નહીં તે સ્પષ્ટ નથી.

## તંત્રી લેખ...

# મોદીના વિશ્વાસુ પ્યાદાઓ એક પછી એક થઈ રહ્યા છે ખુલ્લા

## ચૂંટણી પંચની અંદર જ ફૂટ પડતાં દિલ્હીથી ગુજરાત સુધી રાજકીય ભૂકંપ, 'ટોપ ટુ બોટમ' ગોઠવાયેલા લોટાઓ હવે કેમ કરી રહ્યા છે સવાલો?

ભારતીય રાજનીતિ અને લોકશાહીના પાયાની ગણાતી સંસ્થાઓમાંથી અત્યાર સુધીના સૌથી મોટા અને ચોંકાવનારા ખુલાસાઓ સામે આવી રહ્યા છે, જેના કારણે સત્તાના કોરિડોરમાં હડકંપ મચી ગયો છે. સવાલ એ ઊભો થાય છે કે અત્યાર સુધી જે લોકો સરકારના ઈશારે આંખ બંધ કરીને સત્તાના તાબેદાર બનીને નિર્ણયો લેતા હતા, તે જ લોકો હવે અચાનક કેમ મેદાનમાં આવી ગયા છે? મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશકુમાર સામે ઊભા થયેલા વિવાદો અને ચૂંટણી પંચની અંદરથી જ બહાર આવી રહેલા અસંતોષના અવાજો એ વાતની સ્પષ્ટ સાક્ષી પૂરે છે કે દાળમાં કંઈક બહુ મોટું કાળું છે.

## ટોપ ટુ બોટમ ભરેલા 'લોટા' અને હવે જાગવાની નાટકબાજી!



વિચારવા જેવી અને દેશની જનતાએ ગંભીરતાથી સમજવા જેવી બાબત એ છે કે કેન્દ્ર સરકાર દ્વારા 'ટોપ ટુ બોટમ' એટલે કે ઉપરથી લઈને નીચે સુધીની તમામ મહત્વની જગ્યાઓ પર માત્ર પોતાના વફાદાર ભરેલા પડ્યા છે. આ તમામ એવા જ ચહેરાઓ છે કે જેમને મોદી અને સંઘ દ્વારા ખાસ પસંદ કરીને બેસાડવામાં આવ્યા છે. જ્યારે આ જ્ઞાનેશકુમાર મનમાની કરી રહ્યો હતો, દેશની મતદાર યાદીઓ અને ચૂંટણી પ્રક્રિયા સાથે ચેડાં થઈ રહ્યા હતા અને કાયદા-નિયમો નેવે મૂકીને મનસ્વી નિર્ણયો લેવાઈ રહ્યા હતા, ત્યારે આ બાકીના કમિશનરો કે અધિકારીઓ કેમ ગાઢ નિંદ્રામાં સૂતા હતા? ત્યારે કેમ કોઈએ જાહેરમાં આવીને વિરોધ ન કર્યો? શું આ બધું કોઈ પૂર્વઆયોજિત ખેલનો હિસ્સો છે કે પછી હવે સ્વાર્થની વહેંચણીમાં ભંગ પડતાં અંદર-અંદર ભાંડો ફૂટી રહ્યો છે?

## સંઘ અને સરકાર વચ્ચેનો અંદરનો છૂપો ખેલ?

રાજકીય અંદરના ખાનાઓમાં ચર્ચાઈ રહ્યું છે કે હવે સંઘ અને મોદી-શાહ જૂથ વચ્ચે કોઈ મોટો આંતરિક ઘર્ષણ અથવા પડદા પાછળનો ખેલ ચાલી રહ્યો છે. ઉપર બેઠેલી તાકાતો હવે પોતાના જ નિમેલા માણસોના માધ્યમથી પકડ ઢીલી કરવાની કે પછી સમય પ્રમાણે પાસા ફેંકવાની રણનીતિ પર કામ કરી રહી છે. જે કમિશનરો કે વહીવટી અધિકારીઓને સરકાર પોતાના રક્ષણ માટે કવચ તરીકે વાપરતી હતી, હવે એ જ સુરક્ષા કવચમાં ગાબડાં પડવા લાગ્યા છે. ટૂંકમાં કહીએ તો, સંઘ હવે પોતાના જૂના અને વિશ્વાસુ પ્યાદાઓના માધ્યમથી જ મોદી અને શાહની સામે નવો પેંતરો રમી રહ્યો છે, જેથી ભવિષ્યમાં કટોકટી સર્જાય ત્યારે દોષનો ટોપલો બીજાના માથે ઢોળી શકાય.

## દેશની જનતા સાથે થઈ રહી છે ઘાતક મશ્કરી અને લોકશાહીની હત્યા

દેશની સૌથી મોટી સંસ્થાઓ અને બંધારણીય સ્તંભોને ખિસ્સામાં રાખીને ચલાવનારાઓનો અસલી ચહેરો હવે પ્રજા સમક્ષ ખુલ્લો પડી રહ્યો છે. સત્તાની ભૂખમાં દેશની પવિત્ર ચૂંટણી પ્રક્રિયાને દાવ પર લગાડનારા આ લોકો આજે પોતાના જ વડા દ્વારા ગોઠવાયેલા પ્યાદાઓના કારણે કઠેડામાં આવી ગયા છે. દેશની ભોળી જનતાએ હવે સમજવાની જરૂર છે કે દિલ્હીના દરબારમાં પ્રજાના હિતોના નહીં, પરંતુ માત્ર ખુરશી, સત્તા અને અંદરોઅંદરના વર્ચસ્વની લડાઈના ખેલ રમાઈ રહ્યા છે.

પાક્કો ગુજરાત ન્યૂઝ પેપર દેશની જનતાને જાગૃત કરવા માટે આવા તમામ ભ્રષ્ટ, છૂપા અને પ્રજાઘાતક રાજકીય ખેલનો પર્દાફાશ કરતું રહેશે. શું આ અંદરખાનાની લડાઈ દેશની લોકશાહીને સંપૂર્ણપણે બરબાદ કરી દેશે? પ્રજાએ હવે મૂકપક્ષી બનીને બેસી રહેવાને બદલે સવાલો પૂછવાનો સમય આવી ગયો છે!

**- ગ્રુપ એડિટર પવન માકન**

# અમદાવાદના ગોમતીપુરમાં ખાખીનો માનવતાવાદી ચહેરો

## રસ્તા પર રિક્ષામાં જ અચાનક પ્રસુતિની પીડા ઉપડતા ટ્રાફિક મહિલા પોલીસે ચાદર ઓઢાડીને કરાવી સફળ ડિલિવરી, માતા અને નવજાત બાળકનો બચ્યો અમૂલ્ય જીવ!

અમદાવાદ શહેરમાંથી ખાખી વર્દી સાથે જોડાયેલી એક અત્યંત પ્રેરણાદાયી, સંવેદનશીલ અને ગર્વ અપાવતી ઘટના સામે આવી છે, જેણે સાબિત કરી દીધું છે કે પોલીસ માત્ર કાયદો અને વ્યવસ્થા જ નથી સંભાળતી, પરંતુ કટોકટીના સમયે જરૂરિયાતમંદો માટે દેવદૂત પણ બની શકે છે. શહેરના ગોમતીપુર વિસ્તારમાં સુખરામનગર પાસે બનેલી આ ઘટનાએ સૌ કોઈની આંખોમાં ખુશીના આંસુ લાવી દીધા છે અને ટ્રાફિક પોલીસની માનવતાની ચારેય તરફ પ્રશંસા થઈ રહી છે.

### રિક્ષામાં જ અચાનક શરૂ થઈ ગઈ ગંભીર પ્રસૂતિ પીડા!

ઘટનાની વિગતો મુજબ, ગોમતીપુર વિસ્તારમાં સુખરામનગર પાસેથી એક રિક્ષામાં એક સગર્ભા મહિલા અને તેની માતા મુસાફરી કરી રહી હતી. અચાનક રસ્તામાં જ તે મહિલાને અસહ્ય અને ગંભીર પ્રસૂતિની પીડા ઉપડી હતી. મહિલાની હાલત એટલી બધી ગંભીર બની ગઈ હતી કે તેને સમયસર હોસ્પિટલ સુધી પહોંચાડવી તબીબી દ્રષ્ટિએ અશક્ય બની ગયું હતું. રસ્તા પર સર્જાયેલી આ કટોકટીની પળોમાં પરિવાર ભારે મુશ્કેલીમાં મુકાઈ ગયો હતો અને શું કરવું તે કોઈને સમજાતું ન હતું.

### ટ્રાફિક પોલીસ બની દેવદૂત: WPC કુંજનબેનની ત્વરિત કામગીરી

આ ગંભીર અને નાજુક સ્થિતિમાં તે જ પોઈન્ટ પર ફરજ બજાવી રહેલા ટ્રાફિક પોલીસના મહિલા કર્મચારી ડબ્લ્યુ.પી.સી. (WPC) કુંજનબેનની નજર આ પરિવાર પર પડી. કુંજનબેને પોતાની ફરજની સાથે-સાથે તાત્કાલિક માનવતા દાખવીને સમયસૂચકતા વાપરી અને તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સને ફોન કરીને બોલાવી લીધી. ૧૦૮ ની ટીમ આવી પહોંચી અને ડૉક્ટર દ્વારા સ્થળ પર જ સગર્ભા મહિલાની તપાસ કરવામાં આવી. ડૉક્ટરે સ્પષ્ટ જણાવ્યું કે મહિલાની હાલત એટલી નાજુક છે કે હવે હોસ્પિટલ લઈ જવાનો સમય નથી, અને ડિલિવરી તુરંત જ રિક્ષાની અંદર જ કરાવવી પડે તેમ છે.

### ચાદર વડે સુરક્ષિત કવર બનાવી કરાઈ સફળ ડિલિવરી

આ કઠિન સમયમાં ટ્રાફિક પોલીસ કર્મચારીઓએ ક્ષણનો પણ વિલંબ કર્યા વગર અદભુત સાહસ અને માનવતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું. પોઈન્ટ પર હાજર ટ્રાફિકના અન્ય કર્મચારીઓ અને મહિલા પોલીસની મદદથી રિક્ષાની આસપાસ ચાદર વડે એક સુરક્ષિત કવર (આડસ) બનાવવામાં આવી, જેથી મહિલાની ગોપનીયતા જળવાઈ રહે. ત્યારબાદ સ્થળ પર જ કુશળતાપૂર્વક પ્રસૂતિ કરાવવામાં આવી હતી. પ્રસૂતિ સફળ રહેતાની સાથે જ ત્યાં ઉપસ્થિત સૌના શ્વાસ હેઠા બેઠા હતા.

ત્યારબાદ તાત્કાલિક ધોરણે એમ્બ્યુલન્સ મારફતે માતા અને નવજાત બાળક બંનેને વધુ સારવાર અર્થે સહીસલામત હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા.સમયસૂચકતા અને સાચા અર્થમાં જનસેવા

જો ટ્રાફિક પોલીસ કર્મચારીઓએ આ કટોકટીની પળે સમયસૂચકતા ન દાખવી હોત, તો માતા કે નવજાત બાળકના જીવન પર મોટું જોખમ તોળાઈ શકત. WPC કુંજનબેન અને ટ્રાફિક પોલીસની આ ત્વરિત, સચોટ અને માનવતાભરી કામગીરીના પરિણામે સમયસર યોગ્ય મદદ મળી ગઈ અને બે જીવ બચી ગયા. અમદાવાદ ટ્રાફિક પોલીસની આ કામગીરીએ આજે સાચા અર્થમાં 'પ્રજાના રક્ષક' હોવાની લોકભાવનાને વધુ મજબૂત કરી છે. પાક્કો ગુજરાત ન્યૂઝ પેપર આવી ફરજનિષ્ઠ અને સંવેદનશીલ પોલીસ કર્મીઓને સલામ કરે છે.

# પાક્કો ગુજરાત : સંસ્કારની સુગંધ, વિકાસની નવી ઊંચાઈ અને ગૌરવભરી ઓળખ

'ગુજરાત' માત્ર નકશા પરનું એક રાજ્ય નથી; ગુજરાત એટલે શ્રમ, સાહસ, સંસ્કાર, સંવેદના અને ઉદ્યોગશીલતાની આગવી ઓળખ. આ જ ગુજરાત જ્યારે આધુનિક વિકાસની સાથે પોતાની મૂળ સંસ્કૃતિ અને પરંપરાને જાળવી રાખે છે, ત્યારે તેનું સાચું સ્વરૂપ 'પાક્કા ગુજરાત' તરીકે પ્રગટ થાય છે.

'પાક્કો' એટલે દ્રઢ, મજબૂત, વિશ્વસનીય અને પોતાની ઓળખમાં અડગ. તેથી 'પાક્કો ગુજરાત'નો અર્થ માત્ર આર્થિક કે ભૌતિક રીતે વિકસેલું ગુજરાત નહીં, પરંતુ વિકાસ સાથે સંસ્કાર, આધુનિકતા સાથે સંસ્કૃતિ અને સમૃદ્ધિ સાથે માનવતા ધરાવતું ગુજરાત એવો થાય છે. ગુજરાતની ધરતી પર ઉદ્યોગોથી લઈને ખેતી સુધી, શિક્ષણથી લઈને સાહિત્ય સુધી અને લોકસંસ્કૃતિથી લઈને આધુનિક ટેક્નોલોજી સુધી વિવિધ ક્ષેત્રોમાં નોંધપાત્ર પ્રગતિ જોવા મળે છે. કચ્છનું રણ, સૌરાષ્ટ્રની ધરતી, ઉત્તર ગુજરાતની મહેનત અને દક્ષિણ ગુજરાતની હરિયાળી–આ તમામ વિવિધતાઓ મળીને ગુજરાતની સમૃદ્ધ ઓળખ રચે છે. પરંતુ સાચું 'પાક્કું ગુજરાત' ત્યારે જ કહેવાય, જ્યારે વિકાસની સાથે ગુજરાતી ભાષા, સંસ્કૃતિ અને માનવમૂલ્યોનું પણ જતન થાય. બાળકોને ગુણવત્તાયુક્ત શિક્ષણ, યુવાનોને તક, ખેડૂતોને યોગ્ય સન્માન, મહિલાઓને સુરક્ષા અને વૃદ્ધોને આધાર મળે–એ પણ ગુજરાતના વિકાસનો જ મહત્વનો ભાગ છે.

'પાક્કો ગુજરાત' માત્ર કોઈ સૂત્ર નથી; તે દરેક નાગરિકની જવાબદારીનો સંકલ્પ છે. સ્વચ્છતા, પર્યાવરણ સંરક્ષણ, પાણીનો સંયમ, જાહેર સંપત્તિની જાળવણી અને સમાજ પ્રત્યેની સંવેદના જેવી નાની-નાની બાબતોમાંથી જ મજબૂત ગુજરાતનું નિર્માણ થાય છે.

આપણે આવતી પેઢીને માત્ર વિકસિત ગુજરાત નહીં, પરંતુ સંસ્કારી, સંવેદનશીલ, સ્વાવલંબી અને પોતાની ઓળખ પર ગર્વ કરતું ગુજરાત આપીએ–એ જ 'પાક્કા ગુજરાત'નો સાચો અર્થ અને સાર્થકતા છે.

**- રૂપેશ સોલંકી, ભચાઉ, કચ્છ**

# નામની આગળ 'ડૉક્ટર' લગાવીને ડાહી બનતી ભાજપની નેત્રીઓનો અસલી ચહેરો બેનકાબ

## ડિગ્રીઓથી કોઈ સમજદાર નથી બનતું, દાદાગીરી અને તાનાશાહી જ ભાજપની ખરી ઓળખ!

દેશના રાજકારણમાં જ્યારે પણ નૈતિકતા, સંસ્કાર અને લોકશાહીની મોટી-મોટી વાતો કરવામાં આવે છે, ત્યારે સૌથી પહેલા શાસક પક્ષના ને ચહેરા સામે આવી જાય છે. નામની આગળ 'ડૉક્ટર' કે મોટી-મોટી પદવીઓ લગાવી દેવાથી કોઈ વ્યક્તિ ભણેલી-ગણેલી, સંસ્કારી કે સમજદાર બની જતી નથી–આ વાતનું જીવતું-જાગતું ઉદાહરણ આજે ભાજપના નેતાઓ પૂરવાર કરી રહ્યા છે. બિહાર ભાજપના નેતૃત્વ અને પદાધિકારીઓનું વર્તન આ વાત પર મહોર મારે છે કે ભાજપની રાજનીતિ અને અસભ્ય તાનાશાહી વચ્ચે હવે કોઈ ફરક રહ્યો નથી.

ધર્મ અને સંસ્કૃતિના નામે ચાલતી ભાજપની ગુંડાગીરી

માત્ર બિહાર જ નહીં, પરંતુ ગુજરાત, મુંબઈ કે દિલ્હી–દેશના ગમે તે ખૂણે નજર નાખો, ભાજપ સમર્થિત તત્વો અને સત્તાના મદમાં ચૂર નેતાઓ અવારનવાર સમાજ, સંસ્કૃતિ અને ધર્મના નામે ખુલ્લેઆમ દાદાગીરી કરતા નજરે પડે છે. ધર્મની રક્ષા કરવાના ખોટા નાટકો કરીને સામાન્ય પ્રજાને ધમકાવવી, પોતાની વિચારધારા વિરુદ્ધ બોલનારાઓનો અવાજ બળજબરીથી દબાવવો અને કાયદાને પોતાના ખિસ્સામાં રાખીને ફરવું એ ભાજપના ને માટે સામાન્ય વાત બની ગઈ છે. સૌથી શરમજનક પહેલું એ છે કે આવી હરકતો કરનારા અસામાજિક કે અહંકારી તત્વોને પક્ષની અંદરથી ખુલ્લી રાજકીય છત્રછાયા અને પ્રોત્સાહન મળતું રહે છે.

ડિગ્રીઓ ભલે મોટી હોય, પણ માનસિકતા તો ગુંડાગીરીની જ!

જો કોઈ વ્યક્તિ ઉચ્ચ શિક્ષણ મેળવીને પોતાને 'ડૉક્ટર' કે વિદ્વાન તરીકે ઓળખાવતી હોય, તો તેની પાસેથી સભ્યતા, સંયમ અને પ્રજાના હિતમાં કામ કરવાની અપેક્ષા રાખવામાં આવે છે. પરંતુ જ્યારે આ જ પદવીધારી નેતાઓ સત્તાના નમાં ચૂર થઈને મનમાની પર ઉતરી આવે અને ભાજપના એજન્ડા મુજબ ધર્મ અને જાતિના નામે સમાજમાં ભાગલા પાડવાની કે ધાકધમકી આપવાની રાજનીતિ કરે, ત્યારે સમજી લેવું પડે કે કાગળ પરની ડિગ્રીઓ ભલે મોટી હોય, પણ અંદરની માનસિકતા તો માત્ર ગુંડાગીરીની જ છે. આવી નેતાગીરી સમાજ માટે સૌથી મોટો અભિશાપ છે.

પાક્કો ગુજરાત ન્યૂઝ પેપરનો સણસણાટો સવાલ

ધર્મના નામે ગુંડાગીરી કરવાથી કોઈ ધાર્મિક કે પવિત્ર બની જતું નથી. સંસ્કૃતિના નામે દાદાગીરી કરવાથી કોઈ સંસ્કૃતિરક્ષક નથી કહેવાતો. અને ભારતીય જનતા પાર્ટીના કોઈ હોદ્દા કે કુરસી પર બેસી જવાથી કોઈ અક્ષમ્ય વ્યક્તિ બુદ્ધિશાળી કે સમજદાર નથી બની જતી. દેશની ભોળી જનતાએ હવે આ ઉચ્ચશિક્ષિત હોવાનો દંભ કરનારા વાઈટ ક ગુંડાઓને ઓળખી લેવાનો સમય આવી ગયો છે.

# 28થી 30 સપ્ટેમ્બર દરમિયાન બેંકિંગ સેવાઓ ઠપ થવાની પૂરી શક્યતા

## યુએફબીયુ (UFBU) દ્વારા દેશવ્યાપી બેંક હડતાળનું એલાન, એસએલબીસી (SLBC) દ્વારા નાગરિકોને 25 સપ્ટેમ્બર સુધીમાં તમામ જરૂરી નાણાકીય કામો પતાવી લેવા ખાસ અપીલ!

દેશભરમાંથી બેંક ગ્રાહકો માટે એક અત્યંત મહત્વપૂર્ણ અને ચિંતાજનક સમાચાર સામે આવ્યા છે. આગામી દિવસોમાં તમારા બેંક સંબંધિત અટકેલા કામો કે લેવડ-દેવડ સમયસર પૂરા કરી લેજો, કેમ કે આગામી ૨૮ થી ૩૦ સપ્ટેમ્બર દરમિયાન દેશભરમાં બેંકિંગ સેવાઓ મોટાપાયે ખોરવાઈ શકે છે. યુનાઈટેડ ફોરમ ઓફ બેંક યુનિયન્સ (UFBU) દ્વારા બેંક કર્મચારીઓની વિવિધ પડતર માંગણીઓને લઈને રાષ્ટ્રવ્યાપી હડતાળનું એલાન કરવામાં આવ્યું છે, જેના કારણે સામાન્ય જનતા અને વેપારી આ<bos>»3 દિવસ ભારે મુશ્કેલીમાં મુકાઈ શકે છે.




૩ દિવસ સુધી બેંકો રહેશે બંધ, ચેક ક્લિયરિંગથી લઈને તમામ નાણાકીય વ્યવહારો અટકશે

મળતી માહિતી મુજબ, યુએફબીયુ (UFBU) ના બેનર હેઠળ દેશની વિવિધ બેંક યુનિયનોએ હડતાળનું શંખનાદ ફૂંક્યું છે. આ હડતાળના કારણે બેંકોના કાઉન્ટર પર થતા રોકડ વ્યવહારો, લોન મંજૂરી, પાસબુક અપડેટ અને સૌથી મહત્વનું એટલે કે ચેક ક્લિયરિંગ (Check Clearing) ની પ્રક્રિયા સંપૂર્ણપણે ઠપ થઈ જશે. તહેવારોની સિઝન નજીક આવી રહી છે ત્યારે બેંકો સતત ત્રણ દિવસ બંધ રહેવાથી બજારમાં નાણાકીય વ્યવહારો પર સીધી માઠી અસર પડવાની પૂરી વકી છે.

SLBC ની ગંભીર અપીલ: '૨૫ સપ્ટેમ્બર સુધીમાં તમારા તમામ જરૂરી કામ પતાવી લો'

આગામી બેંક હડતાળની ગંભીરતાને ધ્યાનમાં રાખીને સ્ટેટ લેવલ બેંકર્સ કમિટી (SLBC - State Level Bankers' Committee) દ્વારા ગુજરાતની જનતા અને વેપારી વર્ગ માટે તાકીદની એડવાઈઝરી જારી કરવામાં આવી છે. એસએલબીસીએ સ્પષ્ટપણે જણાવ્યું છે કે કોઈપણ પ્રકારની અસુવિધાથી બચવા માટે નાગરિકોએ આગામી ૨૫ સપ્ટેમ્બર સુધીમાં જ પોતાના તમામ ચેક ક્લિયરિંગ, મોટા નાણાકીય વ્યવહારો, બેંક ખાતાના જરૂરી કામો અને એટીએમ સંબંધિત કામગીરી પતાવી લેવી જોઈએ, જેથી હડતાળના દિવસોમાં આર્થિક કટોકટીનો સામનો ન કરવો પડે.

પાક્કો ગુજરાત ન્યૂઝ પેપરનો સવાલ

જ્યારે પણ બેંક કર્મચારીઓની હડતાળ પડે છે, ત્યારે હંમેશાં સામાન્ય જનતા, નાના વેપારીઓ અને પેન્શનરો જ સૌથી વધુ પિસાય છે. બેંકો અને યુનિયનોના આંતરિક વિવાદો કે માંગણીઓનો ભોગ પ્રજાએ કેમ બનવું પડે? આગામી ત્રણ દિવસ સુધી એટીએમ (ATM) માં રોકડની અછત સર્જાવાની પણ પૂરી સંભાવના છે. જો તમારા પણ બેંકમાં કોઈ અગત્યના કામ બાકી હોય, તો રાહ જોયા વગર આજે જ પતાવી લો!

# ઈસ્લામાબાદમાં ઈમરાન સમર્થકોની કૂચ રોકવા માટે 2,000 કન્ટેનર મૂકાયા: હાઈવે બંધ, રસ્તો ખોલવા બુલડોઝર-ક્રેન લઈને પહોંચશે PTI કાર્યકર્તાઓ

ઈસ્લામાબાદ

પાકિસ્તાનના પૂર્વ વડાપ્રધાન ઈમરાન ખાન લગભગ 3 વર્ષથી જેલમાં બંધ છે. તેમની મુક્તિ માટે PTIએ 27 સપ્ટેમ્બરે દેશભરમાં માર્ચનું એલાન કર્યું છે. આ પહેલાં ઈસ્લામાબાદમાં વહીવટીતંત્રે કડકાઈ વધારી દીધી છે. હાઈવે બંધ કરવામાં આવી રહ્યા છે. લગભગ 2 હજાર કન્ટેનરો રસ્તાઓ પર મૂકવામાં આવ્યા છે. પંજાબ અને સિંધમાંથી 20 હજારથી વધુ પોલીસકર્મીઓને બોલાવવામાં આવ્યા છે. સરકારે રેલીઓ, સરઘસો અને જાહેર સભાઓ પર 2 મહિના માટે પ્રતિબંધ મૂકી દીધો છે. બીજી તરફ PTIએ પણ રસ્તામાં મૂકવામાં આવનારા કન્ટેનરોને હટાવવાની તૈયારી શરૂ કરી દીધી છે. ડોનના અહેવાલ મુજબ પાર્ટીના કાર્યકરો અને સમર્થકો બુલડોઝર અને ક્રેન જેવા ભારે વાહનો એકત્ર કરી રહ્યા છે. તેમને ઈસ્લામાબાદ લઈ જવાની તૈયારી છે. ઈસ્લામાબાદમાં કલમ 144 લાગુ કરવામાં આવી છે. તેના હેઠળ 5 કે તેથી વધુ લોકોના એક જગ્યાએ એકઠા થવા પર પ્રતિબંધ છે. રેલી, સરઘસ અને પ્રદર્શન પણ યોજી શકાશે નહીં. શહેરના અનેક વિસ્તારોમાં કન્ટેનરોને વેલ્ડિંગ કરીને જોડવામાં આવ્યા છે. કેટલાક કન્ટેનરોની બહાર લોખંડના ખીલા પણ લગાવવામાં આવ્યા છે. પોલીસના જણાવ્યા અનુસાર ઈસ્લામાબાદ-પેશાવર મોટરવે, ઈસ્લામાબાદ-ડેરા ઈસ્માઈલ ખાન મોટરવે અને ગ્રાન્ડ ટ્રંક રોડને અનેક સ્થળોએ બંધ કરવામાં આવશે. રાવલપિંડી અને અટકના કેટલાક વિસ્તારોમાં 27 સપ્ટેમ્બરે મોબાઈલ અને ઈન્ટરનેટ સેવાઓ બંધ કરવાની માંગ પણ કરવામાં આવી છે.



# જિનપિંગ વ્હાઈટ હાઉસ પહોંચ્યા, ટ્રમ્પે સ્વાગત કર્યું

બીજિંગ

ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ વ્હાઈટ હાઉસ પહોંચી ગયા છે. અમેરિકાના રાષ્ટ્રપતિ ટ્રમ્પે તેમનું સ્વાગત કર્યું. ઔપચારિક સ્વાગત બાદ બંને નેતાઓ વચ્ચે થોડા સમયમાં દ્વિપક્ષીય વાતચીત શરૂ થશે.

ટ્રમ્પે થોડા સમય પહેલાં પત્રકારો સાથેની વાતચીતમાં કહ્યું કે વાતચીતમાં AI સૌથી મોટો મુદ્દો રહેશે. નિષ્ણાતોના મતે બંને દેશો વચ્ચે આ ખૂબ મોટો મુદ્દો છે. અમેરિકાને ભય છે કે તેની AI ટેક્નોલોજી ચીન સુધી પહોંચી શકે છે, તેથી તેણે AI ચિપ અને અન્ય ટેક્નોલોજી પર પ્રતિબંધો મૂક્યા છે.



ચીન આ પ્રતિબંધોનો વિરોધ કરે છે અને તેને ટેક્નોલોજી તથા વેપારમાં અવરોધ ગણાવે છે. બંને દેશો વચ્ચેનો વિવાદ AIની શક્તિશાળી ટેક્નોલોજી અને તેના સુરક્ષિત ઉપયોગને લઈને પણ છે.

આજે રાત્રે જિનપિંગના સન્માનમાં સ્ટેટ ડિનરનું આયોજન કરવામાં આવશે. અમેરિકાની કોઈપણ મોટી ટીવી ચેનલે ટ્રમ્પ અને જિનપિંગની મુલાકાતનું લાઈવ પ્રસારણ કર્યું નથી. સામાન્ય રીતે આવી મોટી બેઠકના દૃશ્યો ટીવી પર લાઈવ બતાવવામાં આવે છે.

આ વખતે તેનું કારણ વ્હાઈટ હાઉસ અને કેટલાક મીડિયા સંસ્થાનો વચ્ચે ચાલી રહેલો વિવાદ છે. વ્હાઈટ હાઉસે સીએનએન, એમએસ નાઉ અને પોલિટિકોના પત્રકારોને કવરેજથી રોકી રાખ્યા છે. જિનપિંગે કહ્યું કે અમેરિકા અને ચીને ટકરાવ અને સંઘર્ષથી બચવાનો પ્રયાસ કરવો જોઈએ. તેમણે બંને દેશોને 'થ્યુસિડાઈડ્સ ટ્રેપ'થી બચવાની વાત કહી.




પાક્કો ગુજરાત

શુક્રવાર | 25 સપ્ટેમ્બર 2026 | અમદાવાદ

મોંગરાળમાં 5 હેક્ટર જમીન પર ઝીંગા ઉછેર?

# ફાળવણીથી મંજૂરી સુધી તપાસ ક્યારે? વધુ તળાવોની ચર્ચા વચ્ચે પાકા બંધની પરમિશનનો સવાલ!





**ભરૂચ, રંગુની જાકીર**

મોંગરાળમાં ઝીંગા ઉછેર માટે જમીન ફાળવણી દર્શાવતું બોર્ડ સામે આવતા ફાળવણી, જમીન ઉપયોગ અને જરૂરી મંજૂરીઓ અંગે સવાલો ઊભા થયા છે. બોર્ડ પર સર્વે નં. 2002, પ્લોટ નં. 2 સહિત જમીનધારક અને ફાળવણી હુકમની વિગતો દર્શાવવામાં આવી છે.

પરંતુ બોર્ડ પરની વિગતો સરકારી રેકોર્ડ સાથે ખરેખર મેળ ખાય છે કે નહીં? હવે તપાસનો મુખ્ય મુદ્દો બન્યો છે.

સર્વે નં. 2002નું કુલ ક્ષેત્રફળ કેટલું છે? ઝીંગા ઉછેર માટે ખરેખર કેટલો વિસ્તાર ફાળવાયો છે?

ફાળવણી હુકમમાં જમીન ઉપયોગ અને બાંધકામ અંગે કઈ શરતો છે?

ફાળવેલા વિસ્તાર કરતાં વધુ જમીન પર તળાવો બનાવાયા છે કે નહીં?

વધુ તળાવો હોવાની ચર્ચા વચ્ચે સત્તાવાર સ્થળ માપણી શું કહે છે?

પાકા બંધ/બાંધકામ માટે સક્ષમ તંત્રની મંજૂરી આપવામાં આવી છે કે નહીં?

મંજૂરી આપવામાં ન આવી હોય તો થયેલા બાંધકામ અંગે નિયમસર કાર્યવાહી અથવા દૂર કરવાની પ્રક્રિયા ક્યારે હાથ ધરાશે?

રેવન્યુ રેકોર્ડ અને સ્થળ પરની વાસ્તવિક સ્થિતિ એકસરખી છે કે નહીં?

જરૂરી એક્વાકલ્ચર તથા પર્યાવરણીય મંજૂરીઓ મેળવવામાં આવી છે કે નહીં?

GPCB દ્વારા સ્થળ તપાસ, પાણી અને માટીના નમૂના લેવામાં આવ્યા છે કે નહીં?

હવે કલેક્ટર, રેવન્યુ તંત્ર અને સંબંધિત વિભાગો દસ્તાવેજોની ચકાસણી સાથે સ્થળ માપણી કરાવશે કે નહીં? ફાળવણી હુકમ, રેવન્યુ રેકોર્ડ, સત્તાવાર માપણી અને જરૂરી મંજૂરીઓની કડી જોડાયા બાદ જ મોંગરાળની વાસ્તવિક સ્થિતિ સ્પષ્ટ થઈ શકશે.

બોર્ડનો દાવો કે સરકારી રેકોર્ડની હકીકત? ફાળવણીથી મંજૂરી અને બાંધકામ સુધીની તપાસ બાદ જ ખુલશે સાચી સ્થિતિ!

કાવી-સીગામ માર્ગે

# બે કાર સામસામે અથડાઈ ધગધગતી સળગી, એક ગંભીર

**જંબુસર**

જંબુસર તાલુકાના કાવીથી સીગામ જતા માર્ગ પર દહેગામ પોલ્ટ્રી ફાર્મ પાસે બે કાર સામસામે અથડાતા બંને વાહનોમાં અચાનક આગ ભભૂકી ઉઠી હતી. અકસ્માત બાદ બંને કાર ધગધગતી સળગતાં ઘટનાસ્થળે લોકોના ટોળાં એકત્ર થઈ ગયા હતા. કારમાં સવાર બંને ડ્રાઈવરો સમયસર બહાર નીકળી જતાં મોટી જાનહાનિ ટળી હતી, જોકે બંનેને ઈજા પહોંચી હતી.

અકસ્માતમાં સીગામ ગામના પૃથ્વીસિંહ યાદવને સામાન્ય ઈજા થઈ હતી, જ્યારે છિદ્રાગામના મયુરસિંહ રણાને ગંભીર ઈજા થતાં સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. ઘટનાની જાણ થતાં ફાયર બ્રિગેડની ટીમ સ્થળ પર પહોંચી હતી અને આગ પર કાબૂ મેળવ્યો હતો. જોકે, ફાયર ટીમ પહોંચે તે પહેલાં બંને કારનો મોટો ભાગ બળીને ખાખ થઈ ગયો હતો. અકસ્માત બાદ સ્થાનિકોમાં માર્ગની સ્થિતિને લઈને પણ રોષ જોવા મળ્યો હતો. સ્થાનિકોના જણાવ્યા મુજબ કાવી-સીગામ માર્ગની બંને બાજુ ગાંડા બાવળ ઊગી નીકળ્યા હોવાથી



વાહનચાલકોને સામેથી આવતા વાહનો સ્પષ્ટ દેખાતા નથી. દહેગામના આમ આદમી પાર્ટીના તાલુકા પંચાયત સભ્ય સોહીલ એન. મલેકે આશરે બે મહિના અગાઉ તાલુકા વિકાસ અધિકારીને લેખિત રજૂઆત કરી ગાંડા બાવળ દૂર કરવાની માંગ કરી હોવાનો દાવો કર્યો છે.

# નશામુક્ત ભારતના સંદેશ સાથે ભચાઉમાં ભવ્ય જાગૃતિ મહારેલી

## નશાબંધી અને આબકારી વિભાગના માર્ગદર્શન હેઠળ શાળામાં જાગૃતિ કાર્યક્રમ યોજાયો

**કચ્છ, રૂપેશ સોલંકી**

ગુરુવારના રોજ શ્રી લેવા પાટીદાર બોર્ડિંગ સંચાલિત સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળા, ભચાઉ ખાતેના વિવિધલક્ષી હોલમાં સવારે 7:30 કલાકે નશાબંધી અને આબકારી વિભાગ, ભુજના સહયોગથી નશાબંધી અંગે જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો.

શાળાના વિશાળ વિદ્યાર્થી સમુદાય, સમગ્ર સ્ટાફ તથા આચાર્યશ્રીની ઉપસ્થિતિમાં યોજાયેલા આ કાર્યક્રમમાં નશાબંધી અને આબકારી વિભાગ, ભુજ તરફથી શ્રીમતી ડી. આર. ધોબી, સબ-ઈન્સ્પેક્ટર, શ્રી એન. એસ. ત્રિવેદી, કોન્સ્ટેબલ તથા શ્રી કે. બી. મકવાણા, કોન્સ્ટેબલ ઉપસ્થિત રહ્યા હતા. અધિકારીઓએ વિદ્યાર્થીઓને નશાના દુષ્પરિણામો,



વ્યસનથી થતા સામાજિક અને વ્યક્તિગત નુકસાન તેમજ નશામુક્ત જીવનના મહત્ત્વ અંગે માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

શાળાના આચાર્ય શ્રી પ્રકાશ કુમાર ચંપકલાલ પંડિત સાહેબે પણ વિષયને અનુરૂપ માર્ગદર્શન આપી વિદ્યાર્થીઓને વ્યસનથી દૂર રહી સ્વસ્થ અને સંસ્કારી સમાજના નિર્માણમાં સહભાગી બનવા પ્રેરિત કર્યા હતા.

કાર્યક્રમનું સુચારુ સંચાલન શાળાની શિક્ષિકા દીપાબેન ખેસકવાણી દ્વારા કરવામાં આવ્યું હતું, જ્યારે અંતે શ્રી રુચિરભાઈ વૈષ્ણવ દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી.

કાર્યક્રમ પૂર્ણ થયા બાદ ઉપસ્થિત મહેમાનો, શાળાનો સમગ્ર સ્ટાફ તથા વિદ્યાર્થીઓ દ્વારા નશાબંધી અને વ્યસનમુક્તિ અંગે જનજાગૃતિ ફેલાવવાના ઉદ્દેશથી ભચાઉ નગરમાં મહારેલી યોજવામાં આવી હતી. રેલી દરમિયાન નશાથી થતા નુકસાન અંગે જનજાગૃતિ ફેલાવી નશામુક્ત સમાજના નિર્માણનો સંદેશ આપવામાં આવ્યો હતો.

આ સમગ્ર કાર્યક્રમ અંગે શાળાના સિનિયર શિક્ષક તેમજ અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ, કચ્છ જિલ્લા ગ્રાન્ટેડ માધ્યમિક વિભાગના વરિષ્ઠ ઉપાધ્યક્ષ શ્રી રૂપેશભાઈ સોલંકીએ સત્તાવાર યાદીમાં જણાવ્યું હતું.

શિનોર તાલુકાની બે શાળાના વિદ્યાર્થીઓને CSRની ભેટ

# ટીમ્બરવા-પુનિયાદની શાળામાં 111 વિદ્યાર્થીઓને હેલમેટ સહિત સાયકલનું વિતરણ

**સાધલી, હસમુખ પટેલ**

આજરોજ તારીખ 24 સપ્ટેમ્બર 2026 ના રોજ કરજણ - શિનોર ના ધારાસભ્ય અક્ષયભાઈ પટેલ ના અધ્યક્ષપણા હેઠળ શિનોર તાલુકાના ટીંબરવા તથા પુનિયાદની શાળામાં સાયકલ વિતરણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

કેનેરા રોબેકો એસેટ મેનેજમેન્ટ કંપની પ્રા. લી. ના સી.એસ. આર.ફંડ માંથી આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓને શિક્ષણ માટે પ્રોત્સાહન મળે તથા શાળા માં અભ્યાસ માટે આવવા જવામાં સુવિધા પ્રાપ્ત થાય એવા ઉમદા હેતુથી આ ભગીરથ કાર્ય નો લાભ શાળાના ધોરણ 8 ,9 અને 10 ના



શ્રી શારદા મંદિર સેકન્ડરી સ્કુલ ટીંબરવા માં 43 તથા ડોક્ટર શરદ પટેલ વિદ્યામંદિર પુનિયાદ માં 68 મળીને કુલ 111 વિદ્યાર્થીઓને હેલમેટ સહિત સાયકલ વિતરણ કરવામાં આવ્યું હતું . આ પ્રસંગે કરજણ વિધાનસભા ના ધારાસભ્ય અક્ષયભાઈ પટેલ તથા કેનેરા રોબેકો એસેટ મેનેજમેન્ટ કંપની પ્રા. લી. ના મેનેજર ચિરાયુ પટેલ, સાથે જિલ્લા ભાજપા પ્રભારી ઋત્વિજ પટેલ, જિલ્લા પ્રમુખ ડોક્ટર બી.જે. બ્રહ્મભટ્ટ, સંગઠનના મહામંત્રી યોગેશ અધ્યારૂ ,મહામંત્રી બ્રિજેશ પટેલ શ્રી ચિંતા હરણ હનુમાનજી મંદિર ચાંદોદના વિવેક સ્વામી, સહકારી ક્ષેત્રના અને ચાણક્ય ગણાતા વિકાસ પટેલ (બીથલી), તાલુકા પ્રભારી મુકેશ દાજી, જિલ્લા પંચાયત સદસ્યા પતિ જીગાભાઈ પટેલ (ઉતરાજ),તાલુકા પ્રમુખ સંકેત પટેલ, તાલુકા પંચાયત પ્રમુખ હીનાબેન રોહિત, ઉપપ્રમુખ પ્રિતેશ પટેલ, તાલુકા પંચાયત, તાલુકા સંગઠન અને વિવિધ મોરચાના ના હોદ્દેદારો હાજર રહ્યા હતા. શાળા પરિવાર ,કેળવણી મંડળના સભ્યો અને મોટી સંખ્યામાં વાલીઓ હાજર રહ્યા હતા.

શાળાના ધોરણ 8, ધોરણ 9 તથા ધોરણ 10ના બાળકોના મુખ પર આ નવીન સાયકલો જોઈને આનંદની લહેર ઊઠી હતી.

# પ્રસાદ લેવા જતા પગ લપસ્યો, તળાવમાં ડૂબતા યુવકનું મોત

**આહવા**

ડાંગ જિલ્લાના મુખ્ય મથક આહવા ખાતે સનસેટ પોઈન્ટ નજીક ગણપતિ વિસર્જન દરમિયાન દુઃખદ ઘટના બની હતી. સતીષભાઈ દેવરાજભાઈ ચૌધરી પત્ની સાથે તળાવ નજીક હાજર હતા. દરમિયાન પ્રસાદ લેવા તળાવની સામેની બાજુએ જતા અચાનક પગ લપસતાં તેઓ પાણીમાં પડી ગયા હતા.

સતીષભાઈ તળાવમાં પડતાં તેમના પત્નીએ બૂમાબૂમ કરી આસપાસના લોકોને મદદ માટે બોલાવ્યા હતા. સ્થાનિક લોકોએ તળાવમાં શોધખોળ હાથ ધરી તેમને પાણીમાંથી બહાર કાઢ્યા હતા, પરંતુ તેમનું મોત નીપજ્યું હોવાનું જાણવા મળ્યું હતું.

ગણપતિ વિસર્જનના પાવન પ્રસંગે બનેલી આ દુઃખદ ઘટનાથી આહવામાં શોકનો માહોલ છવાઈ ગયો હતો. ઘટનાની જાણ થતાં



સંબંધિત તંત્ર દ્વારા જરૂરી કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

આ ઘટનાની વિગતો સ્થળ પર હાજર લોકો પાસેથી મળેલી પ્રાથમિક માહિતી આધારે છે. પોલીસ તપાસ અને સત્તાવાર કાર્યવાહી બાદ ઘટનાની વધુ વિગતો સ્પષ્ટ થશે.

હાજરી અને કામગીરી સામે વાલીઓના ગંભીર આક્ષેપો

# ગીરગઢડાના ફરેડા શાળાના શિક્ષિકાની બદલીની માંગને લઈ વાલીઓનો હલ્લાબોલ, અંતે બદલી

**ઉના, જીતેન્દ્ર શિયાળ**

ગીરગઢડા તાલુકાના ફરેડા ગામની પ્રાથમિક શાળામાં ફરજ બજાવતા શિક્ષિકા ઉષાબેન ઉનડકટની બદલીની માંગ સાથે વાલીઓ, ગ્રામજનો અને શાળા વ્યવસ્થાપન સમિતિ (SMC)ના સભ્યોએ ભારે વિરોધ નોંધાવતાં શાળા પરિસરમાં હોબાળો મચી ગયો હતો. વાલીઓના આક્ષેપ અનુસાર, શિક્ષિકા પરીક્ષાના સમયે ગેરહાજર રહેતા હતા, અઠવાડિયામાં માત્ર બે-ત્રણ દિવસ શાળાએ આવતા હતા અને તેમને સોંપવામાં આવતી કામગીરી પણ



વિદ્યાર્થીઓ પાસે કરાવતા હતા.

શિક્ષિકાની સતત ગેરહાજરી અને બિનજવાબદાર વલણને કારણે વિદ્યાર્થીઓનું શિક્ષણ કાર્ય બગડી રહ્યું હોવાથી લાંબા સમયથી રોષ જોવા મળતો હતો. ગત 19 ઓગસ્ટના રોજ ગ્રામજનો દ્વારા આવેદનપત્ર આપી તપાસની માંગ કરાઈ હતી અને તપાસ અહેવાલ જિલ્લા કક્ષાએ મોકલવામાં આવ્યો હતો.

પરંતુ, તંત્ર દ્વારા આ મામલે નિર્ણય લેવામાં વિલંબ થતાં વાલીઓનો રોષ ફાટી નીકળ્યો હતો. વહેલી સવારે વાલીઓએ બાળકોને શાળાએ ન મોકલી શિક્ષણનો બહિષ્કાર કર્યો હતો અને શાળામાં તાળાબંધી કરી વિરોધ પ્રદર્શિત કર્યો હતો.

ઘટનાની જાણ થતાં તાલુકા શિક્ષણ અધિકારી પારસ હીરપરા સહિતનો કાફલો શાળાએ દોડી આવ્યો હતો. તેમણે સ્થાનિકો સાથે વાતચીત કરી સમગ્ર મામલે ઉચ્ચ કક્ષાએ રજૂઆત કરી હતી. ત્યારબાદ જિલ્લા શિક્ષણ અધિકારી દ્વારા શિક્ષિકા ઉષાબેનની બદલીનો તાત્કાલિક આદેશ કરાતાં તેમને છૂટા કરાયા હતા.

બદલીના હુકમ બાદ વાલીઓએ બહિષ્કાર પાછો ખેંચ્યો હતો અને શાળામાં શિક્ષણ કાર્ય ફરી રાબેતા મુજબ શરૂ થયું હતું. વહેલી સવારે વાલીઓએ બાળકોને શાળાએ ન મોકલી શિક્ષણનો બહિષ્કાર કર્યો હતો અને શાળામાં તાળાબંધી કરી વિરોધ પ્રદર્શિત કર્યો હતો.

# કોન્ટ્રાક્ટર લાયસન્સના નામે 50 હજારની લાંચ, સિંચાઈ વિભાગનો હેડ ક્લાર્ક અને વચેટિયો ACBના છટકામાં ઝડપાયા

**ડીસા**

ડીસા સિંચાઈ વિભાગમાં કોન્ટ્રાક્ટરનું લાયસન્સ કાઢી આપવા બદલ રૂ.50 હજારની લાંચ માગવાના આક્ષેપમાં મદદનીશ અધિક્ષક (હેડ ક્લાર્ક), વર્ગ-3ના નિમેષભાઈ જશુભાઈ પટેલ અને વચેટિયા ચમનભાઈ નાનજીભાઈ મિસ્ત્રી ACBના છટકામાં ઝડપાયા છે. ફરિયાદી લાંચ આપવા માંગતા ન હોવાથી ACBનો સંપર્ક કરતાં ગતરોજ ટ્રેપ ગોઠવવામાં આવ્યો હતો. ફરિયાદીએ કોન્ટ્રાક્ટરનું લાયસન્સ મેળવવા અરજી કરી હતી. આ લાયસન્સ કાઢી આપવા માટે બંને આરોપીઓએ એકબીજાના મેળાપીપણામાં રહી રૂ.50 હજારની લાંચની માંગણી કરી હોવાનો ફરિયાદમાં આક્ષેપ



કરાયો હતો. બાદમાં ACBની ટીમે ડીસા સિંચાઈ વિભાગ દાંતીવાડા નહેર કોલોની ખાતે છટકું ગોઠવ્યું હતું.

ટ્રેપ દરમિયાન આરોપીઓએ રૂ.50 હજારની લાંચ સ્વીકારતાં જ ACBની ટીમે બંનેને ઝડપી લીધા હતા. આરોપીઓ પાસેથી લાંચની સંપૂર્ણ રૂ.50 હજારની રકમ રિકવર કરવામાં આવી છે. લાંચની માંગણી અને સ્વીકાર અંગેની કાર્યવાહી બાદ બંને વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

દિવસે ચક્કાજામ અને રાત્રે સરિસૃપોનો ખૌફ

# છોટાઉદેપુર : નેશનલ હાઈવે 56 પર રાત્રિના સમયે અજગરોનું સામ્રાજ્ય; વાહનચાલકો અને સ્થાનિકોમાં ફફડાટ

**છોટાઉદેપુર, ઇમરાન મિર્ઝા**

છોટાઉદેપુર જિલ્લામાંથી પસાર થતા રાષ્ટ્રીય ધોરીમાર્ગ (નેશનલ હાઈવે) નંબર ૫૬ પર છેલ્લા કેટલાક સમયથી રાત્રિના સમયે મહાકાય અજગરો રસ્તા પર આવી જવાની ઘટનાઓમાં ચિંતાજનક વધારો થયો છે. રાત્રિના ગાઢ અંધકારમાં મુખ્ય માર્ગ પર આંટાફેરા મારતા અજગરોને કારણે સ્થાનિક રહીશો, રાહદારીઓ તેમજ વાહનચાલકોમાં ભારે ભય અને ફફડાટનો માહોલ વ્યાપી ગયો છે. જંગલ વિસ્તાર અને ભેજવાળા વાતાવરણને કારણે સરિસૃપો રોડ પર છોટાઉદેપુર જિલ્લો ગાઢ જંગલો અને પહાડી વિસ્તારોથી ઘેરાયેલો છે. ચોમાસાની ઋતુ દરમિયાન તથા રાત્રિના સમયે ડામરના રસ્તાઓ પર રહેતી ગરમાવો મેળવવા માટે અથવા ખોરાકની શોધમાં અજગરો જંગલ વિસ્તારમાંથી બહાર આવીને સીધા નેશનલ હાઈવે પર પહોંચી જાય છે. ૮ થી ૧૨ ફૂટ સુધીની લંબાઈ ધરાવતા આ મહાકાય અજગરો ઘણીવાર રસ્તાની વચ્ચોવચ બેસી રહેતા હોય છે, જેના કારણે રાત્રિના સમયે પસાર થતા વાહનચાલકોના શ્વાસ અધ્ધર થઈ જાય છે. હાઈવે પરથી રાત્રિ દરમિયાન ભારે



વાહનો, ફોર-વ્હીલર અને બાઈકચાલકો ઝડપભેર પસાર થતા હોય છે. અંધારામાં અચાનક જ રસ્તા પર અજગર આવી જતાં વાહનચાલકો દ્વારા અચાનક બ્રેક મારવામાં આવે છે, જેના કારણે મોટા અકસ્માતો સર્જાવાની પણ પૂરેપૂરી શક્યતા રહેલી છે. આ ઉપરાંત, કેટલીકવાર અજગરો વાહનો નીચે કચડાઈ જવાના અને વન્યજીવોના મોત થવાના કિસ્સા પણ સામે આવ્યા છે. સ્થાનિક ગામજનોના જણાવ્યા અનુસાર, 'રાત્રિના સમયે હાઈવે પરથી પસાર થવું હવે જોખમી બની ગયું છે. ઘણીવાર રસ્તા પર અજગર ક્રોસ કરતો હોય ત્યારે વાહનો થંભાવી દેવા પડે છે.

# સલ્ફર મિલમાં ટેકનિકલ ખામીથી ધુમાડો ફેલાયો, ફાયર ટીમે તાત્કાલિક સ્થિતિ સંભાળી

**અંકલેશ્વર**

અંકલેશ્વરની પાનોલી GIDCમાં આવેલી સલ્ફર મિલ લિમિટેડના પ્લાન્ટમાંથી અચાનક મોટા પ્રમાણમાં ધુમાડાના ગોટેગોટા નીકળતાં આસપાસના વિસ્તારમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. પ્લાન્ટમાંથી ધુમાડો નીકળતો જોઈ સ્થાનિકોમાં આગ લાગી હોવાની આશંકા સાથે ભય ફેલાયો હતો. પ્રાથમિક માહિતી મુજબ પ્લાન્ટમાં ટેકનિકલ ખામી સર્જાતાં સ્ક્રબરનું ઢાંકણું અચાનક ખુલી ગયું હતું. જેના પગલે અંદરનું મટિરિયલ બહાર નીકળતાં મોટા પ્રમાણમાં ધુમાડો ઉત્પન્ન થયો હોવાનું જાણવા મળ્યું છે. ઘટનાને પગલે કંપની તંત્ર દ્વારા તાત્કાલિક કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. ધુમાડાના ગોટેગોટા દેખાતાં કંપનીના ફાયર વિભાગની ટીમ તુરંત ઘટનાસ્થળે પહોંચી હતી અને જરૂરી કામગીરી કરી પરિસ્થિતિને કાબૂમાં લીધી હતી. સમયસરની કામગીરીને કારણે કોઈ મોટી અનિચ્છનીય ઘટના સર્જાઈ નહોતી અને કોઈ જાનહાનિ થઈ ન હોવાનું જાણવા મળ્યું છે. દરમિયાન પ્લાન્ટમાં ટેકનિકલ ખામી કયા કારણોસર સર્જાઈ અને સમગ્ર ઘટનાની હકીકત જાણવા ઈન્ડસ્ટ્રિયલ સેફ્ટી એન્ડ હેલ્થ વિભાગ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી છે.

# ગીરમાં 'ગુજ્જુ લવગુરુ' ચંદન રાઠોડને શ્રદ્ધાંજલિ અર્પણ

## માયાભાઈ આહીરે દિવંગત ચંદન રાઠોડ માટે પ્રાર્થના કરી; બિલેશ્વર મહાદેવ મંદિરે મિત્રોએ જૂની યાદો વાગોળ

**ઉના, કૈલેશ ભટ્ટ**

તાજેતરમાં અકસ્માતમાં મૃત્યુ પામેલા 'ગુજ્જુ લવગુરુ' તરીકે જાણીતા ચંદન રાઠોડની ગીરના ઘોડાવડી સ્થિત બિલેશ્વર મહાદેવ મંદિરમાં શ્રદ્ધાંજલિ સભા યોજાઈ હતી. આ શોકસભામાં લોકસાહિત્યકાર માયાભાઈ આહીર સહિત અનેક સ્નેહીજનો અને ચાહકો એકઠા થયા હતા. ઉપસ્થિત તમામ લોકોએ ઈશ્વર પાસે દિવંગતના આત્માની શાંતિ અને શોકગ્રસ્ત પરિવારને આ દુઃખ સહન કરવાની શક્તિ આપવા માટે ભાવપૂર્ણ પ્રાર્થના કરી હતી. ગીરના ઘોડાવડીમાં આવેલા બિલેશ્વર મહાદેવ મંદિરે 'ગુજ્જુ લવગુરુ' ચંદન રાઠોડ માટે શ્રદ્ધાંજલિ કાર્યક્રમ યોજાયો હતો. થોડા દિવસો પહેલાં એક માર્ગ અકસ્માતમાં તેમનું નિધન થયું હતું. આ પ્રસંગે માયાભાઈ આહીર, બંસીધર સ્ટુડિયોના માલિક કિશોરભાઈ લાખનોત્રા અને રાવતભાઈ કામળિયા ખાસ હાજર રહ્યા હતા. તમામ મિત્રોએ મહાદેવના ચરણોમાં સીધા પ્રાર્થના કરી આત્માની શાંતિ ઝંખી હતી. ચંદન રાઠોડના



અકાળે થયેલા અવસાનથી લોકસાહિત્યકાર માયાભાઈ આહીર અત્યંત ભાવુક બન્યા હતા. તેમણે ચંદન રાઠોડ સાથે વિતાવેલી જૂની ક્ષણો અને યાદોને મંચ પરથી વાગોળી હતી. માયાભાઈએ દિવંગતના શોકતપ્ત પરિવારજનો અને સ્વજનો પ્રત્યે ઊંડી સંવેદના વ્યક્ત કરી હતી. સ્વજન ગુમાવવાનું દુઃખ સમગ્ર પંથક માટે ખૂબ મોટો આઘાત બનીને સામે આવ્યું છે.

શ્રદ્ધાંજલિ સભામાં ઉપસ્થિત લોકોએ જણાવ્યું કે વ્યક્તિ દુનિયા છોડી જાય છે પરંતુ તેની યાદો કાયમ રહે છે. ચંદન રાઠોડ પોતાના કાર્યો અને મિલનસાર સ્વભાવ દ્વારા હંમેશાં લોકોના દિલમાં વસેલા રહેશે. તેમના પરિવારજનો, મિત્રો અને ચાહકોના હૃદયમાં તેમની સ્મૃતિઓ સદા જીવંત રહેશે. ભૌતિક હાજરી ન હોવા છતાં તેમની સકારાત્મક ઊર્જા દરેક સાથીદારો અનુભવી રહ્યા છે. બિલેશ્વર મહાદેવને પ્રાર્થના કરવામાં આવી કે દિવંગતના આત્માને પરમ શાંતિ પ્રાપ્ત થાય. આ સાથે જ અચાનક આવી પડેલી આ મોટી ખોટ સહન કરવાની શક્તિ પરિવારજનોને મળે તેવી યાચના કરાઈ હતી.



### આ એક કોમેડી સ્પાય થ્રિલર ફિલ્મ છે

# સારા અલી ખાનની ફિલ્મ ઉડતા તીરનું ધમાકેધાર ટ્રેલર રિલીઝ

મુંબઈ

આયુષ્માન ખુરાના અને સારા અલીખાન સ્ટારર એક્શન સિક્વન્સ ફિલ્મ 'ઉડતા તીર'નું ટ્રેલર રિલીઝ થઈ ગયું છે. આ એક કોમેડી સ્પાય થ્રિલર ફિલ્મ છે. ટ્રેલરમાં ભરપૂર કોમેડી દેખાઈ રહી છે. ટ્રેલરની શરૂઆત જ દમદાર ડાયલોગ સાથે થાય છે. જેમાં પાકિસ્તાનના સૈન્યના ઉચ્ચ અધિકારી કહે છે કે, હિન્દુસ્તાની એક કે બાદ એક અપને જાસુસ પાકિસ્તાન ભેજતે હી જા રહે હૈં. 3 મિનિટ અને 18 સેકન્ડનું ટ્રેલર ફીલ કરાવે છે કે, ફિલ્મ પૂરી રીતે થિયેટર્સ ફીલવાળી છે. એક્શન, રોમાંચ, રોમાન્સ, દેશભક્તિ અને સસ્પેન્સથી ભરપૂર ફિલ્મ ફેન્સને થિયટર્સમાં જવા મજબૂર કરે છે. કોમેડી સાથે ટ્વિસ્ટ

પેટ પકડીને હસાવવા માટે ફરીવાર આયુષ્માન અને સારા અલીખાન આવી રહ્યા છે. આ પહેલા પણ બન્નેની ફિલ્મ 'પતિ-પત્ની ઔર વો દો' આવી હતી. આ ફિલ્મ પણ કોમેડી સાથે દેશભક્તિના રંગેથી લોકોને રંગી દેશે. ટ્રેલર પરથી એ સમજી શકાય છે કે, ફિલ્મમાં આયુષ્માન ખુરાના એક પાકિસ્તાની જાસુસ છે અને તે ભારત આવે છે. એનું નામ બિલાલ છે. એક મિશન સાથે ભારતમાં આવે છે. સૌથી શોકિંગ ફ્રેમ એ છે કે, જ્યારે પાકિસ્તાનથી ફોન આવે છે અને પાછળથી ભારત માતા કી જયના જયજયકાર ગુંજે છે. એ સમયે આયુષ્માનના હાથમાં પણ તિરંગો હોય છે. સવાલ એ થાય કે, પાકિસ્તાની જાસુસ ભારત માતાની જય કેમ બોલી રહ્યો છે? આ જ સવાલની આસપાસ આ ફિલ્મ ફરી રહી છે. એકથી એક બેસ્ટ ટ્વિસ્ટ અને ફ્રેમ સાથે આયુષ્માન અને સારા અલગ અંદાજમાં જોવા મળે છે. રામ કપૂર અને ગુલશન ગ્રોવર પાકિસ્તાનના સૈન્યના ઉચ્ચ અધિકારીનો રોલ પ્લે કરે છે. એક નાનકડા બ્રેકબાદ સારા અલીખાન બિગ સ્ક્રિન પર કમબેક કરી રહી છે. સારા પોતાના દેશ માટે પાકિસ્તાનના જાસુસને પકડાવી દેવા માટે નેટવર્ક ઊભું કરે છે. આ માટે એક મિશન પર નીકળે છે. સારા અને આયુષ્માનની ઓનસ્ક્રિન કેમેસ્ટ્રી પણ દમદાર દેખાઈ રહી છે. એક પછી એક જાસુસ પકડાય પણ છે. એ કોણ છે એ સ્પષ્ટ થતું નથી પણ ટ્રેલર પરથી એટલું કહી શકાય કે ફિલ્મમાં ઘણી એવી ફની મોમેન્ટ જોવા મળી શકે છે. કોમેડીમાં એક વધારાનો ડોઝ ત્યારે આવે છે ત્યારે આતંકીસંગઠનના વીડિયો દર્શાવાય છે.

**આકાશ કૌશિક આ ફિલ્મથી ડાયરેક્ટર તરીકે ડેબ્યૂ કરી રહ્યા છે.**

# રશ્મિકાનો શાનદાર લૂક વાયરલ થયો

## રશ્મિકા મંદાનાએ ઈટાલીના મિલાનમાં રેડ કાર્પેટ પર પોતાના ગ્લેમરસ લુકથી તમામનું ધ્યાન ખેંચ્યું



મુંબઈ

મિલાન ફેશન વીકના રેડ કાર્પેટ પર રશ્મિકા મંદાનાએ શાનદાર એન્ટ્રી પોઝ આપ્યો હતો. બોલિવુડ અને સાઉથ સિનેમાની સુપરસ્ટાર રશ્મિકા મંદાનાએ ઈટાલીના મિલાનમાં યોજાયેલા ફેશન ઈવેન્ટના રેડ કાર્પેટ પર પોતાના ગ્લેમરસ લુકથી તમામનું ધ્યાન ખેંચ્યું છે. જેની તસવીરો અત્યારે વાયરલ થઈ રહી છે.

રશ્મિકા પોતાની ફિલ્મોને લઈને ચર્ચામાં રહેતી હોય છે. નેશનલ ક્રશ રશ્મિકાએ મિલાન રેડ કાર્પેટ માટે ઓલ-બ્લેક ડ્રેસ પસંદ કર્યો હતો. તેનો આ એજી (Edgy) અને વિશિષ્ટ બોલ્ડ લુક સોશિયલ મીડિયા પર ખૂબ વાયરલ થઈ રહ્યો છે. રશ્મિકાની આ તસવીરો પર ખૂબ જ લાઈક્સ અને કોમેન્ટ આવી રહી છે. આ ફેશન શો દરમિયાન રશ્મિકા ગ્લોબલ સેલિબ્રિટીઝ સાથે ફ્રન્ટ રોમાં બેઠેલી જોવા મળી હતી, જ્યાં તેણે ભારતીય સિનેમાનું ગૌરવપૂર્વક પ્રતિનિધિત્વ કર્યું હતું. રશ્મિકાએ વિદેશી લોકોમાં પણ પોતાની આગવી છાપ છોડી છે એટલે ભારત સિવાય અન્ય દેશોમાં પણ તેના ચાહકો ખૂબ જ છે. રશ્મિકાના ક્લોઝ-અપ ફેસ શોટની વાત કરવામાં આવે તો, તેના લુકને કમ્પ્લીટ કરવા માટે સ્મોકી આઈ મેકઅપ, ન્યૂડ લિપસ્ટિક અને ટ્રેન્ડી લો-બન હેરસ્ટાઈલ કેરી કરી હતી, જે તેના ગ્લેમરમાં ઉમેરો કરી રહી હતી. રશ્મિકાના હસતા અને કિલર કેન્ડિડ પોઝને લોકો ખૂબ જ પસંદ કરી રહ્યાં છે. સોશિયલ મીડિયા પર ફેન્સ રશ્મિકાની આ તસવીરો પર લાઈક્સ અને કમેન્ટ્સનો વરસાદ કરી રહ્યા છે. ફેન્સ તેને સાચા અર્થમાં 'ગ્લોબલ આઈકોન' ગણાવી રહ્યા છે. જાણીતી જાપાનીઝ ફેશન બ્રાન્ડ 'ઓનિત્સુકા ટાઈગર' ની બ્રાન્ડ એમ્બેસેડર તરીકે રશ્મિકાએ ઈન્ટરનેશનલ ફેશન સ્ટેજ પર પોતાની આગવી છાપ છોડી છે.

# 45 વર્ષની ઉંમરે 25 જેવો ગ્લો, શ્વેતા તિવારીનો સિઝલીંગ લૂક વાયરલ

## સોશિયલ મીડિયા પર તસવીરો સામે આવતાં જ ચાહકોએ કમેન્ટ્સ સેક્શનમાં પ્રશંસાનો વરસાદ વરસાવી દીધો છે

હૈદરાબાદ

ટેલિવિઝન ઈન્ડસ્ટ્રીની સૌથી લોકપ્રિય અને પ્રતિભાશાળી એક્ટ્રેસમાંથી એક એવી શ્વેતા તિવારી (Shweta Tiwari) પોતાની એક્ટિંગની સાથે-સાથે અસાધારણ ફિટનેસ અને ગોર્જિયસ ફેશન સેન્સ માટે સતત ચર્ચામાં રહે છે. તાજેતરમાં જ સ્મૃતિ ઈરાનીના આઈકોનિક શો 'ક્યોંકિ સાસ ભી કભી બહૂ થી'માં પોતાની આગામી ફિલ્મ 'ધ વન'ના પ્રમોશન અર્થે સ્પેશિયલ એપિયરન્સ આપ્યા બાદ શ્વેતા ફરી એકવાર પોતાના સિઝલિંગ ફોટોશૂટને લઈને સોશિયલ મીડિયા પર છવાઈ ગઈ છે. ૪૫ વર્ષની વયે પણ શ્વેતા તિવારીની ફિટનેસ અને યુવા અંદાજ જોઈને ફેન્સ દંગ રહી ગયા છે અને તેના નવા લુક પરથી નજર હટાવવી મુશ્કેલ બની ગઈ છે.

સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહેલાં ફોટોમાં શ્વેતા તિવારી લાઈટ બેબી પિંક કલરના બોડીકોન ડ્રેસમાં અત્યંત ગ્લેમરસ લાગી રહી છે. ફૂલ સ્લીવ્સ અને ડીપ સ્કૂપ-નેક કટ ધરાવતી આ ફિટેડ ડ્રેસ તેના બોડી શેપ અને ટોન્ડ ફિગરને પરફેક્ટ લુક આપી રહી છે. આ ડ્રેસમાં કમરના ભાગે આપવામાં આવેલી ડ્રેપ્ડ-સ્ટાઈલ ગેધરિંગ આઉટફિટને ટ્રેન્ડી અને મોર્ડન ટચ આપે છે. આ સુંદર ક્લાસિક આઉટફિટ સાથે નેકલાઈનને હાઈલાઈટ કરવા માટે શ્વેતાએ સિલ્વર અને પિંક સ્ટોન વર્ક ધરાવતો સ્ટેટમેન્ટ નેકપીસ તેમજ મેચિંગ ડેંગલર ઈયરરિંગ્સ પહેર્યા છે, જેણે તેના ક્લાસિક લુકમાં ચાર ચાંદ લગાવવાનું કામ કર્યું હતું. વાત કરીએ શ્વેતા તિવારીના બ્યુટીફૂલ મેકઅપ અને હેરસ્ટાઈલની તો ખુલ્લા, સોફ્ટ વેવી હેરસ્ટાઈલ અને સાઈડ-પાર્ટિંગ લુક અભિનેત્રીના ચહેરાને વધુ આકર્ષક બનાવી રહ્યો છે. શ્વેતાએ ન્યૂડ લિપસ્ટિક, સ્મોકી આઈઝ અને હળવા બ્લશ સાથે અત્યંત નેચરલ અને મિનિમલ મેકઅપ પસંદ કર્યો છે.

સોશિયલ મીડિયા પર તસવીરો સામે આવતાં જ ચાહકોએ કમેન્ટ્સ સેક્શનમાં પ્રશંસાનો વરસાદ વરસાવી દીધો છે. ઘણા યુઝર્સે તેને 'એજલેસ બ્યુટી' ગણાવી છે, તો કેટલાક ચાહકો કમેન્ટ કરી રહ્યા છે કે વધતી ઉંમર સાથે શ્વેતા વધુ યુવાન અને સુંદર દેખાઈ રહી છે.

તેનો આત્મવિશ્વાસ અને કેમેરા સમક્ષ પોઝ આપવાનો કાતિલાના અંદાજ હાલ ઈન્ટરનેટ પર જોરદાર વાઈરલ થઈ રહ્યો છે.






# 'મિર્ઝાપુર' પછી હવે 'પંચાયત' સિરીઝ પર પણ બનશે ફિલ્મ

## 'પંચાયત' માત્ર મુખ્ય પાત્ર પર આધારિત સીરિઝ નથી. મંજુ દેવી, બનરાકસ, પ્રધાન-પતિ બ્રિજભૂષણ અને સચિવજી જેવા પાત્રોએ પણ સમય જતાં સ્ટોરી અને સંબંધો વિકસાવ્યા છે

મુંબઈ

ઓટીટીની બ્લોકબસ્ટર સીરિઝ 'મિર્ઝાપુર' પર આધારિત ફિલ્મ 'મિર્ઝાપુર ધ મૂવી'ને બોક્સ ઓફિસ પર જબરદસ્ત સફળતા મળી છે ત્યારથી લોકપ્રિય સ્ટ્રીમિંગ શોને મોટા પડદા પર લાવવાની શક્યતાઓને લઈને પણ ચર્ચા વધી છે. 'પંચાયત'ને લઈને પણ ઘણા લોકોનું માનવું છે કે તેને થિયેટર માટે એડેપ્ટ કરી શકાય છે. હળવી હ્યુમર અને ગ્રામીણ ભારતના વાસ્તવિક જીવનની ઝલક રજૂ કરવાની શૈલીને કારણે આ સીરિઝે ચાર સીઝનમાં એક મોટો અને સમર્પિત ફેનબેઝ બનાવ્યો છે. હવે સીરિઝમાં 'પ્રધાનજી'નું પાત્ર ભજવનાર અભિનેતા રઘુવીર યાદવે જણાવ્યું હતું કે 'પંચાયત' પર ફિલ્મ બનશે કે નહીં. 'પંચાયત'ના થિયેટરમાં પહોંચવાની શક્યતા અંગે વાત કરતા રઘુવીર યાદવે કહ્યું કે તેઓ આ નિર્ણય સર્જકો પર છોડશે. અભિનેતાએ સ્વીકાર્યું કે તેમણે પોતે પણ આ અંગે વિચાર્યું નથી કે સીરિઝને ફિલ્મમાં રૂપાંતરિત કરવી જોઈએ કે નહીં. રઘુવીર યાદવે કહ્યું, 'મને ખબર નથી, તે રાઈટર પર નિર્ભર કરે છે. જો ફિલ્મ બને છે તો હું તેમાં દખલ નહીં કરું. હું તો એ પણ વિચારી શકતો નથી કે આ ફિલ્મ બનવી જોઈએ કે નહીં. એ તેમની વિચારસરણી છે. જો ફિલ્મ બને છે તો હું તેમાં કામ કરીશ.'

રઘુવીર યાદવના મતે 'પંચાયત'ને ફિલ્મના સ્વરૂપમાં રજૂ કરવી તેની વાર્તા કહેવાની શૈલી માટે એક પડકાર બની શકે છે. તેમણે કહ્યું હતું કે શક્ય છે કે લેખકના મનમાં હજુ ઘણા સીઝનની વાર્તાઓ હોય. તેમણે કહ્યું હતું કે 'કદાચ રાઈટરના મનમાં હજુ ઘણી સીઝન હશે. તો પછી ફિલ્મ બનાવીને સિઝન કેમ બગાડશે?'

રઘુવીર યાદવે એ પણ જણાવ્યું કે 'પંચાયત'ના વિવિધ પાત્રો અને તેમની અલગ-અલગ કહાનીઓને કારણે સમગ્ર દુનિયાને બે કે ત્રણ કલાકની ફિલ્મમાં સમેટવી સરળ નથી.

# હોલીવૂડ ફિલ્મમેકર હાર્વે વીનસ્ટીન યૌન શોષણ કેસમાં ફરી દોષિત:15 વર્ષની સજા

મુંબઈ

હોલીવૂડના ફિલ્મમેકર રહી ચૂકેલા હાર્વી વીનસ્ટીનને ન્યૂયોર્કમાં 15 વર્ષની જેલની સજા સંભળાવવામાં આવી. તેને તેના દ્વારા નિર્મિત રિયાલિટી ટીવી શો 'પ્રોજેક્ટ રનવે'ની પ્રોડક્શન ટીમની આસિસ્ટન્ટ મિરિયમ હેલી સાથે સંબંધિત યૌન અપરાધમાં દોષિત ઠેરવવામાં આવ્યો છે. ન્યૂયોર્કની અદાલતે મંગળવારે આ સજા સંભળાવી. 2025માં થયેલા પુનઃટ્રાયલમાં વીનસ્ટીનને દોષિત ઠેરવાયા બાદ આ સજા સંભળાવવામાં આવી હતી. પ્રોસિક્યુશને 20 વર્ષની સજા અને મુક્તિ બાદ 5 વર્ષ સુધી દેખરેખની માંગ કરી હતી. ડિફેન્સે વીનસ્ટીનની સ્વાસ્થ્ય સંબંધિત સમસ્યાઓનો હવાલો આપીને 9 વર્ષની સજાની માંગ કરી હતી. વીનસ્ટીને અદાલતમાં કહ્યું, 'હું એક પરફેક્ટ માણસ નથી. પરંતુ હું એવો માણસ છું, જેણે ભૂલો કરી છે.' તેણે કહ્યું કે, 2017 પછી બનેલી ઘટનાઓ વિશે વિચારવાથી તેને સમજાયું કે તેના જૂના વર્તનથી અન્ય લોકો પર ખરાબ અસર પડી હતી. તેણે એવા લોકોની માફી માંગી, જેમને તેના કૃત્યોથી કદાચ દુઃખ પહોંચ્યું હશે. જોકે, તેણે પોતાની નિર્દોષતા ફરી દોહરાવી અને કહ્યું કે તે હિંસક વ્યક્તિ નથી. 2017માં હાર્વી વીનસ્ટીન પર અનેક મહિલાઓએ જાતીય ઉત્પીડન અને જાતીય શોષણના આરોપો લગાવ્યા હતા. આ ખુલાસાઓ બાદ ⋆MeToo આંદોલનને વિશ્વભરમાં મોટી ગતિ મળી. જોકે, ⋆MeTooની શરૂઆત 2006માં કાર્યકર તરાના બર્કે કરી હતી. 2017માં એક્ટ્રેસ એલિસા મિલાનોની સોશિયલ મીડિયા પોસ્ટ બાદ આ હેશટેગ વિશ્વભરમાં ઝડપથી વાયરલ થયો હતો. જજે કહ્યું- 'જાતીય શિકારી તરીકે યાદ કરવામાં આવશે' જજ કર્ટિસ ફાર્બેરે કહ્યું કે, 'વીનસ્ટીનને તેમની ફિલ્મો માટે યાદ કરવામાં આવી શકે છે, પરંતુ મિરિયમ હેલી સાથે તેમણે જે કર્યું તેની સામે તેમનું એ કામ પણ નાનું પડી જાય છે.



### ગંભીરના મતે ગિલ નસીબદાર છે કે તેને આવા અનુભવી ખેલાડીઓનો સાથ મળ્યો છે, જે મેદાન પર અને બહાર મદદરૂપ થાય છે

# શુભમન ગિલ નસીબદાર છે કે તેને રોહિત-વિરાટનો સાથ મળ્યો

મુંબઈ

ભારતીય ક્રિકેટ ટીમના કોચ ગૌતમ ગંભીરે યુવા કેપ્ટન શુભમન ગિલના નેતૃત્વની પ્રશંસા કરી. તેમણે રોહિત શર્મા અને વિરાટ કોહલીના માર્ગદર્શનને મહત્ત્વપૂર્ણ ગણાવ્યું. વેસ્ટ ઈન્ડિઝ સામેની 3 વન-ડે સીરિઝની પ્રથમ મેચ 27 સપ્ટેમ્બરે તિરુવનંતપુરમમાં રમાશે. ગંભીરના મતે ગિલ નસીબદાર છે કે તેને આવા અનુભવી ખેલાડીઓનો સાથ મળ્યો છે, જે મેદાન પર અને બહાર મદદરૂપ થાય છે. વેસ્ટ ઈન્ડિઝ સામેની આગામી 3 મેચની વન-ડે સીરિઝ પહેલા ભારતીય ક્રિકેટ ટીમના મુખ્ય કોચ ગૌતમ ગંભીરે યુવા કપ્તાન શુભમન ગિલની આગેવાની અને તેના વિકાસમાં રોહિત શર્મા તથા વિરાટ કોહલીના યોગદાનની ભરપૂર પ્રશંસા કરી છે.



ભારત અને વેસ્ટ ઈન્ડિઝ વચ્ચેની આ સીરિઝની પ્રથમ વન-ડે મેચ આગામી 27 સપ્ટેમ્બરે તિરુવનંતપુરમના ગ્રીનફિલ્ડ ઈન્ટરનેશનલ સ્ટેડિયમ ખાતે રમાશે. ગિલ ગત વર્ષથી વન-ડે ટીમનું સુકાન સંભાળી રહ્યા છે અને 2027ના વન-ડે વર્લ્ડ કપને ધ્યાનમાં રાખીને ટીમનું નેતૃત્વ કરી રહ્યા છે. આ સમગ્ર સફરમાં વરિષ્ઠ ખેલાડીઓનું માર્ગદર્શન અત્યંત મહત્ત્વપૂર્ણ સાબિત થઈ રહ્યું છે. જીઓસ્ટાર સાથેની મુલાકાતમાં ગૌતમ ગંભીરે જણાવ્યું હતું કે વન-ડે ક્રિકેટમાં શુભમન ગિલ ખૂબ જ નસીબદાર છે કે તેને મેદાન પર અને મેદાનની બહાર માર્ગદર્શન આપવા માટે રોહિત અને વિરાટ જેવા અનુભવી ખેલાડીઓનો સાથ મળ્યો છે. નાની વયે ઘણીવાર લાગણીઓમાં તણાઈ જવાની સંભાવના રહે છે, પરંતુ ગિલે પોતાની શાંતિ જાળવી રાખીને ઉત્તમ પરિપક્વતા દર્શાવી છે. રોહિત શર્મા અને વિરાટ કોહલીની ટીમમાં વાપસીથી ભારતીય બેટિંગ લાઈન-અપને વધુ મજબૂતી મળશે, જ્યારે કેએલ રાહુલ ઉપાધ્યાય તરીકેની જવાબદારી સંભાળીને ટીમને સ્થિરતા પ્રદાન કરશે.

## સંજુને હટાવીને વૈભવને રમાડવા અંગે ગંભીરનો ખુલાસો

મુંબઈ

ભારતના હેડ કોચ ગૌતમ ગંભીરે સંજુ સેમસનને બહાર બેસાડીને વૈભવ સૂર્યવંશીને રમાડવાના નિર્ણયને મુશ્કેલ ગણાવ્યો છે. તેમણે કહ્યું કે આ નિર્ણય લીધા બાદ તેઓ આખી રાત સૂઈ શક્યા નહોતા. ઈંગ્લેન્ડ સામે જુલાઈમાં રમાયેલી 5 મેચોની ટી-20 આંતરરાષ્ટ્રીય શ્રેણીની પ્રથમ મેચ બાદ સેમસનને ટીમમાંથી બહાર કરી દેવામાં આવ્યો હતો. તેમની જગ્યાએ વૈભવને તક મળી અને તેણે ટી-20 આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ડેબ્યૂ કર્યું. જોકે, વૈભવની ડેબ્યૂ મેચમાં ભારતને હારનો સામનો કરવો પડ્યો હતો. ભારત આ શ્રેણી 4-0થી હારી ગયું હતું. ગંભીરે કહ્યું કે વૈભવ શાનદાર ફોર્મમાં હતો અને ભારતે શ્રેણી જીતવી જરૂરી હતી. આ જ કારણે સેમસનની જગ્યાએ વૈભવને રમાડવાનો નિર્ણય લેવામાં આવ્યો. ગંભીરે જિયોસ્ટાર સાથે ભારતની વેસ્ટ ઈન્ડિઝ સામેની ઘરેલુ સિઝન પહેલાં વાતચીત કરી હતી. તેમણે કહ્યું કે સેમસન ભારતના ટી-20 વર્લ્ડ કપ વિજયમાં પ્લેયર ઓફ ધ ટુર્નામેન્ટ રહ્યા હતા. જે ખેલાડી પ્લેયર ઓફ ધ ટુર્નામેન્ટ રહ્યો હોય, તેને ત્રણ કે ચાર મેચ બાદ બહાર કરવો સરળ નહોતો. તેનું કારણ એ હતું કે વૈભવ પણ શાનદાર ફોર્મમાં હતા. અમારે સિરીઝ જીતવી હતી. જ્યારે તમે ભારત માટે રમો છો અથવા ભારતને કોચ કરો છો, ત્યારે દરેક સિરીઝ જીતવા માંગો છો. ગંભીરએ આગળ કહ્યું, મેં સંજુ સાથે ખૂબ જ પ્રામાણિકતાથી વાત કરી. મેં તેમને કહ્યું કે વૈભવ શાનદાર ફોર્મમાં છે. અમને ટોપ ઓર્ડરમાં રન બનાવનાર ખેલાડીની જરૂર છે.

### ડેબ્યુ મેચમાં અરબ ગુલે 4 વિકેટ ઝડપી

## એશિયન ગેમ્સ- અફઘાનિસ્તાને જાપાનને 48 રનથી હરાવ્યું

નવી દિલ્હી

અફઘાનિસ્તાને એશિયન ગેમ્સની પુરુષ ક્રિકેટમાં જીત સાથે અભિયાનની શરૂઆત કરી. ગ્રુપ-એની મેચમાં અફઘાનિસ્તાને જાપાનને 48 રને હરાવ્યું. અફઘાનિસ્તાને પહેલાં બેટિંગ કરતાં 20 ઓવરમાં 6 વિકેટે 129 રન બનાવ્યા. જવાબમાં જાપાનની ટીમ 19.3 ઓવરમાં 81 રને ઓલઆઉટ થઈ ગઈ. અફઘાનિસ્તાનની જીતના હીરો તેના સ્પિનરો રહ્યા. ટી-20 આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ડેબ્યૂ કરી રહેલા રાઈટ-આર્મ રિસ્ટ સ્પિનર અરબ ગુલે 8 રન આપીને 4 વિકેટ ઝડપી. લેફ્ટ-





આર્મ સ્પિનર નંગેયાલિયા ખારોટે 19 રન આપીને 3 વિકેટ ઝડપી. 53 રન પર 2 વિકેટથી 81 રને ઓલઆઉટ થયું જાપાન 130 રનના લક્ષ્યનો પીછો કરતાં જાપાને સાવચેતીપૂર્વક શરૂઆત કરી. ટીમે 8 ઓવરમાં 2 વિકેટે 53 રન બનાવી લીધા હતા. ત્યારબાદ અરબ ગુલે 12મી અને 14મી ઓવરમાં બે-બે વિકેટ લઈને જાપાનના મિડલ ઓર્ડરને ધ્વસ્ત કરી દીધો. જાપાનનો સ્કોર 60 રન પર 4 વિકેટથી વધીને 63 રન પર 8 વિકેટ થઈ ગયો. ત્યારબાદ અબ્દુલ્લાહ અહમદઝઈ અને ખારોટેએ નીચલા ક્રમને સમેટી દીધો. જાપાનની આખી ટીમ 19.3 ઓવરમાં 81 રન પર ઓલઆઉટ થઈ ગઈ. ટોસ હારીને પહેલાં બેટિંગ કરવા ઉતરેલી અફઘાનિસ્તાનની શરૂઆત ધીમી રહી. મોહમ્મદ અકરમે 34, કેપ્ટન દરવિશ રસૂલીએ 29 અને કરીમ જનતે 21 રન બનાવ્યા. નંબર-6 પર બેટિંગ કરવા આવેલા મોહમ્મદ ઈશાકે 17 બોલમાં અણનમ 25 રન બનાવ્યા.

## એશિયન ગેમ્સ- ભારતને મિક્સ્ડ સ્કીટમાં પ્રથમ વખત મેડલ

### શૂટર નારૂકા-ધાલીવાલે બ્રોન્ઝ અપાવ્યો; રોશિબિનાને વુશુમાં સિલ્વર, રોઈંગમાં બ્રોન્ઝ મળ્યો

મુંબઈ

નિશાનેબાજ અનંતજીત સિંહ નારૂકા અને પરિનાઝ ધાલીવાલની જોડીએ એશિયન ગેમ્સમાં ભારતને બ્રોન્ઝ અપાવ્યો. આ જોડી શોટગન શૂટિંગની સ્કીટ મિક્સ્ડ ટીમ ઈવેન્ટની ફાઈનલમાં 48માંથી 44 નિશાન લગાવીને ત્રીજા સ્થાને રહી. ગેમ્સના ઈતિહાસમાં આ ઈવેન્ટમાં ભારતને પ્રથમ વખત મેડલ મળ્યો છે. આ વર્તમાન એશિયન ગેમ્સમાં શૂટિંગનો 8મો મેડલ છે. તેમાં 4 સિલ્વર અને 4 બ્રોન્ઝ સામેલ છે. આ મેડલ સાથે મેડલ ટેલીમાં ભારતના એક ગોલ્ડ, 6 સિલ્વર અને 8 બ્રોન્ઝ સાથે કુલ 15 મેડલ થઈ ગયા છે. બીજી તરફ, ચીનના મેડલોની સંખ્યા 100ને પાર થઈ ગઈ છે. એશિયન ગેમ્સના પાંચમા દિવસે રોશિબિના દેવીએ સિલ્વર મેડલ જીત્યો. આ દરમિયાન, સતનામ સિંહ અને સલમાન ખાનની જોડીએ રોઈંગમાં બ્રોન્ઝ મેડલ મેળવ્યો. રોશિબીના દેવીએ એશિયન ગેમ્સના 5મા દિવસે ગુરુવારે સિલ્વર મેડલ જીત્યો. તે મહિલાઓની 60 કિગ્રા સાંડા ઈવેન્ટની ફાઈનલમાં ચીનની ઝાંગ શિયાઓયુ સામે 0-2થી હારી ગઈ. આ રોશિબીનાનો એશિયન ગેમ્સમાં સતત ત્રીજો મેડલ છે. તેઓ એશિયાડમાં સતત ત્રણ મેડલ જીતનારી પ્રથમ ભારતીય મહિલા વુશુ ખેલાડી બની ગઈ છે. તેમણે 2018માં જકાર્તામાં બ્રોન્ઝ અને 2023માં હાંગઝોઉમાં સિલ્વર જીત્યો હતો. બીજી તરફ, રોઈંગમાં સતનામ સિંહ અને સલમાન ખાનની જોડીએ મેન્સ ડબલ્સ સ્કલ ઈવેન્ટમાં 6:13.25 મિનિટના સમય સાથે ત્રીજું સ્થાન મેળવ્યું. ભારત અત્યાર સુધીમાં 13 મેડલ જીતી ચૂક્યું છે. તેણે 1 ગોલ્ડ, 5 સિલ્વર અને 7 બ્રોન્ઝ જીત્યા છે. ભારત મેડલ ટેલીમાં 14મા સ્થાને છે. ટેબલ ટેનિસની મહિલા ડબલ્સની મેચોમાં ભારતીય જોડીઓએ પોતાની-પોતાની મેચ જીતી લીધી છે. રાઉન્ડ ઓફ 32માં યશસ્વિની ઘોરપડે-દિયા ચિતાલેએ ઈરાનની સેતાયેશ ઈલૂખાની-મહશિદ અશ્તારીને 3-0થી હરાવ્યાં.





### ખાંડ મિલોએ ફરી એકવાર લઘુત્તમ વેચાણ ભાવ (MSP) વધારીને રૂ. 45 પ્રતિ કિલો કરવાની માંગ કરી

## એક્સ-મિલ ખાંડના ભાવમાં 30%નો ઘટાડો

મુંબઈ

દેશભરમાં રિટેલ ખાંડના ભાવ આશરે ૧૧-૧૨% ઘટીને આશરે રૂ. ૫૭.૫૦ પ્રતિ કિલો થયા છે, જ્યારે સરકારના કડક પગલાંને કારણે આ મહિને એક્સ-મિલ ખાંડના ભાવમાં લગભગ 30% ઘટાડો થયો છે. તહેવારોની મોસમ દરમિયાન પૂરતા સ્ટોક અને કડક નિયમો ખાંડના ભાવને નિયંત્રણમાં રાખે તેવી અપેક્ષા છે. આ મહિને એક્સ-મિલ ખાંડના ભાવમાં આશરે 30% ઘટાડો થયો છે, જેના કારણે આ મહિને રિટેલ ખાંડના ભાવમાં ૧૨% ઘટાડો થયો છે. તહેવારોની મોસમ દરમિયાન પૂરતા સ્ટોક અને કડક નિયમો ખાંડના ભાવને નિયંત્રણમાં રહેવાની અપેક્ષા છે. શેરડીની નવી પિલાણ સીઝન પણ શરૂ થવાની છે,



જેનાથી ભાવ પર વધુ દબાણ આવવાની અપેક્ષા છે. ખાંડ મિલોએ ફરી એકવાર કેન્દ્ર સરકાર પાસે લઘુત્તમ વેચાણ ભાવ (MSP) વધારીને રૂ. ૪૫ પ્રતિ કિલો કરવાની માંગ કરી છે. ઈન્ડિયન સુગર એન્ડ બાયો-એનર્જી મેન્યુફેક્ચરર્સ એસોસિએશન (ISMA) અને નેશનલ ફેડરેશન ઓફ કોઓપરેટિવ સુગર ફેક્ટરીઝ (NFCSF)ના સંયુક્ત નિવેદનમાં જણાવાયું છે કે ૧૭ ઓગસ્ટથી ૩૧ ઓગસ્ટ દરમિયાન ભાવમાં થોડો વધારો થયો હતો તે સમયગાળા દરમિયાન ખાંડ મિલોએ માત્ર ૭.૨૨ લાખ મેટ્રિક ટન ખાંડ વેચી હતી. તેનો સરેરાશ એક્સ-મિલ ભાવ પ્રતિ ક્વિન્ટલ ૪,૯૯૬.૯૮ રૂપિયા (આશરે ૫૦ રૂપિયા પ્રતિ કિલો) હતો, જે હવે ઘટીને ૪,૪૫૦ રૂપિયા પ્રતિ ક્વિન્ટલ થઈ ગયો છે, જે તેની ટોચની કિંમતથી આશરે 30% ઓછો છે. ગયા મહિને, રિટેલ બજારમાં ખાંડના ભાવ ૬૫ રૂપિયા સુધી વધી ગયા હતા, પરંતુ હવે તેમાં તીવ્ર ઘટાડો જોવા મળ્યો છે. સપ્ટેમ્બરમાં મૂલ્ય શ્રૃંખલામાં ખાંડના ભાવમાં ઘટાડો થયો છે. એસોસિએશનના જણાવ્યા અનુસાર, દેશભરમાં રિટેલ ખાંડના ભાવ આશરે ૧૧-૧૨% ઘટીને ૫૭.૫૦ રૂપિયા પ્રતિ કિલો થયા છે. ઊંચા ભાવ સમયગાળા દરમિયાન વેચાયેલી ખાંડનો જથ્થો ભારતના વાર્ષિક સ્થાનિક વપરાશના ૨.૫% કરતા ઓછો હતો (આશરે ૨૮.૫ મિલિયન મેટ્રિક ટન).

### પીએમઆઈ 56.50 સાથે જૂન બાદ ઊંચી સપાટીએ

## સપ્ટેમ્બરમાં ઉત્પાદન તથા સેવા બન્ને ક્ષેત્રમાં નવા વેપારમાં ઝડપી વૃદ્ધિ

મુંબઈ

ઉત્પાદન ક્ષેત્રના સારા દેખાવની આગેવાનીએ સપ્ટેમ્બરમાં દેશમાં ખાનગી ક્ષેત્રની વેપાર પ્રવૃત્તિમાં મજબૂતાઈ જોવા મળી રહી છે. એચએસબીસી ફ્લેશ ઈન્ડિયા પરચેઝિંગ મેનેજર્સ' ઈન્ડેક્સ (પીએમઆઈ) સર્વે રિપોર્ટમાં સપ્ટેમ્બરની ઉત્પાદન તથા સેવા ક્ષેત્રની કામગીરીનો પ્રારંભિક અંદાજ અપાયો છે.

ઓગસ્ટમાં ઉત્પાદન તથા સેવા ક્ષેત્રનો સંયુકત અંતિમ પીએમઆઈ જે ૫૪.૩૦ રહ્યો હતો તેની સરખામણીએ સપ્ટેમ્બરનો સંયુકત પ્રારંભિક પીએમઆઈ વધી ૫૬.૫૦ જોવા મળી રહ્યો છે, જે જૂન બાદ સપ્ટેમ્બરમાં ખાનગી ક્ષેત્રની પ્રવૃત્તિમાં મજબૂત વિસ્તરણ



થયાનું સૂચવે છે. ઉત્પાદન તથા સેવા ક્ષેત્રમાં કામગીરી ઝડપી રહી છે અને નવા ઓર્ડરોમાં પણ ઝડપી વધારો થયો છે. ઓગસ્ટનો ઉત્પાદન ક્ષેત્રનો ફ્લેશ (પ્રારંભિક) પીએમઆઈ જે ૫૨.૮૦ રહ્યો હતો તેની સરખામણીએ સપ્ટેમ્બરનો આ આંક ૫૫.૭૦ રહ્યો હતો. છેલ્લા સાત મહિનામાં સપ્ટેમ્બરમાં ઉત્પાદન ક્ષેત્રની પ્રવૃત્તિ મજબૂત જોવા મળી રહી છે. સેવા ક્ષેત્રનો ફ્લેશ પીએમઆઈ ૫૪.૧૦ પરથી વધી ૫૫.૮૦ રહ્યો છે. ઉત્પાદન તથા સેવા બન્ને ક્ષેત્રમાં મજબૂત માગને પરિણામે નવા વેપારમાં ઝડપી વૃદ્ધિ જોવા મળી છે. સેવા ક્ષેત્રમાં વેપારમાં વધારો થવા પાછળનું કારણ માર્કેટિંગ પ્રયાસો રહેલું છે. ખાસ કરીને પ્રોપર્ટીસ, પરિવહન સેવાઓ તથા ટ્રાવેલ બુકિંગ્સમાં પ્રવૃત્તિમાં વધારો થયો છે. બીજી ઉત્પાદન ક્ષેત્રમાં એલ્યુમિનિયમ પ્રોડકટસ, ઈલેકટ્રોનિક ચીજવસ્તુઓ, ફાર્મા ગુડસમાં મજબૂત માગ જોવા મળી રહી છે.

### ગ્રામીણ વિસ્તારોમાં ટુ-વ્હીલરના રજિસ્ટ્રેશનમાં 20.25%નો વધારો નોંધાયો

## ઈલેક્ટ્રિક સ્કૂટરની પ્રારંભિક કિંમતો પેટ્રોલ સ્કૂટર્સની નજીક પહોંચી ગઈ

### જાન્યુઆરીથી ઓગસ્ટ 2026 દરમિયાન કુલ સ્કૂટર વેચાણ 31% વધીને 60,72,000 યુનિટ્સ થયું છે. ઓગસ્ટમાં ઈલેક્ટ્રિક સ્કૂટરનું વેચાણ 131% વધીને 1,89,000 યુનિટ્સ થયું, જે કુલ સ્કૂટર માર્કેટના 22% છે

મુંબઈ

ઈલેક્ટ્રિક સ્કૂટર્સ પેટ્રોલ મોડલ્સ સાથેના ખરીદ કિંમતના તફાવતને ઝડપથી ઘટાડી રહ્યા છે, જેના કારણે આ સેગમેન્ટને નવો વેગ મળ્યો છે. હવે ઈલેક્ટ્રિક સ્કૂટરની પ્રારંભિક કિંમતો મુખ્ય પ્રવાહના ૧૧૦-૧૨૫ સીસી પેટ્રોલ સ્કૂટર્સની બરાબર નજીક પહોંચી ગઈ છે. વિવિધ કંપનીઓના મોટાભાગના મોડલ્સ ગયા વર્ષે આશરે રૂ. ૧૫,૦૦૦ વધુ મોંઘા હતા, પરંતુ હવે તેઓ પેટ્રોલ મોડલ્સ સામે સખત સ્પર્ધા આપી રહ્યા છે, જે રૂ. ૮૦,૦૦૦ થી રૂ. ૧,૦૦,૦૦૦ ની કિંમતમાં ઉપલબ્ધ છે. કિંમતનો આ ઘટતો તફાવત ખરીદીના સમીકરણો બદલી રહ્યો છે, ખાસ કરીને વધુ દૈનિક વપરાશ ધરાવતા ગ્રાહકો માટે. આ બદલાવ ઈન્ડસ્ટ્રીના વેચાણ આંકડાઓમાં સ્પષ્ટ દેખાય





છે. સિઆમના ડેટા અનુસાર, જાન્યુઆરીથી ઓગસ્ટ ૨૦૨૬ દરમિયાન સ્કૂટરનું કુલ વેચાણ વાર્ષિક ધોરણે ૩૧% વધીને ૬૦,૭૨,૦૦૦ યુનિટ્સ થયું હતું, જે ગયા વર્ષે આ સમયગાળામાં ૪૬,૪૮,૦૦૦ યુનિટ્સ હતું. ઓગસ્ટ મહિનામાં સ્કૂટરનું હોલસેલ વેચાણ ૨૩.૮% વધીને ૮,૫૫,૭૧૫ યુનિટ્સ થયું હતું, જે અગાઉના વર્ષના ૬,૯૧,૪૩૦ યુનિટ્સની સરખામણીએ અત્યાર સુધીનું સૌથી વધુ માસિક વેચાણ છે. ઈલેક્ટ્રિક ટુ-વ્હીલર્સની વાત કરીએ તો ઓગસ્ટ મહિનાના ડેટામાં બે ગણાથી વધુ વૃદ્ધિ જોવા મળી છે. ૨૫૦ વોટથી વધુ મોટર પાવર ધરાવતા સ્કૂટર્સનું વેચાણ આ મહિના દરમિયાન ૧,૮૫,૩૦૩ યુનિટ્સ નોંધાયું હતું, જે ગયા વર્ષના સમાન સમયગાળામાં ૮૧,૦૧૭ યુનિટ્સ હતું. ખરીદી અને જાળવણીના ઓછા ખર્ચ તેમજ વધતી જતી ચાર્જિંગ સુવિધાઓને કારણે ઈલેક્ટ્રિક સ્કૂટર્સ મુખ્ય ગ્રોથ એન્જિન તરીકે ઊભરી રહ્યા છે. ઈન્ડસ્ટ્રીના ડેટા દર્શાવે છે કે ઓગસ્ટમાં કુલ ઈલેક્ટ્રિક સ્કૂટરનું હોલસેલ વેચાણ આશરે ૧,૮૯,૦૦૦ યુનિટ્સ રહ્યું હતું, જે વાર્ષિક ધોરણે આશરે ૧૩૧%નો વધારો દર્શાવે છે અને સ્કૂટર માર્કેટના આશરે ૨૨% જેટલું છે.

તેની સરખામણીએ મોટરસાઈકલના વેચાણમાં ધીમી વૃદ્ધિ જોવા મળી છે. ઓગસ્ટમાં મોટરસાઈકલનું વેચાણ માત્ર ૨.૪% વધીને ૧૧,૩૩,૦૪૭ યુનિટ્સ રહ્યું હતું, જોકે કુલ વેચાણના આંકડામાં મોટરસાઈકલ્સ હજુ પણ આગળ છે.

## 2 ઓક્ટોબરે UPIથી પેમેન્ટ નહીં કરી શકો

- **દેશભરમાં વેપારીઓ QR કોડને કાળા કપડાથી ઢાંકશે; ₹2000થી વધુના ટ્રાન્ઝેક્શન પર ચાર્જનો વિરોધ**

મુંબઈ

જો તમે તમારા ખિસ્સામાં રોકડ રાખતા નથી અને ફક્ત UPIથી જ ચુકવણી કરો છો, તો 2 ઑક્ટોબરે તમે એવું કરી શકશો નહીં. કારણ કે દેશભરના વેપારીઓએ આ દિવસે નો UPI ડે મનાવવાની જાહેરાત કરી છે. એટલે કે આ દિવસે દેશભરમાં કોઈ પણ વેપારી કે દુકાનદાર UPIથી ચુકવણી સ્વીકારશે નહીં. મહારાષ્ટ્ર ચેમ્બર ઑફ કોમર્સ, ઈન્ડસ્ટ્રી એન્ડ એગ્રીકલ્ચર (MACCIA)ના અધ્યક્ષ રવીન્દ્ર મંગવેએ જણાવ્યું કે આ આંદોલન માત્ર મહારાષ્ટ્ર સુધી સીમિત નહીં રહે, પરંતુ દેશભરના 500થી વધુ અગ્રણી વેપારી સંગઠનો તેમાં ભાગ લેશે. આ દિવસે વેપારી સંગઠનો 15 ઑક્ટોબરથી 2,000 રૂપિયાથી વધુના ટ્રાન્ઝેક્શન પર લાગતા 0.4% ચાર્જના વિરોધમાં પ્રદર્શન કરશે. વેપારીઓની માંગ છે કે આ ચાર્જ હટાવવામાં આવે. આ દરમિયાન વેપારીઓ QR કોડ, સ્કેનર, સાઉન્ડ બોક્સ અને અન્ય ડિજિટલ પેમેન્ટ ડિવાઈસને કાળા કપડાથી ઢાંકીને વિરોધ કરશે. AICPDFના રાષ્ટ્રીય અધ્યક્ષ ધૈર્યશીલ પાટિલે જણાવ્યું કે રિટેલ વેપારીઓ અને ડિસ્ટ્રિબ્યુટરો ખૂબ જ ઓછા માર્જિન પર કામ કરે છે. ડિજિટલ વ્યવહારો પર વધારાનો ચાર્જ લાદવાથી વેપાર ખર્ચ વધશે. ડિજિટલ પેમેન્ટનો હેતુ પ્રક્રિયાને સરળ બનાવવાનો હોવો જોઈએ.

# વાડજ ઓવરબ્રિજનું લોકાર્પણ થતાં વાહનચાલકોને ટ્રાફિકજામમાંથી મળશે રાહત

## મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે નવનિર્મિત ઓવરબ્રિજ ખુલ્લો મુકાયો; સમય અને ઈંધણની બચત સાથે વાડજ વિસ્તારમાં અવરજવર બનશે સરળ






- **વાડજ સર્કલ પર Y આકારનો ઓવરબ્રિજ |** વાડજ જંકશન પર મ્યુનિસિપલ કોર્પોરેશને રૂ.62 કરોડના ખર્ચે ફોર લેન ઓવરબ્રિજ બનાવ્યો છે. આ બ્રિજ બનવાથી ઉસ્માનપુરા, રાણીપ, ગાંધીઆશ્રમ, ભીમજીપુરા, શાહીબાગ આવતા જતા વાહન ચાલકોને રાહત થશે. વાડજ સર્કલ પરની વર્ષો જૂની ટ્રાફિકની સમસ્યાનો પણ અંત થશે અને અંદાજિત 1.50 લાખ વાહન ચાલકોને તેનો લાભ થશે.
- **વાડજથી રાણીપ અને ગાંધીઆશ્રમ તરફ બે છેડા ઉતરશે |** વાડજ જંકશન પર બનેલા ઓવરબ્રિજના બે ફાંટા પડશે. એક ફાંટો ઉસ્માનપુરાથી રાણીપ તરફ આશરે 700 મીટર તથા 15 મીટર પહોળાઈમાં ફોરલેન તથા બીજો ઉસ્માનપુરાથી ગાંધી આશ્રમ તરફ અંદાજિત 365 મીટર તથા 5.5 મીટર પહોળાઈમાં બનાવાયો છે.
- **મકરબા રેલવે ઓવરબ્રિજથી 1.5 લાખ વાહનચાલકોને રાહત |** અમદાવાદ બોટાદ રેલવે લાઈન પર મકરબા રેલવે ઓવરબ્રિજનું કામ 30 સપ્ટેમ્બર 2023ના રોજ શરૂ કરવામાં આવ્યું હતું અને માર્ચ 2025માં પૂર્ણ થવાનું આયોજન હતું. જોકે, કામગીરી દરમિયાન ડ્રેનેજ લાઈન તૂટી જવાથી કામમાં વિક્ષેપ પડ્યો હતો. આ ઉપરાંત બ્રિજ વિભાગને યુટિલિટી માટે આપવામાં આવેલા નકશા કરતાં વધુ લાઈનો મળી આવતાં પિલ્લરની ડિઝાઈનમાં ફેરફાર કરવાની જરૂર પડી હતી. રેલવે તરફથી પણ કામગીરીમાં વિલંબ થયો હતો. આ કારણોસર બ્રિજનું કામ નિર્ધારિત સમય કરતાં આશરે દોઢ વર્ષ મોડું પૂર્ણ થયું. 800 મીટરથી વધુ લાંબા મકરબા રેલવે ઓવરબ્રિજ પાછળ 98.60 કરોડ રૂપિયાનો ખર્ચ થયો છે. બ્રિજ શરૂ થયા બાદ સરખેજ જુહાપુરાથી એસજી હાઈવે તરફ જવા માટે અને એસજી હાઈવેથી સરખેજ-જુહાપુરા જવા માટે અંદાજે 1.5 લાખ વાહનચાલકોને રાહત મળશે.

અમદાવાદ

ગુજરાતની આર્થિક રાજધાની અને મહાનગર અમદાવાદમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ટ્રાફિક વ્યવસ્થાપનને વધુ મજબૂત બનાવવાની દિશામાં રાજ્ય સરકાર દ્વારા વધુ એક મહત્વપૂર્ણ કદમ ભરવામાં આવ્યું છે. અમદાવાદ શહેરના ગીચ અને વ્યસ્ત ગણાતા એવા વાડજ વિસ્તારના નવનિર્મિત ઓવરબ્રિજનું લોકાર્પણ રાજ્યના માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ સાહેબના વરદ હસ્તે અત્યંત ઉત્સાહપૂર્ણ માહોલમાં સંપન્ન થયું છે. લાંબા સમયથી પ્રતીક્ષિત આ ઓવરબ્રિજ શરૂ થવાથી સ્થાનિક રહીશો અને દૈનિક અવરજવર કરતા હજારો વાહનચાલકોના ચહેરા પર ખુશીની લહેર છવાઈ ગઈ છે.

વાડજ અને તેની આસપાસનો વિસ્તાર હંમેશાં ભારે વાહનોની અવરજવર અને પીક અવર્સમાં સર્જાતા ટ્રાફિક જામ માટે જાણીતો હતો. જેના કારણે નોકરીયાતો, વિદ્યાર્થીઓ અને વેપારીઓનો કિંમતી સમય બગડતો હતો તેમજ ઈંધણનો પણ ભારે વ્યય થતો હતો. આ સમસ્યાનું કાયમી નિવારણ લાવવા માટે અત્યાધુનિક સુવિધાઓથી સજ્જ આ ઓવરબ્રિજનું નિર્માણ કરવામાં આવ્યું છે. આ બ્રિજ કાર્યરત થવાથી વાહનચાલકો હવે સિગ્નલ ફ્રી મુસાફરીનો આનંદ માણી શકશે અને ટ્રાફિકની ઝંઝાળમાંથી મુક્ત થઈને નિર્ધારિત સમયે પોતાના ગંતવ્ય સ્થાને પહોંચી શકશે. વાડજ ઓવરબ્રિજના લોકાર્પણ પ્રસંગે ગુજરાત સરકાર અને સંગઠનના અનેક દિગ્ગજ નેતાઓ અને પદાધિકારીઓ વિશેષરૂપે ઉપસ્થિત રહ્યા હતા.

**પોલીસ વગરના પ્રાઈવેટ લોકો ચાલુ વાહનોના ફોટો પાડીને પ્રજાને હેરાન કરે છે!**

# અમદાવાદ ગ્રામ્યના બોપલ પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં ટ્રોઈંગ વેનના નામે બેફામ લૂંટ

અમદાવાદ

અમદાવાદ ગ્રામ્યના બોપલ પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી કાયદો અને વ્યવસ્થાને લઈને એક અત્યંત ચોંકાવનારો અને રોષ ફેલાવતો કિસ્સો સામે આવ્યો છે. ટ્રાફિક નિયમનના નામે ચાલી રહેલી મનમાની હવે તમામ હદો વટાવી ચૂકી છે, જ્યાં સામાન્ય જનતા પર દંડાવાળા ખુંદાતા હોય તેમ લાગી રહ્યું છે.

ઘટના એવી છે કે બોપલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં કોઈ પણ જવાબદાર પોલીસ કર્મચારી વગર માત્ર એક ટ્રોઈંગ વેન ખુલ્લેઆમ ફરી રહી છે. આ વેનની સાથે કોઈ પોલીસ અધિકારી કે કર્મચારી હાજર નથી, પરંતુ પ્રાઈવેટ લોકો ખુલ્લેઆમ રસ્તા પર દોડતી અને ચાલતી સામાન્ય જનતાની કારોના



ફોટોગ્રાફ્સ ક્લિક કરી રહ્યા છે. જ્યારે જાગૃત નાગરિકો દ્વારા આ ગેરકાયદેસર કામગીરી સામે સવાલ કરવામાં આવ્યો અને પૂછપરછ કરવામાં આવી, ત્યારે આ પ્રાઈવેટ લોકોએ રોફ જમાવતા ચોંકાવનારો જવાબ આપ્યો હતો. તેમણે સ્પષ્ટ જણાવ્યું કે, બોપલ પોલીસ સ્ટેશનના દિગ્વિજયસિંહ નામના હેડ કોન્સ્ટેબલે તેમને ફોટો ક્લિક કરવા અને દંડ ફટકારવાની સત્તા આપી છે!

સવાલ એ થાય છે કે શું પોલીસ વિભાગ હવે પોતાની સત્તાઓ પ્રાઈવેટ એજન્ટો કે ઈસમોને વહેંચી રહ્યું છે? શું કાયદો હાથમાં લેવાની છૂટ આ રીતે આપી શકાય? ખાસ વાત તો એ છે કે બોપલ પોલીસ સ્ટેશનની બરાબર બહાર જ કાળા કાચવાળી અને ગેરકાયદેસર ગાડીઓ બેફામ ઊભી હોય છે, પરંતુ આ પ્રાઈવેટ લોકોની કે ટ્રોઈંગ વેન વાળાની હિંમત નથી થતી કે તે પોલીસ સ્ટેશન બહાર ઊભેલી તેવી ગાડીઓના ફોટો પાડી શકે. કાયદાના રક્ષકોની નજર સામે જ નિયમોની ધજાગિયા ઉડે છે, પરંતુ તેમની સામે આંખ આડા કાન કરવામાં આવે છે. જ્યારે સામાન્ય પ્રજાનો વારો આવે ત્યારે આ જ લોકો તુમાખી અને રોફ સાથે રસ્તા પર નીકળી પડે છે.

# અમદાવાદના વેજલપુરમાં ક્રાઈમ બ્રાન્ચ, SOG અને દિલ્હી પોલીસનું મેગા અને ઘાતક સંયુક્ત ઓપરેશન

## ગોલ્ડી બ્રાર ગેંગના કુખ્યાત શાર્પશૂટર અને ઓપરેટિવ 'આરીફ ઉર્ફે પિસ્તોલ'ની દડાની જેમ ધૂળ ચટાડીને ધરપકડ!

અમદાવાદ

ગુજરાત અને દેશભરમાં હાહાકાર મચાવતી કુખ્યાત ગેંગ્સ સામે હવે સુરક્ષા એજન્સીઓ અને પોલીસે સકંજો વધુ કડક કરી દીધો છે. અમદાવાદ શહેરના પોશ ગણાતા વેજલપુર વિસ્તારમાંથી ક્રાઈમ બ્રાન્ચ, સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ (SOG) અને દિલ્હી પોલીસની સ્પેશિયલ ટીમ દ્વારા એક અત્યંત ખતરનાક, આયોજનબદ્ધ અને સનસનીખેજ સંયુક્ત ઓપરેશન પાર પાડવામાં આવ્યું છે. આ રેડ દરમિયાન કુખ્યાત આંતરરાષ્ટ્રીય ગેંગસ્ટર ગોલ્ડી બ્રાર ગેંગના મોસ્ટ વોન્ટેડ અને ખતરનાક ઓપરેટિવ એવા 'આરીફ ઉર્ફે પિસ્તોલ' ને પોલીસે પકડી પાડવામાં મોટી સફળતા મેળવી છે. આ ધરપકડથી ગુનાહિત જગતમાં મોટો ભૂકંપ સર્જાયો છે. પકડાયેલો કુખ્યાત આરોપી આરીફ ઉર્ફે પિસ્તોલ સામાન્ય અપરાધી નથી, પરંતુ તે ગુનાખોરીની દુનિયાનું એક મોટું અને ખતરનાક પ્યાદું છે. તેની વિરુદ્ધ હત્યાનો પ્રયાસ (Attempt to Murder), ખુલ્લેઆમ ફાયરિંગ કરવું, મોટા પાયે ખંડણી (Extortion) વસૂલવી અને ગન કલ્ચરને પ્રોત્સાહન આપવા જેવા અસંખ્ય ગંભીર ગુનાઓ રાજ્ય અને દેશના અલગ-અલગ પોલીસ સ્ટેશનોમાં નોંધાયેલા છે. કુલ મળીને ૧૧ જેટલા ગંભીર ગુનાઓમાં તે લાંબા સમયથી વોન્ટેડ હતો અને પોલીસ ચોપડે ફરાર ચાલી રહ્યો હતો. તેની ગુનાખોરીની પ્રવૃત્તિઓ એટલી હદ સુધી વધી ગઈ હતી કે સુરક્ષા એજન્સીઓની નાની-મોટી તમામ ટીમો તેની પાછળ પડી ગઈ હતી. પ્રાથમિક તપાસમાં ચોંકાવનારા ખુલાસા થયા છે કે આરીફ માત્ર એક શૂટર ન હતો, પરંતુ તે ગોલ્ડી બ્રાર અને લોરેન્સ બિશ્નોઈ જેવા કુખ્યાત સિન્ડિકેટ માટે મુખ્ય ઓપરેશનલ હેન્ડલર તરીકે કામ કરતો હતો. તે દેશ-વિદેશમાં બેઠેલા ગેંગસ્ટરોના ઈશારે ભારતમાં મોટા ઉદ્યોગપતિઓ, વેપારીઓ અને ધનિકોને ટાર્ગેટ કરીને દુબઈ અને અન્ય વિદેશી નંબરોથી ધમકીભર્યા ફોન કોલ્સ કરાવવામાં અને આતંક ફેલાવવામાં મદદ કરતો હતો.

**રોંગ સાઈડમાં વાહન હાંકનારાઓ સામે દાખલ થશે સીધા ગુના**

# હવે ટ્રાફિક નિયમો તોડવા પડશે ભારે, પોલીસ કમિશનર મેદાનમાં ઉતર્યા

અમદાવાદ

અમદાવાદ શહેરમાં ટ્રાફિકની અનિયમિતતા અને બેફામ વાહનચાલકો સામે અમદાવાદ શહેર પોલીસે હવે આરપારની લડાઈનો મૂડ બનાવી લીધો છે. માર્ગ સલામતી અને ટ્રાફિક નિયમોના ચુસ્ત પાલનને લઈને પોલીસે એક મોટું અને પ્રભાવશાળી જાગૃતિ અભિયાન શરૂ કર્યું છે, જેની શરૂઆત નવરંગપુરા સ્ટેડિયમ ખાતેથી ભવ્ય બાઈક રેલી યોજીને કરવામાં આવી હતી. આ ઘાતક અને જોરદાર અભિયાનની વિશેષતા એ રહી કે માત્ર સામાન્ય કર્મચારીઓ જ નહીં, પરંતુ ખુદ પોલીસ કમિશનર અનુપમસિંહ ગેહલોત પણ બાઈક પર સવાર થઈને રેલીમાં જોડાયા હતા અને શહેરમાં સુરક્ષિત વાહનવ્યવહારનો સ્પષ્ટ સંદેશ આપ્યો હતો. નવરંગપુરા સ્ટેડિયમથી શરૂ થયેલી આ અંદાજે ચાર કિલોમીટર લાંબી બાઈક રેલીમાં મોટી સંખ્યામાં પોલીસ અધિકારીઓ અને જવાનો જોડાયા હતા. રેલીના માર્ગ પર વિવિધ આકર્ષક અને લોકજાગૃતિ ફેલાવતા પોસ્ટરો પ્રદર્શિત કરવામાં આવ્યા હતા, જેના દ્વારા નાગરિકોને ટ્રાફિકના




નિયમો જીવનનો મંત્ર બનાવવા અપીલ કરાઈ હતી. રેલીના પ્રારંભ પહેલા તમામ પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓએ ટ્રાફિક નિયમોનું આજીવન પાલન કરવાના તેમજ માર્ગ અકસ્માત સમયે કોઈપણ અચકાટ વગર ઈજાગ્રસ્તોને તાત્કાલિક મદદરૂપ બનવાના સામૂહિક શપથ લીધા હતા. ખાખી વર્દીવાળાએ પહેલા ખુદ નિયમો પાલન કરવાનો સંકલ્પ લઈને પ્રજા સમક્ષ એક ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે. બીજી બાજુ, પોલીસે હવે કડક વલણ અપનાવવાની સંપૂર્ણ તૈયારી કરી લીધી છે. શહેર પોલીસે અલગ-અલગ વિસ્તારોમાં સર્વે કરીને એવા તમામ ચોક અને માર્ગોની યાદી તૈયાર કરી છે જ્યાં સૌથી વધુ ટ્રાફિકના નિયમો ભંગ થાય છે.

## શહેરમાં ડિલિવરી વાન દ્વારા દારૂની હેરાફેરીનો પર્દાફાશ

અમદાવાદ

અમદાવાદમાં ડિલિવરી વાન દ્વારા દારૂની હેરાફેરીનો પર્દાફાશ થયો છે. સોલા પોલીસે ગોતા બ્રિજ પાસે વોચ ગોઠવી ગાંધીનગરથી આવતી વાનમાંથી 10.35 લાખનો 2244 બોટલ વિદેશી દારૂ ઝડપ્યો. પોલીસે બ્રજવીરસિંઘ જાટ નામના ડ્રાઈવરની ધરપકડ કરી, જેણે જુહાપુરાના રાજા ઉર્ફે કાલુ પાસેથી દારૂ મેળવી અંજલિ ચાર રસ્તા પહોંચાડવાનો હતો. પોલીસે 15 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. અમદાવાદમાં હવે ડિલિવરી વાનથી દારૂની હેરાફેરી થતી હોવાની એક ચોંકાવનારી ઘટના સામે છે. સોલા પોલીસે મળેલી બાતમીના આધારે એસજી હાઈવે પર આવેલા ગોતા બ્રિજ પાસે વોચ ગોઠવી હતી. આ દરમિયાન ગાંધીનગર તરફથી આવતી એક ડિલિવરી વાનને અટકાવીને તેની તપાસ કરતાં અંદરથી મોટી માત્રામાં વિદેશી દારૂનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે વાહન ચાલકની સ્થળ પરથી જ ધરપકડ કરી લીધી છે અને આ દારૂ મોકલનાર તેમજ મેળવનાર મુખ્ય આરોપીઓની શોધખોળ શરૂ કરી છે.

# અસારવામાં ખળભળાટ: પાણીની ટાંકીમાંથી મળી આવ્યું માનવ કંકાલ

## AMC કર્મચારીની સતર્કતાથી પોલીસને કરાઈ જાણ!

અમદાવાદ

અમદાવાદ શહેરમાંથી એક અત્યંત ચોંકાવનારી અને ડરામણી ઘટના સામે આવી છે, જેના કારણે સમગ્ર વિસ્તારમાં ભારે ચર્ચા અને સનસનાટી મચી ગઈ છે. શહેરના મધ્યમાં આવેલા અસારવા વિસ્તારમાં આવેલી પાણીની ટાંકીમાંથી અચાનક એક માનવ કંકાલ મળી આવતા હાહાકાર મચી ગયો છે. જે પાણી પીવા માટે લોકો ઉપયોગ કરતા હોય અથવા જે ટાંકી સાથે નાગરિકોની સ્વાસ્થ્ય સુરક્ષા જોડાયેલી હોય, તેવી પાણીની ટાંકીમાંથી માનવ કંકાલ નીકળવું એ તંત્રની મોટી લાપરવાહી અને સુરક્ષા પર સવાલો ઊભા કરે છે. ઘટનાની વિગતો મુજબ, મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) ના એક કર્મચારી દ્વારા ટાંકીની સફાઈ કે નિરીક્ષણ દરમિયાન આ ભયાનક દ્રશ્ય જોવામાં આવ્યું હતું. AMC ના આ કર્મચારીએ તાત્કાલિક પોતાની ફરજ અને સતર્કતા દાખવતા સ્થાનિક પોલીસને આ અંગેની સત્વરે જાણ કરી હતી. કર્મચારીની સમયસૂચકતાના કારણે મામલો બહાર આવ્યો છે, નહીંતર કેટલાય દિવસો સુધી આ રહસ્ય દબાયેલું રહી શકત. માહિતી મળતા જ શાહીબાગ પોલીસ સ્ટેશનનો કાફલો તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવ્યો હતો. પોલીસે અસારવા પાણીની ટાંકીમાંથી મળી આવેલા આ માનવ કંકાલનો કબ્જો મેળવીને તેને આગળની વૈજ્ઞાનિક તપાસ માટે FSL (ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી)માં મોકલી આપ્યો છે. હાલ તો પોલીસે પ્રાથમિક તબક્કે અકસ્માત મોત (AD) નો ગુનો નોંધીને સઘન તપાસનો ધમધમાટ શરૂ કરી દીધો છે. સવાલ એ થાય છે કે આ માનવ કંકાલ પાણીની ટાંકી સુધી કેવી રીતે પહોંચ્યું? શું કોઈની હત્યા કરીને લાશને અહીં છૂપાવવામાં આવી હતી કે પછી આ કોઈ ગંભીર રહસ્યમય કાવતરું છે? આ ટાંકી સુરક્ષિત હોવા છતાં તેમાં કોઈ અજાણી વ્યક્તિ કેવી રીતે પ્રવેશી શકી અથવા મૃતદેહ અંદર પહોંચ્યો તે એક મોટો ભેદ છે.

શાહીબાગ પોલીસ અને FSL ટીમ આ મામલે ઊંડાણપૂર્વક તપાસ કરી રહી છે.

# સંક્ષીપ્ત સમાચાર

## અમદાવાદ પૂર્વમાં 181 અભયમની સમજાવટ બાદ મહિલાને 2,200નું બાકી મહેનતાણું ચૂકવાયું

અમદાવાદ પૂર્વમાં આર્થિક મુશ્કેલીના કારણે ખાનગી એજન્સી મારફતે રેસિડેન્સીમાં સફાઈ કામ કરતી મહિલાએ 7 દિવસ સુધી ફરજ બજાવી હતી. અચાનક બીમાર પડતાં હોસ્પિટલમાં સારવાર લીધા બાદ ડોક્ટરની સલાહથી મહિલાએ થોડા સમય માટે નોકરી પર જવાનું બંધ કર્યું હતું. બાકી રહેલું 7 દિવસનું મહેનતાણું લેવા સુપરવાઈઝર પાસે પહોંચતાં પગાર આપવાનો ઈનકાર કર્યો હતો. સિક્યોરિટી ગાર્ડની સલાહથી મહિલાએ 181 અભયમનો સંપર્ક કર્યો હતો. 181ની ટીમે મહિલાનું કાઉન્સેલિંગ કરી જરૂરી કાયદાકીય માર્ગદર્શન આપ્યું હતું. બાદમાં સુપરવાઈઝર સાથે વાતચીત કરી મહિલાએ કરેલા કામનું મહેનતાણું ચૂકવવા સમજાવતાં અંતે સુપરવાઈઝરે 2,200 ચૂકવી દીધા હતા. મહેનતના પૈસા મળતાં મહિલાની આંખોમાં ખુશીના આંસુ આવી ગયા હતા.

## શાહપુરમાં 8 વર્ષીય બાળકી સાથે પાડોશીએ ધાબા પર લઈ જઈ અડપલા કર્યા, પોક્સો હેઠળ ગુનો દાખલ

અમદાવાદના શાહપુર વિસ્તારમાં 8 વર્ષીય બાળકી સાથે શરમજનક કૃત્ય આચરવામાં આવ્યું છે. પોળમાં જ રહેતા એક શખસે ખાણીપીણીની લાલચ આપી બાળકીને ધાબા પર લઈ જઈ છેલ્લા 4-5 દિવસથી અડપલાં કર્યા હતા. માતાને શંકા જતાં ભાંડો ફૂટ્યો અને પરિવારે શાહપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી. પોલીસે પોક્સો સહિતનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. અમદાવાદના શાહપુર વિસ્તારમાં રહેતી આઠ વર્ષીય બાળકીને ખાણીપીણીની લાલચ આપી પોળના ધાબા પર લઈ જઈ અડપલા કરવામાં આવ્યા હોવાની શરમજનક ઘટના સામે આવી છે. પોળમાં જ રહેતા એક શખસે બાળકી સાથે છેલ્લા ચાર-પાંચ દિવસથી આ પ્રકારનું કૃત્ય આચર્યું હોવાનો ઘટસ્ફોટ થતાં પરિવારે શાહપુર પોલીસ સ્ટેશનમાં આ મામલે ફરિયાદ નોંધાવી છે. પોલીસે ફરિયાદના આધારે પોક્સો સહિતનો ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

## મહિલા પીઆઇની પતિ અને સાસરિયાઓ સામે ફરિયાદ : સાસુ-નણંદ માનસિક ત્રાસ આપતા

અમદાવાદમાં રહેતાં મહિલા પીઆઈએ સાસરિયાઓ સામે માનસિક ત્રાસ આપતા હોવાની ફરિયાદ નોંધાવી છે. લગ્નના બીજા જ દિવસથી સાસરિયાઓ દ્વારા દહેજ માટે ત્રાસ આપતા હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. ફરિયાદમાં એવો પણ આક્ષેપ છે કે પતિ દારૂ પીતો અને શારીરિક સંબંધ બાંધવામાં અસમર્થ હોવાથી જબરજસ્તી અકુદરતી સંબંધ બાંધતો હતો. સમગ્ર મામલે મહિલા પીઆઈએ પતિ સહિત સાસરિયાઓ સામે મહિલા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. અમદાવાદમાં રહેતા 31 વર્ષીય મહિલા પીઆઈ છેલ્લા 8 વર્ષથી પોલીસ વિભાગમાં ફરજ બજાવે છે. પીઆઈએ વર્ષ 2023માં લગ્ન કર્યા હતા. લગ્નના બીજા દિવસથી પતિ, સાસુ-સસરા અને નણંદે દહેજ બાબતે મહેણા મારીને ત્રાસ આપવાનું શરૂ કર્યુ હતું.

## ઓઢવ રિંગ રોડ પરથી MD ડ્રગ્સ સાથે 48 વર્ષીય શખસ ઝડપાયો, રાજસ્થાનના સાંચોરથી લાવ્યો હતો જથ્થો

અમદાવાદના ઓઢવમાં SP રિંગ રોડ પર કારમાં MD ડ્રગ્સની ડિલિવરી કરવા આવેલા કઠવાડાના 48 વર્ષીય જીતેન્દ્ર ડગ્ગાને પોલીસે ઝડપી લીધો હતો. તેની પાસેથી 10.265 ગ્રામ MD ડ્રગ્સ, કાર, મોબાઈલ સહિત કુલ 2.84 લાખનો મુદ્દામાલ જપ્ત થયો છે. આરોપીએ દાણીલીમડાના સાગરીત અરબાઝ સાથે રાજસ્થાનના સાંચોરથી ડ્રગ્સ લાવ્યાની કબૂલાત કરી. પોલીસે 3 શખસો સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. અમદાવાદના ઓઢવ વિસ્તારમાં એસ.પી. રિંગ રોડ પર અક્ષર પુરુષોત્તમનગર સોસાયટી નજીક કારમાં મેફેડ્રોન ડ્રગ્સની ડિલિવરી કરવા આવેલા કઠવાડાના યુવકને પોલીસે ઝડપી લીધો હતો. પોલીસે આરોપી પાસેથી 10 ગ્રામ 265 મિલીગ્રામ MD ડ્રગ્સ, કાર, મોબાઈલ અને રોકડ સહિત કુલ 2.84 લાખ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

## પાઠ્યપુસ્તક મંડળે તપાસના આદેશ આપ્યા:ફ્રીમાં અપાતું પાઠ્યપુસ્તક ઓનલાઇન વેચાતાં વિવાદ

રાજ્ય સરકાર દ્વારા ફ્રીમાં અપાતાં પાઠ્યપુસ્તકો ઈ- કોમર્સ વેબસાઈટ પર વેચાતા વિવાદ થયો છે. કોંગ્રેસ દ્વારા આક્ષેપ કરાયો હતો કે, જે પાઠ્યપુસ્તકો ગરીબ અને જરૂરિયાતમંદ બાળકોના શિક્ષણ માટે આપવાનાં હતાં તે પુસ્તકો ઓનલાઈન પૈસાથી વેચાઈ રહ્યાં છે. આ સમગ્ર ઘટના બાદ પાઠ્યપુસ્તક મંડળે ઈ-કોમર્સ વેબસાઈટ પાસેથી વેચાણ કરનારા વેપારીની માહિતી માગી છે. તપાસ બાદ વેપારી જો ફ્રીમાં અપાતાં પાઠ્યપુસ્તકો વેચતો હશે તો તેની સામે કાર્યવાહી કરાશે. પાઠ્યપુસ્તક મંડળે વિદ્યાર્થીઓને સરળતાથી ઘરે પુસ્તકો મળી રહે તે માટે પ્રોજેક્ટ શરૂ કર્યો હતો. જેમાં ઈ-કોર્મસ સાઈટ સાથે એમઓયુ કરાયું હતું. પરંતુ આ પ્લેટફોર્મ પરથી માત્ર કોમર્શિયલ વેચાણ માટે મૂકેલાં પુસ્તકો જ વેચી શકાય છે. પરંતુ આ સાઈટ પર કોઈ વેન્ડરે સરકાર દ્વારા ફ્રીમાં અપાતાં પુસ્તકોને ઓનલાઈન વેચાણ માટે મુકી દીધાં હતાં.

આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃત્તિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, સામાજિક, ધાર્મિક પ્રવૃત્તિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad – 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI